દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 25 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 January 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૩૦ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

મોટાભાઈ.. ગુજરાતી, કચ્છી, રાજસ્થાની અને જૈન પ્રવાસીઓ ની હરહંમેશ પહેલી પસંદ.. એટલે કે ફોરમ વર્લ્ડવાઈડ હોસ્પિટાલિટી

FORAM® WORLDWIDE
#ChaloForamKeSang

PURE VEG JAIN

CHOOSE Your 2026 EUROPEAN THRILL













હાર્ટ ઓફ સ્વિટ્ઝર્લૅન્ડ ઇન્ટરલૅકન માં 4 રાત્રી મુકામ (ફક્ત અમારી સાથે)

- ફક્ત અમારી સાથે માણો સ્વિટ્ઝર્લૅન્ડ ના 3 MOUNTAINS - MT. TITLIS WITH ICE FLYER, JUNGFRAU, HARDER KULM WITH FUNICULAR RIDE
- સવાર - બપોર - સાંજ અમારા રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ ઘર જેવી રસોઈ ( જૈન પણ )
- દરેક સ્થળે કિચન કેરેવાન ની સુવિધા ( SWIZTERLAND & PARIS માં પણ )
- અગત્ય ના બધાજ જોવા લાયક સાઈટસીઈંગ નો સમાવેશ

- સવાર અને સાંજે ગરમાગરમ મસાલા ચા
- 11 સુંદર શહેરો ની મુલાકાત
- RHINE FALLS માં બોટ રાઈડ
- GSTAAD - DDLJ પોઈન્ટ
- પેરિસ બાઈ નાઈટ ટુર
- એકેન્સી લેક ક્રુઝ

PIONEER
કિચન કેરેવાન ટુર સ્પેશ્યાલિસ્ટ




12 DAYS
MAJESTIC BRITAIN
Exclusive Kitchen Caravan Tour For London-Scotland-Ireland






- રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ પ્યોર વેજ અને જૈન સ્વાદિષ્ટ ભોજન
- વિશ્વવિખ્યાત Oxford University ની ગાઈડેડ ટુર
- Shakespeare House ની અંદરથી મુલાકાત
- સ્કોટલેન્ડના પ્રખ્યાત Whiskey Museum ની મુલાકાત વ્હિસ્કી ટેસ્ટિંગ સાથે
- ઐતિહાસિક Edinburgh Castle ની ગાઈડેડ ટુર
- Tower of London (કોહિનૂર હીરા સહિત) ની ગાઈડેડ ટુર

- Birmingham ની મુલાકાત
- Manchester City Stadium ની ગાઈડેડ ટુર
- Inverness અને વર્લ્ડ હેરિટેજ સાઇટ સાથે Full Day Loch Ness Tour
- આયર્લેન્ડની પ્રસિદ્ધ Giant's Causeway ની મુલાકાત
- Titanic Museum ની મુલાકાત
- Game of Thrones ની પ્રખ્યાત લોકેશન Dark Hedges ની મુલાકાત

CHOOSE THE COMPANY THAT DELIVERS – NOT DIVERTS

OTHER EUROPEAN TOURS WITH MAHARAJ

SCANDINAVIA WITH LOFOTEN ISLANDS | UK SCOTLAND WITH IRELAND | GREECE | ICELAND | EASTERN EUROPE WITH CROATIA | ARCTIC | SPAIN-PORTUGAL

SCAN HERE

DINESH 8591728602 | BHAKTI 9321236935 | DIVYA 9833998338 | DHRUV 8169369686 | JAY 9167008678
HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900
BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000

WWW.FORAMWORLDWIDE.COM I INFO@FORAMWORLDWIDE.COM I FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE

દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 25 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 January 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૩૦ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સોના-ચાંદીમાં રેકૉર્ડબ્રેક તેજી

## રાજકીય તણાવ અને રેટકટના આશાવાદમાં સિલ્વરમાં ૨૧,૭૨૧ અને ગૉલ્ડમાં ૧૦,૭૦૫ રૂપિયા વધ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવ ઉપરાંત અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૫૫૯૪.૮૨ ડૉલરની અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૧૨૦.૪૫ ડૉલરની સપાટી કુદાવીને પાછા ફર્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦,૬૬૨થી ૧૦૭૦૫ની અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૧,૭૨૧ની આગઝરતી તેજી આવી હતી, જેમાં શુદ્ધ સોનાએ વેરારહિત ધોરણે ૧.૭૫ લાખની સપાટી પાર કરી હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ ૨૧,૭૨૧ રૂપિયા વધીને ૩,૭૯,૯૮૮ રૂપિયાની સપાટીએ બંધ રહ્યા હતા.

જોકે, ઊંચી સપાટીએથી જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ હતો અને માત્ર ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ રહી હતી. તે જ પ્રમાણે વેરારહિત ધોરણે હાજરમાં ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦,૬૬૨ રૂપિયા વધીને ૧,૭૪,૬૩૮ રૂપિયાના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦,૭૦૫ રૂપિયા વધીને ૧,૭૫,૩૪૦ રૂપિયાના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ માત્ર રોકાણલક્ષી છૂટીછવાઈ માગ હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૫૬૦૦ ડૉલરની લગોલગ ૫૫૯૪.૮૨ ડૉલર સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૨.૧ ટકા વધીને (જુઓ પાનું ૨) ▶▶

## સર્વેના ૧૫ મુખ્ય મુદ્દા

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે ગુરુવારે સંસદમાં આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ રજૂ કર્યું હતું, જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

(૧) આગામી નાણાકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિ દર ૬.૮-૭.૨ ટકા રહેવાનો અંદાજ

(૨) નાણાકીય વર્ષ ૨૦૨૭ના વિકાસ દરનો અંદાજ ચાલુ નાણાકીય વર્ષ માટેના અંદાજિત ૭.૪ ટકાના વૃદ્ધિ દરથી ઓછો છે.

(૩) મધ્યમ ગાળામાં વિકાસની ક્ષમતા ૭ ટકા રહેવાનો અંદાજ છે, વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે અર્થવ્યવસ્થા સતત મજબૂત થઈ રહી છે. (૪) જીએસટીમાં (જુઓ પાનું ૨) ▶▶

### ૬.૮- ૭.૨ ટકાના વૃદ્ધિદરના અંદાજ સાથે આર્થિક સર્વેક્ષણ ચીપિયો પછાડીને કહે છે

## સૌથી ઝડપથી વિકસતી ઈકૉનૉમી ભારતની જ રહેશે

નવી દિલ્હીઃ દેશની અર્થવ્યવસ્થાની સ્થિતિ મજબૂત છે અને સુધારાઓને કારણે આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં જીડીપી વૃદ્ધિ દર ૬.૮ થી ૭.૨ ટકાની વચ્ચે રહેવાનો અંદાજ છે. આ અંદાજ જગતમાં સૌથી ઝડપથી વિકાસના અર્થતંત્ર તરીકે ભારતના મોભાને સમર્થન આપે છે. સંસદમાં ગુરુવારે રજૂ કરાયેલા આર્થિક સર્વેમાં આ વાત કરવામાં આવી હતી. આ વર્તમાન નાણાકીય વર્ષ માટેના ૭.૪ ટકાના અંદાજ કરતા થોડો ઓછો (જુઓ પાનું ૨) ▶▶

## બાળકોના સોશ્યલ મીડિયાના ઉપયોગ પર બૅન લગાવો

નવી દિલ્હીઃ બાળકો માટે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધના ઈશારાને ધ્યાન પર લેતાં સરકારના ઈકોનોમિક સર્વેએ ગુરુવારે કહ્યું હતું કે ડિજિટલ લતને ટાળવા ઑનલાઈન શિક્ષણ ઘટાડવાની સાથે સાથે ઑનલાઈન પ્લેટફૉર્મના વય આધારિત ઉપયોગને પણ ધ્યાન પર લેવામાં આવવું જોઈએ.

લોકસભામાં રજૂ કરવામાં (જુઓ પાનું ૨) ▶▶

## પ્રોસેસ્ડ ફૂડની જાહેરાત રાત્રે ૧૧ પછી જ દેખાડો

નવી દિલ્હીઃ અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ માટે ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું બજાર બની રહ્યું હોવા વચ્ચે ઉંચી માત્રામાં ચરબી, નમક અને સાકર ધરાવતાં ઉત્પાદનોના વધી રહેલા વપરાશ અંગે ઈકોનોમિક સર્વેએ ચિંતા વ્યક્ત કરી હતી અને સવારના છ વાગ્યાથી રાતના અગિયાર વાગ્યા દરમિયાન આ પ્રકારની ખાદ્યસામગ્રીની જાહેરાત દર્શાવવા પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી હતી.

બજેટ અગાઉ ગુરુવારે લોકસભામાં રજૂ કરવામાં આવેલા અહેવાલમાં બાળકોમાં મેદસ્વિતાનાં વધી રહેલા પ્રમાણ અંગે ચેતવણી આપી નવજાત શિશુ અને નાનાં બાળકો માટેનાં દૂધ અને અન્ય પીણાંનાં માર્કેટિંગ પર અંકુશ મૂકવાની પણ ભલામણ કરવામાં (જુઓ પાનું ૨) ▶▶

## ‘અજિત પવાર અમર રહો...’

### અજિતદાદાને અંતિમ વિદાય આપતા અમિત શાહે કહ્યું કે, આ શૂન્યાવકાશ ભરવો અસંભવ



**અંતિમ વિદાયઃ** બારામતીમાં ગુરુવારે અજિત પવારની અંતિમક્રિયા દરમ્યાન કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે પુષ્પાંજલિ આપી હતી. (એજન્સી)

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના ગુરુવારે બારામતીના વિદ્યા પ્રતિષ્ઠાન કોલેજના ગ્રાઉન્ડમાં સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. આ કોલેજની સ્થાપના પવાર પરિવાર દ્વારા કરવામાં આવી હતી. હજારો લોકો અંતિમ શ્રદ્ધાંજલિ આપવા માટે ભેગા થયા ત્યારે, પવારના પુત્રો, પાર્થ અને જય, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપના પ્રમુખ નીતિન નબીન અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. અજિત પવારના અંતિમ સંસ્કાર માટે હજારો શોકગ્રસ્તોએ ‘અજિત દાદા અમર રહે’ના નારા (જુઓ પાનું ૨) ▶▶

## સુનેત્રા અજિત પવાર બનશે ડેપ્યુટી સીએમ?

### એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષના પદે કોણ આવશે એની પણ રાજ્યના લોકોને ભારે ઉત્કંઠા



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું વિમાન બુધવારે બારામતીમાં ક્રેશ થયું હતું અને તેમનું રાજ્યના નાયબ મુખ્ય પ્રધાનનું પદ સુનેત્રા પવારને ઓફર કરવામાં આવશે એવું કહેવાઈ રહ્યું છે. સુનેત્રા પવાર તેમના સ્વર્ગસ્થ પતિ અજિત પવારની બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના રાષ્ટ્રીય પ્રમુખ બની શકે છે. બીજી તરફ એવી પણ ચર્ચા છે કે સુનેત્રા પવારને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવી શકે છે અને નાયબ મુખ્ય પ્રધાનની જવાબદારી કોઈ સિનિયર પ્રધાનને સોંપવામાં આવી શકે છે.

જોકે આ બંને નિર્ણય લેવા પહેલાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે ચર્ચા કરવામાં આવશે એવું કહેવાઈ રહ્યું છે. વરિષ્ઠ નેતાઓ એવી માગણી કરી રહ્યા છે (જુઓ પાનું ૨) ▶▶

## ઈન્સ્ટા પૉસ્ટ પછી સાધ્વીના શંકાસ્પદ મૃત્યુની બબાલ

### રાજસ્થાનમાં પ્રેમ બૈસાના મોતની નિષ્પક્ષ તપાસની ભક્તોની માગણી

જોધપુરઃ રાજસ્થાનમાં સાધ્વી પ્રેમ બૈસાનું તેમના આશ્રમમાં તાવની સારવાર દરમિયાન પડી જવાથી મૃત્યુ નીપજ્યું હોવાના અહેવાલ છે. સાધ્વીના શંકાસ્પદ મોતને કારણે તેમના ભક્તો ભારે રોષે ભરાયા છે. તેમજ અચાનક મોતની નિષ્પક્ષ તપાસની માગ કરી રહ્યા છે.

બુધવારે સાંજે તેમના મૃત્યુ પછી તેમના ઓફિશિયલ ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર પોસ્ટ કરવામાં આવેલી એક કથિત સુસાઇડ નોટએ સાધ્વીના મૃત્યુ અંગે વધુ પ્રશ્નાર્થ ખડા કર્યા છે. એસીપી(પશ્ચિમ) છવી શર્માએ જણાવ્યું કે પચીસ વર્ષીય સાધ્વીને તેના પિતા અને એક યુવક સાંજે છ વાગ્યાની આસપાસ કારમાં ખાનગી હોસ્પિટલ લઇ ગયા હતા. તપાસ બાદ ડોક્ટરોએ તેણીને મૃત જાહેર કર્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. પોસ્ટમોર્ટમ બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું કે સાધ્વીને તાવ હતો અને એક કમ્પાઉન્ડરને ઇન્જેક્શન આપવા માટે આશ્રમમાં બોલાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તે ઢળી પડી હતી. તેણીને આશ્રમમાં જ દવા આપવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું. સાધ્વીના મૃત્યુના સમાચાર ફેલાતા જ મોટી સંખ્યામાં ભક્તો આશ્રમમાં એકઠા થયા હતા. ભક્તોએ સાધ્વીના અચાનક અને શંકાસ્પદ મોતની નિષ્પક્ષ તપાસની માગ કરી હતી.

સાધ્વીએ લગભગ છ મહિના પહેલા પોલીસનો સંપર્ક કર્યો હતો અને તેના કેટલાક સ્ટાફ મેમ્બર એક વીડિયોને લઇને બ્લેકમેલ કરી રહ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો. તેણીએ આરોપ મૂક્યો હતો કે તેઓ તેની પ્રતિષ્ઠાને કલંકિત કરી રહ્યા હતા અને વીડિયો માટે ૨૦ લાખ રૂપિયાની માગ કરી રહ્યા હતા. જેને બાદમાં ઓનલાઇન ભારે ફેલાવવામાં આવ્યો હતો. પોલીસે ત્યારે જોગેન્દ્ર ઉર્ફે જોગારામ નામના એક વ્યક્તિની ધરપકડ કરી હતી.



મંડી જિલ્લા સ્થિત પરાશર લેક પર ગુરુવારે બરફનો જાડો થર જામી ગયો હતો. (એજન્સી)

## ‘દુરુપયોગનાં પરિણામ ખતરનાક’ આમ કહી સુપ્રીમ કોર્ટે યુજીસીના નવા નિયમ સામે સ્ટે આપ્યો

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન(યુજીસી)ના ઇક્વિટી રેગ્યુલેશન્સ ૨૦૨૬ પર સ્ટે મૂક્યો હતો. તેમજ વડી અદાલતે ચેતવણી આપી હતી કે નવું માળખું સમાજને વિભાજિત કરી શકે છે અને જો તેનો દુરુઉપયોગ થાય તો તેના ખતરનાક પરિણામો આવી શકે છે. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો કે યુજીસીના ૨૦૧૨ના ભેદભાવ વિરોધી નિયમો હાલ પૂરતા અમલમાં રહેશે. જેથી ફરિયાદીઓ કોઇ ઉપાય વિના રહી ન જાય તે સુનિશ્ચિત કરી શકાય. ભારતના મુખ્ય ન્યાયાધીશ(સીજેઆઇ) સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્ય બાગચીની ખંડપીઠે કેન્દ્ર સરકાર અને યુજીસીને પણ નોટિસ જારી કરી છે. તેમજ (જુઓ પાનું ૨) ▶▶

## પ્રજાસત્તાક દિવસ પરેડ એવૉર્ડઃ ઈન્ડિયન નેવીએ જીત્યો સર્વશ્રેષ્ઠ માર્ચિંગ દળનો પુરસ્કાર, મહારાષ્ટ્રની ઝાંખી રહી પ્રથમ નંબરે

નવી દિલ્હીઃ પ્રજાસત્તાક દિવસની પરેડ દરમિયાન પ્રદર્શિત કરાયેલા ઝાંખી (ટેબ્લો) વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવી છે. આ વર્ષે ભારતીય નૌકાદળે ત્રણેય સેનાઓમાં સર્વશ્રેષ્ઠ માર્ચિંગ ટુકડીનો એવોર્ડ જીત્યો છે. નૌકાદળના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ટુકડીમાં ૧૪૪ યુવા સૈનિકો સામેલ હતા. આ જવાનોએ કર્તવ્ય પથ પર શાનદાર કૂચ કરી હતી. આ પ્રદર્શન ભારતની વધતી જતી દરિયાઈ શક્તિનું પ્રદર્શન કરે છે. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને અન્ય સહાયક દળોની શ્રેણીમાં દિલ્હી પોલીસના દળને શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડી તરીકે પસંદ કરવામાં આવી છે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ઝાંખીમાં મહારાષ્ટ્રે બાજી મારી હતી. મહારાષ્ટ્રની ઝાંખીમાં ગણેશ ઉત્સવને આધુનિકતા અને પરંપરા સાથે દર્શાવવામાં આવ્યો હતો. તેમાં આત્મનિર્ભરતાનો સંદેશ પણ સામેલ હતો. પરેડ દરમિયાન પરંપરાગત પોશાક પહેરેલી મહિલાઓના એક જૂથે લેઝિમ લોકનૃત્ય રજૂ કર્યું હતું. જમ્મુ અને કાશ્મીર બીજા સ્થાને અને કેરળ ત્રીજા સ્થાને રહ્યું હતું.

મંત્રાલયો અને વિભાગોની શ્રેણીમાં સંસ્કૃતિ મંત્રાલયની ઝાંખી સૌથી શ્રેષ્ઠ રહી હતી. આ ઝાંખીમાં ‘વંદે માતરમ’ ગીતના ૧૫૦ વર્ષની વારસાની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં બંકિમચંદ્ર ચેટરજીની મૂળ રચના અને સ્વતંત્રતા સેનાનીઓના સંઘર્ષોને દર્શાવવામાં આવ્યો હતો. ઝાંખીમાં વર્ષ ૧૯૨૮ની એક દુર્લભ રેકોર્ડિંગ પણ ઝાંખીમાં સામેલ કરવામાં આવી હતી. જૂની પરંપરાઓ સાથે આજની યુવા પેઢી એટલે કે ‘જેન-જી’ના કલાકારોએ પણ ભાગ લીધો હતો.

જ્યારે સંસ્કૃતિ મંત્રાલયની ઝાંખી ‘‘વંદે માતરમ’’ ના ૧૫૦ વર્ષના વારસાની ઉજવણી કરતી ઝાંખી મંત્રાલયો અને વિભાગોની કેટેગરીમાં વિજયી બની હતી. નૌકાદળના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે ‘‘આપણા માટે ખૂબ જ ગર્વ અને સન્માનની વાત છે કે અમારી ટુકડીએ ઔપચારિક પરેડમાં ટોચનું ઇનામ જીત્યું.’’ અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે ઇનામ વિતરણ સમારોહ ૩૦ જાન્યુઆરીએ નેશનલ સ્ટેડિયમ કેમ્પમાં યોજાશે.

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ નૌકાદળના માર્ચિંગ ટુકડીને આ સિદ્ધિ બદલ અભિનંદન આપ્યા હતા. નૌકાદળે ગુરુવારે ‘એક્સ’ પર પોસ્ટમાં લખ્યું હતું કે દરેક પગલામાં તાકાત, અદમ્ય ભાવના અને ગર્વ સાથે નૌકાદળની ટુકડીએ શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડીનો એવોર્ડ જીતીને ગૌરવ હાંસલ કર્યું છે. નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠી અને ભારતીય નૌકાદળના તમામ કર્મચારીઓ ૨૦૨૬ની પ્રજાસત્તાક દિવસ પરેડ દરમિયાન સેવાઓમાં શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડી તરીકે જાહેર થવા બદલ માર્ચિંગ ટુકડીને હૃદયપૂર્વક અભિનંદન.

માયગોવ પોર્ટલ પર હાથ ધરાયેલા ઓનલાઈન મતદાનના આધારે ‘પોપ્યુલર ચોઈસ’ કેટેગરીમાં નાગરિકોએ ત્રણેય સશસ્ત્ર દળોમાં આસામ રેજિમેન્ટને શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડી તરીકે મત આપ્યો છે જ્યારે સીઆરપીએફએ સીએપીએફ અને અન્ય સહાયક દળોમાં શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડીનો એવોર્ડ જીત્યો હતો. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે ‘પોપ્યુલર ચોઈસ’ કેટેગરીમાં ગુજરાતે ‘સ્વદેશી-આત્મનિર્ભરતા-આઝાદીના મંત્ર’ થીમ આધારિત ઝાંખી સાથે યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. ■

## રખડતાં પશુઓ માટે હાઈવે પર ‘ગૌશાળા’ બનાવોઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ગુરુવારે નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયા (એનએચએઆઈ)એ હાઈવે પર આવી જતા રખડતા ઢોર માટે ગૌશાળા બનાવવાનું રોડના બાંધકામનો ઈજારો ધરાવતા કૉન્ટ્રાક્ટરને કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) હેઠળ કહેવા પર વિચાર કરવો જોઈએ. જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન. વી. અંજારિયાની બેન્ચ રખડતા કૂતરાને નવા સ્થળે રાખવાના અને તેમનું સ્ટરલાઈઝેશન કરવાના સાત નવેમ્બરના હુકમમાં પરિવર્તન કરવાની અરજીઓ સાંભળી રહી હતી. હવે આ બેન્ચે તેનો ચુકાદો અનામત રાખ્યો છે. જોકે સર્વોચ્ચ અદાલતે પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને તમિળનાડુમાં તેનો હુકમ અમલમાં મૂકવાના પ્રયાસો અંગે નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે પંજાબ સરકાર એક દિવસમાં ૧૦૦ રખડતા કૂતરા વંધ્યીકરણ કરે છે જે અપૂરતું છે. આ ઘાસની ગંજીમાં સોઈ જેવું છે. બેન્ચે એનએચએઆઈ વતી દલીલ કરનારા નેશનલ હાઈવે પર વકીલને રખડતાં પ્રાણીઓ દેખાય તો એની જાણ લોકો કરી શકે એવો એપ બનાવવાનું જણાવ્યું હતું. બેન્ચે વકીલને એમ પણ કહ્યું હતું કે એનએચએઆઈ રોડ બનાવનારા કૉન્ટ્રાક્ટરને દર પચાસ કિલોમીટરના અંતરે ગૌશાળા બાંધવાનું કહે. (એજન્સી)■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુજીસી નિયમો પર સ્ટે, આવા બકવાસ નિયમોની જરૂર શું?

**યુનિવર્સિટી** ગ્રાન્ટ કમિશન (યુજીસી)એ કોલેજો અને યુનિવર્સિટીઓ સહિત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ભેદભાવ રોકવા બનાવેલા નવા નિયમોના કારણે દેશભરમાં બબાલ થઈ ગઈ છે ત્યારે અંતે સુપ્રીમ કોર્ટે વચ્ચે પડીને હાલ પૂરતો નવા નિયમોના જીનને બાટલીમાં પૂરી દીધો છે. આ નિયમો વિરુદ્ધ થયેલી અરજી પર સુનાવણી કરીને સુપ્રીમ કોર્ટે નવા યુજીસી નિયમો પર સ્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટના કહેવા પ્રમામે પહેલી નજરે જ આ નિયમોની ભાષા અસ્પષ્ટ લાગે છે તેથી તેનો દુરુપયોગ થઈ શકે છે.

સુપ્રીમ કોર્ટના સ્ટેના કારણે યુજીસી પ્રમોશન ઓફ ઇક્વિટી રેગ્યુલેશન્સ ૨૦૨૬નો અમલ હાલ પૂરતો અટકી જશે પણ તેનાથી બહુ હરખાવાની જરૂર નથી કેમ કે સુપ્રીમ કોર્ટે સ્ટે આપીને હાલ પૂરતી બબાલ ટાળી છે, નિયમોને કચરાટોપલીમાં ફેંક્યા નથી. સુપ્રીમ કોર્ટે યુજીસીને નિયમો ફરીથી બનાવવા ફરમાન કર્યું છે. તેનો મતલબ એ થયો કે, નવા નિયમો નહીં આવે ત્યાં લગી શાંતિ રહેશે પણ જેવા નવા નિયમો આવશે એવી બબાલ પાછી શરૂ થશે.

આ નવા નિયમોને પડકારતી અરજીમાં દાવો કરાયો હતો કે, આ નિયમો બંધારણની કલમ ૧૪ની વિરુદ્ધ છે. કલમ ૧૪ ભારતમાં જ્ઞાતિ, વર્ગ, વર્ણ, ધર્મ અથવા સંપ્રદાયના આધારે કરાતા કોઈ પણ ભેદભાવની વિરુદ્ધ છે. યુજીસીના નવા નિયમોમાં માત્ર જ્ઞાતિ આધારિત ભેદભાવની વાત કરાઈ છે અને દલિત, આદિવાસી, ઓબીસી વિદ્યાર્થીઓ સાથે જ ભેદભાવ થતો હોય છે એવું પ્રસ્થાપિત કરીને તેમને જ ફરિયાદ કરવાનો હક અપાયો છે. હિંદુ સવર્ણો કે મુસ્લિમ, ખ્રિસ્તી, યહૂદી, જૈન, પારસી વગેરે લઘુમતી વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ કરાતો હોય તો તેમણે શું કરવું તેની કોઈ ચોખવટ નથી.

સીધા ને સરળ શબ્દોમાં કહીએ તો ચોક્કસ જ્ઞાતિના લોકોની સાથે જ ભેદભાવ થાય છે અને આ જ્ઞાતિના ના હોય એવાં લોકો ભેદભાવ કરે છે એવો નવા નિયમોનો સૂર છે. મતલબ કે વિદ્યાર્થીઓ વચ્ચે જ જ્ઞાતિના આધારે ભેદભાવ કરાય છે. ભારતના બંધારણની કલમ ૧૪ તમામ પ્રકારના ભેદભાવ પર પ્રતિબંધ મૂકે છે જ્યારે આ નિયમો ખુલ્લેઆમ જ્ઞાતિના આધારે ભેદભાવને પોષે છે. સુપ્રીમ કોર્ટે આ મુદ્દો તો ધ્યાનમાં જ લીધો નથી તેથી સુપ્રીમ કોર્ટે પણ હમણાં કજીયો ટળે એ માટે સ્ટે આપી દીધો છે એ સ્પષ્ટ છે.

કેન્દ્ર સરકાર અને તેની તાબેદાર સંસ્થાઓ બધું ખાનગીમાં કરવામાં માહિર છે તેથી મોટા ભાગનાં લોકોને તો ૧૩ જાન્યુઆરીથી છાનામાના અમલી બનાવી દેવાયેલા આ નિયમો શું છે તેની જ ખબર નથી. આ સંજોગોમાં સૌથી પહેલાં તો આ નિયમો જાણવા જરૂરી છે.

યુજીસી પ્રમોશન ઓફ ઇક્વિટી રેગ્યુલેશન્સ ૨૦૨૬ હેઠળ, સરકારી અને ખાનગી કોલેજો તથા યુનિવર્સિટીઓ સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ઇક્વિટી સેલ એટલે કે ઈક્વોલ ઓપર્ચ્યુનિટી સેલ બનાવવો પડશે. આ સેલ એક કોર્ટ જેવો હશે કે જ્યાં એસસી, એસટી, ઓબીસી કે દિવ્યાંગ વિદ્યાર્થી પોતાની સાથે ભેદભાવ થયાનું લાગે તો ફરિયાદ નોંધાવી શકશે. આ સેલ ફરિયાદના આધારે સુનાવણી કરશે ને પછી સંસ્થાને ભલામણો કરશે. સંસ્થાએ સમિતિની ભલામણો માનવી અને તાત્કાલિક પગલાં લેવાં ફરજિયાત છે. જે સંસ્થા ભલામણો નહીં માને તેની માન્યતા રદ કરી દેવાશે અથવા ગ્રાન્ટ રોકી દેવાશે. આ ઉપરાંત હેલ્પલાઇન અને ઇક્વિટી સમિતિઓ બનાવવી પડશે તથા યુજીસીને નિયમિત રિપોર્ટ મોકવલો પડશે. માર્ગદર્શિકાનું કડક પાલન કરવાની કાનૂની જવાબદારી સંસ્થાના વડાની રહેશે. મજાની વાત પાછી એ છે કે, ઇક્વિટી સેલમાં ઓબીસી, વિકલાંગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓનું પ્રતિનિધિત્વ રાખવું ફરજિયાત છે પણ સવર્ણ કે ધાર્મિક લઘુમતીનાં લોકો નહીં હોય. મતલબ કે, ઘરના ભૂવા ને ઘરનાં ડાકલાં...

પહેલી નજરે આ નિયમો સાદા લાગે પણ આ નિયમો ખતરનાક છે કેમ કે આ નિયમો હેઠળ ફરિયાદી વિદ્યાર્થી, ટીચિંગ સ્ટાફ, નોન ટીચિંગ સ્ટાફ કે સંસ્થા સાથે સંકળાયેલી કોઈ પણ વ્યક્તિ સામે ફરિયાદ કરી શકે છે. આ ફરિયાદ માટે કોઈ પુરાવા આપવાની જરૂર નથી ને ઈક્વોલ ઓપર્ચ્યુનિટી સેલને દમ લાગે તો જેની સામે ફરિયાદ થઈ છે તેની સામે એસસી-એસટી એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ કેસ પણ નોંધાઈ શકે છે. આ કલમો હેઠળ કેસ થાય એટલે બિનજામીનપાત્ર વોરંટ નિકળે તેથી આરોપીએ સીધા જેલભેગા થવું પડે.

સૌથી ખતરનાક વાત પાછી એ છે કે, કોઈએ નોંધાવેલી ફરિયાદ ખોટી સાબિત થાય તો પણ તેને કોઈ સજા ના થાય કે કોઈ પગલાં ના લેવાય. મતલબ કે, દલિત, આદિવાસી કે ઓબીસી સમુદાય સિવાયના વિદ્યાર્થીઓ સાથે કોઈ ખોટી ફરિયાદ કરી દે તો પણ તેમનો કોઈ વાળ વાંકો ના કરી શકે. આવા બતવાસ નિયમોથી ભેદભાવ કે અસમાનતા કઈ રીતે દૂર થશે તેની નિયમો બનાવનારને જ ખબર!

જે લોકો ભાજપભક્તિમાં લીન છે એ લોકોની તો વિચારશક્તિ કુંઠિત થઈ ગઈ છે તેથી તેમની પાસેથી કોઈ અપેક્ષા ના રખાય પણ જે લોકો કોઈ પણ પ્રકારની ભક્તિ કે પૂર્વગ્રહ વિના વિચારી શકે છે તેમણે વિચારવું જોઈએ કે, સરકારની તાબેદાર સંસ્થાઓ આવા વિભાજન કરે એવા નિયમો લાવવાની શું જરૂર પડી ? કેમ કે ભાજપને એસસી, એસટી અને ઓબીસીના મતો જોઈએ છે. ભાજપ સવર્ણોના મતે ધિંગો થયો પણ સવર્ણોની અપેક્ષા પ્રમાણે વર્ત્યો નથી તેથી તેમનામાં નારાજગી છે એટલે ભાજપ સવર્ણોને કોરાણે મૂકીને બીજી જ્ઞાતિઓને પંપાળી રહ્યો છે.

નરેન્દ્ર મોદી સરકારે આ જ ઉદ્દેશથી પહેલાં મેડિકલ પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ઓબીસીને અનામત આપવા સહિતનાં પગલાં લીધાં છે ને એ દિશામાં આ વધુ એક પગલું છે. સવર્ણો મત ના આપે તો તેલ લેવા જાય, આપણે દલિત, આદિવાસી ને ઓબીસી મતોની તાકાતથી સત્તામાં ટકી રહીશું એવી હલકી માનસિકતા આ નિયમો પાછળ છે. ભાજપ દલિત, આદિવાસી કે ઓબીસી સમાજનું ભલું કરવા માટે હકારાત્મક પગલાં લેતો હોત તો પણ વાંધો નહોતો પણ આ નિયમોને કોઈ રીતે હકારાત્મક કહી શકાય તેમ નથી. બલકે એક જ્ઞાતિને બીજી જ્ઞાતિ સામે મૂકવાનું ગંદુ રાજકારણ છે. કૉંગ્રેસે વરસો લગી જે કર્યું એ જ ગંદો ધંધો હવે ભાજપ કરી રહ્યો છે.

આઘાત એ જોઈને લાગે કે, ભાજપના મંત્રીઓ લોકોને ઉઠાં ભણાવવા માટે સાવ જૂઠાણાં ચલાવે છે. યુજીસીના નિયમો સામે હોહા થઈ પછી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન નરાતર જૂઠ બોલ્યા કે, યુજીસીનો આ નિયમ એસસી, એસટી, ઓબીસી તેમજ સવર્ણો માટે પણ સમાન રીતે લાગુ થશે. બોલો, નિયમમાં સ્પષ્ટ લખ્યું છે કે, એસસી, એસટી અને ઓબીસી સમુદાયની ચિંતાઓને દૂર કરવા ઈક્વોલ ઓપર્ચ્યુનિટી સેલ બનાવવાનો છે ને તેમાં ક્યાંય સવર્ણોનો ઉલ્લેખ જ નથી છતાં પ્રધાન લોકોને બેવકૂફ બનાવે છે.

પ્રધાને તો એવું જ્ઞાન પણ પિરસ્યું છે કે, આ રાજકારણ નથી કેમ કે આ દેશ બાબાસાહેબ આંબેડકરના બંધારણથી જ ચાલે છે. ભલા માણસ, બાબાસાહેબ આમાં ક્યાં આવ્યા ? બાબાસાહેબના નામે તમે લોકોમાં ભાગલા પાડવાનું બંધ કરો.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર શિશિરઋતુ, શુક્રવાર, તા. ૩૦-૧-૨૦૨૬, પ્રદોષ, કલ્પાદિ

- ભારતીય દિનાંક ૧૦, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૨મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૬ સુધી (તા. ૩૧) પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૪, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૯-૧૭, રાત્રે ક. ૨૨-૫૨
- ઓટઃ બપોરે ક. ૧૫-૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૪ (તા. ૩૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ શુક્લ - દ્વાદશી. પ્રદોષ, કલ્પાદિ, ગાંધી નિર્વાણ દિન.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ પ્રદોષ, વ્રત ઉપવાસ, શિવપૂજા, શિવરુદ્રાભિષેક પૂજા, સાયંકાળે શિવમંદિરમાં દીપદાન, રાત્રિ જાગરણ, શિવભક્તિ ભજન કીર્તન, વૈધુતિ જન્મયોગ શાંતિ, પૂજા, તર્પણ શ્રાદ્ધ, શિવપૂજા, રાહુ ગ્રહદેવતાનું પૂજન, રાહુદોષ ચાંડાલ, પિતૃદોષ પૂજા, રાહુદોષ હોય તેમણે શિવજીને અગરના ઔષધનું લેપન કરવું, ષોડ્ષ ઉપચાર વિધિ સહિત કરવું, બગીચાના કામકાજ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાંઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ મક્કમ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર માર્ગી બુધ-મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# દિલ્હી પોલીસના મહિલા કમાન્ડોની પતિએ કરી હત્યા

નવી દિલ્હીઃ ભાઇને છેલ્લો ફોન કરવો, કાન ચીરતી ચીસો, ફોનનું કપાઇ જવું અને પછી પતિ દ્વારા હત્યાની કબૂલાત કરવી. દિલ્હી પોલીસની એક મહિલા કમાન્ડોના મૃત્યુ પહેલાની છેલ્લી પાંચ મિનિટ અતિ ભયાનક હતી. મહિલા કમાન્ડોને તેના પતિએ જ મોતને ઘાટ ઉતારી દીધી હતી.

સ્પેશિયલ વેપન્સ એન્ડ ટેક્ટિક્સ(એસડબ્લ્યુટી)માં કમાન્ડો તરીકે તહેનાત ૨૭ વર્ષીય મહિલા પોલીસકર્મીનું મંગળવારે ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદની એક ખાનગી હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. મહિલા પર પતિ દ્વારા કથિત રીતે હુમલો થયાના થોડા દિવસો બાદ તે મોતને ભેટી હતી.

મીડિયા અહેવાલ અનુસાર વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ બુધવારે જણાવ્યું કે કાજલ નામની મહિલા પર તેના પતિ અંકુર ચૌધરી(૨૮)એ કથિત રીતે ધાતુના ડમ્બેલથી હુમલો કર્યો હતો. ત્યારબાદ તેનું માથું દરવાજાની ફ્રેમ સાથે અથડાવ્યું હતું. આ ઘટના દક્ષિણ-પશ્ચિમ દિલ્હીના દ્વારકા મોડ સ્થિત ઘરમાં બની હતી. બનાવના દિવસે ઘરેલુ મુદ્દાઓ અને દહેજની માગણીને લઇને થયેલા ઝઘડા બાદ અંકુરે કાજલ પર હુમલો કર્યા બાદ તેના ભાઇ નિખિલને ફોન કર્યો હતો. પોલીસે નિખિલના નિવેદનને ટાંકીને જણાવ્યું કે અંકુરે નિખિલને કહ્યું કે તેણે તેની બહેનની હત્યા કરી છે. નિખિલે જણાવ્યું કે બાવીસ જાન્યુઆરીના રોજ રાત્રે ૧૦ વાગ્યે અંકુરે તેને ફોન કર્યો હતો અને કહ્યું કે તેની બહેન તેની સાથે ઝઘડો કરી રહી છે. કાજલે ફોન લઇને તેને સમજાવવાના પ્રયાસો કર્યા, પરંતુ અંકુરે ફોન ઝૂંટવી લીધો. અંકુરે તેના ભાઇ સાથેની વાતચીત રેકોર્ડ કરવા કહ્યું અને તેને જીવથી મારી નાખવાની ધમકી આપી હતી.

નિખિલે કહ્યું કે મેં પછી તેની ચીસો સાંભળી અને ત્યારબાદ ફોન કપાઇ ગયો. લગભગ પાંચ મિનિટ પછી અંકુરે ફરી તેને ફોન કર્યો અને નિખિલને જણાવ્યું કે તેણે તેની બહેનની હત્યા કરી દીધી છે. નિખિલે વધુમાં જણાવ્યું કે જ્યારે હું અડધી રાત્રે દિલ્હી પહોંચ્યો ત્યારે તેણે મારી બહેનને નજીકની હોસ્પિટલમાં દાખલ કરી હતી. જ્યાં ડોક્ટરોએ તેને બ્રેન ડેડ જાહેર કરી હતી. કાજલના માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. અધિકારીઓએ જણાવ્યું કે ૨૫ જાન્યુઆરીના રોજ તેને ગાઝિયાબાદના નહેરુ નગર સ્થિત એક ખાનગી હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. જ્યાં ૨૭ જાન્યુઆરીના રોજ સવારે લગભગ ૬ વાગ્યે તેનું મૃત્યુ થયું હતું.

# સરકાર સામે બળવાનું એલાન કર્યાના આરોપો વાંગચુકે સુપ્રીમમાં નકાર્યા

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (એનએસએ) હેઠળ હાલમાં જોધપુરની જેલમાં કેદ ક્લાઇમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકે સુપ્રીમ કોર્ટમાં એ આરોપોને નકારી કાઢ્યા હતા કે તેમણે આરબ ક્રાંતિની જેમ સરકારને ઉથલાવી પાડવા સશસ્ત્ર બળવો કરવાનું આહ્વાન કર્યું હતું અને દલીલ કરી હતી કે તેમને સરકારની ટીકા કરવાનો લોકશાહી અધિકાર છે.

વાંગચુકની પત્ની ગીતાંજલિ અંગ્મો વતી વકીલ કપિલ સિબલે, ન્યાયાધીશ અરવિંદ કુમાર અને પી.બી. વરાલેની ખંડપીઠ સમક્ષ દલીલ કરી હતી કે અધિકારીઓએ અટકાયતી સત્તાવાળાને ગેરમાર્ગે દોરવા અને વાંગચુકના નિવેદનોને ખોટી રીતે રજૂ કરવા માટે પસંદગીના સંપાદિત વીડિયો પર આધાર રાખ્યો હતો. સિબલે એવા દાવાઓને નકારી કાઢ્યા કે વાંગચુકે હિંસા ભડકાવી, હિન્દુ દેવતાઓનો અનાદર કર્યો, જનમત સંગ્રહની માંગણીઓને સમર્થન આપ્યું, અથવા લદ્દાખીઓ ભારતીય સેનાને ટેકો નહીં આપે તેવું સૂચન કર્યું. તેમણે કહ્યું કે વાંગચુકે સતત શાંતિપૂર્ણ રીતે લોકશાહીનો વિરોધ કરવાની હિમાયત કરી હતી અને લદ્દાખને બંધારણીય સુરક્ષા આપવામાં કેન્દ્રની નિષ્ફળતાની ટીકા કરવા માટે ભગવાન રામ સાથે સંકળાયેલા રૂપકનો ઉપયોગ કર્યો હતો, ધર્મનું અપમાન કરવા માટે નહીં.

# અમેરિકા સાથે વેપાર કરારની દિશામાં પ્રગતિ

નવી દિલ્હીઃ અમેરિકા સાથે વેપાર વાટાઘાટોમાં પ્રગતિ થઇ છે અને વાતચીત હજુ પણ ચાલુ હોવાનું ભારત સરકારે ગુરુવારે જણાવ્યું હતું. ભારત અને યુરોપિયન યુનિયન(ઇયુ) વચ્ચે મંગળવારે 'મધર ઓફ ઓલ' કરાર પર હસ્તાક્ષર થયા બાદ હવે ધ્યાન અમેરિકા સાથેની વેપાર ચર્ચાઓ પર કેન્દ્રિત થયું છે. ભારત-અમેરિકા વેપાર મંત્રણાથી ભારતીય આયાત પર અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફનું ભવિષ્ય નક્કી થશે. સરકારે ગુરુવારે રજૂ કરવામાં આવેલા તેના ઇકોનોમિક સર્વેમાં સ્વીકાર્યું કે અમેરિકામાં નિકાસ કરવામાં આવતા સામાન પર હાલમાં ૫૦ ટકા ટેરિફ દર લાગુ પડે છે. ઇકોનોમિક સર્વે ૨૦૨૫-૨૬ના એક ઘટકમાં જણાવાયું છે કે બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલની વાટાઘાટોમાં પ્રગતિ થઇ છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારત એક ટ્રેડ સ્ટ્રેટેજી પર સક્રિયપણે કામ કરી રહ્યું છે. જેમાં અમેરિકા, ચિલી અને પેરુ સાથે મુક્ત-વેપાર કરાર(એફટીએ) વાટાઘાટોનો સમાવેશ થાય છે. સરકારે કહ્યું કે તે એપ્રિલ ૨૦૨૫માં અમેરિકા દ્વારા પહેલીવાર જાહેર કરવામાં આવેલા પચીસ ટકા ટેરિફ પછી ડ્યુટી ઘટાડવા માટે અમેરિકા સાથે એક કરાર કરવાની યોજના ઘડી રહ્યા છે.

# ઑલ ઈઝ વેલઃ રાહુલ, ખડગે સાથેની મીટિંગ પછી થરૂરે કહ્યું

નવી દિલ્હીઃ કોંગ્રેસ સાંસદ શશી થરૂરે તેમના સાથીદારો સાથે મતભેદની અટકળો વચ્ચે ગુરુવારે પાર્ટી અધ્યક્ષ મલ્લિાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન ભારતના લોકોની સેવા કરવા માટે આગળ વધતાં આપણે બધા એક જ સાથે હોવાનું જણાવ્યું હતું.

રાહુલ અને ખડગેને મળ્યા પછી શરૂરે એક્સ પર બંને નેતાઓ સાથેની મુલાકાતની તસ્વીર પોસ્ટ કરીને લખ્યું કે આજે વિવિધ વિષયો પર સંવેદનશીલ અને રચનાત્મક ચર્ચા માટે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીનો આભાર. ભારતના લોકોની સેવામાં આગળ વધતાં આપણે બધા એક સમાજ મંતવ્યો ધરાવીએ છીએ. થરૂરની પોસ્ટથી પાર્ટીના સાથીઓ વચ્ચે તણાવપૂર્ણ સંબંધો અંગે વહેતી અટકળો પર પૂર્ણવિરામ મૂકાયું છે.

# 'સર': સર્વોચ્ચ અદાલતે ચુકાદો હાલપૂરતો મોકૂફ રાખ્યો

નવી દિલ્હીઃ બિહારમાં મતદારયાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન 'સર'ને પડકારતી એનજીઓ એસોસિયેશન ફૉર ડેમોક્રેટિક રિફોર્મ્સ સહિતની અરજીઓને ચુકાદો સુપ્રીમ કોર્ટે ગુરુવારે મોકૂફ રાખ્યો હતો. કેસને મામલે કપિલ સિબલ, અભિષેક સિંઘવી, પ્રશાંત ભૂષણ અને ગોપાલ શંકરનારાયણની દલીલ સાંભળ્યા બાદ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને જસ્ટિસ જોયમાલા બાગચીની બનેલી ખંડપીઠે અંતિમ સુનાવણી પૂરી કરી હતી. ચુકાદો મોકૂફ રાખતા અગાઉ ખંડપીઠે અરજકર્તા વતી ફરી જોડવામાં આવેલી અરજીની પણ સુનાવણી કરી હતી.

વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદી અને મનિન્દરસિંહે ચૂંટણી સમિતિનું પ્રતિનિધિત્વ કર્યું હતું. કેસને મામલે કોર્ટે ગયા વર્ષના ૧૨ ઑગસ્ટે અંતિમ સુનાવણી કરી હતી. એ સમયે કોર્ટે જણાવ્યું હતું કે મતદારયાદીમાં નામનો ઉમેરો કે બાદબાકી કરવી એ ઈલેક્શન કમિશન ઑફ ઈન્ડિયા (ઈસીઆઈ)ના અધિકારક્ષેત્રમાં આવે છે. (એજન્સી)

# ૧૩૫.૪ અબજ ડૉલર વિદેશથી ભારતમાં આવ્યા

નવી દિલ્હી : ગુરવારે બહાર પડાયેલા આર્થિક સર્વેક્ષણ પ્રમાણે ભારતને વિદેશમાં વસતા ભારતીયો તરફથી સૌથી મોટું ભંડોળ મળ્યું છે. આ ભંડોળ નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૧૩૫.૪ અબજ અમેરિકન ડૉલર હતું અને તેને લીધે એક્સટર્નલઅકાઉન્ટમાં સ્થિરતા આવી હતી. વિકસિત અર્થતંત્રમાંથી આવતા ભંડોળનો હિસ્સો વધી ગયો હતો અને આ કુશળ અને પ્રોફેશનલ કામદારોનું વધતું યોગદાન બતાડે છે. ભારત સાતત્યભરી રીતે સારા પ્રમાણમાં વિદેશી રોકાણનો પ્રવાહ આવી રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫માં તંગ વૈશ્વિક સ્થિતિ હોવા છતા ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટના વિદેશી રોકાણનો પ્રવાહ ૧૮ ટકા જેટલો હતો. યુએનસીટીએડીના જણાવ્યા પ્રમાણે દક્ષિણ એશિયામાં ભારતને સૌથી વધારે એફડીઆઈનો પ્રવાહ મળ્યો હતો.

## પહેલા પાનાનું ચાલુ

### સોનાચાંદીમાં

૫૫૧૩.૦૯ ડૉલર આસપાસ અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૩.૮ ટકા વધીને ૫૫૦૬.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે હાજરમાં આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૨૮ ટકાનો ઉછાળો આવી ગયો છે. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૧૨૦.૪૫ ડૉલર સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે એક ટકો વધીને ૧૧૭.૭૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આ વર્ષમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૬૪ ટકાની તેજી આવી છે.

એકંદરે હાલમાં અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવ, ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવો આશાવાદ સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગને ટેકે તેજીનો માહોલ જોવા મળી રહ્યો હોવાનું નેમો મનીનાં વિશ્લેષક જેમી દત્તાએ જણાવ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગઈકાલે વિશ્વના સૌથી મોટા સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડ એસપીડીઆર ગોલ્ડ ટ્રસ્ટનું સોનાનું હોલ્ડિંગ વધીને માર્ચ, ૨૦૨૨ પછીની સૌથી ઊંચી ૩૫,૦૪૩.૧૮૧ ઔંસની સપાટીએ રહ્યું હતું.

### અજિત પવાર

લગાવ્યા, જ્યારે તેમના પાર્થિવ શરીરને રાષ્ટ્રધ્વજમાં લપેટીને તેમના ગામ કાટેવાડીથી પુણેથી ૧૦૦ કિ. મી. દૂર સ્થિત વિદ્યા પ્રતિષ્ઠાન મેદાનમાં લાવવામાં આવ્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના અકાળે નિધનથી રાજ્યના રાજકારણમાં એવો શૂન્યાવકાશ સર્જાઈ ગયો છે જેને લાંબા સમય સુધી ભરવો સંભવ નથી. શાહે બારામતીમાં 'દાદા' (મોટા ભાઈ) તરીકે જાણીતા ૬૬ વર્ષીય એનસીપી વડાને તેમના અંતિમ સંસ્કારમાં શ્રદ્ધાંજલિ આપી હતી.

### સુનેત્રા અજિત પવાર

કે એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠક બોલાવવામાં આવે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રસ્તાવિત રાષ્ટ્રીય કારોબારીની બેઠક માટે મુખ્ય રાષ્ટ્રીય સ્તરના પદાધિકારીઓને આમંત્રિત કરવામાં આવે તેવી શક્યતા છે. પાર્ટીની અંદરની આંતરિક ચર્ચાઓ આ મુદ્દે અંતિમ તબક્કામાં છે અને સૂત્રોએ એવા સંકેત આપ્યા છે કે ટૂંક સમયમાં રાષ્ટ્રીય કારોબારીની બેઠક બોલાવવામાં આવી શકે છે.

અજિત પવારના મૃત્યુ પછી એનસીપીના ભવિષ્ય અંગેના સવાલનો જવાબ આપતાં એનસીપીના નેતા નરહરિ ઝીરવાળે કહ્યું હતું કે લોકો પ્રધાન મંડળમાં 'બહેન'નો સમાવેશ કરવાની ઇચ્છા વ્યક્ત કરી રહ્યા છે. રાજ્યમાં સત્તાધારી મહાયુતિમાં અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) એક મુખ્ય પક્ષ છે. નોંધનીય છે કે સુનેત્રા પવાર હાલમાં રાજ્યસભાના સાંસદ છે.

અજિત પવારના એક પુત્ર પાર્થ ઘણા સમયથી રાજકારણમાં સક્રિય છે, પરંતુ તેમને અત્યારે પાર્ટીમાં કોઈ મહત્ત્વનું પદ આપવામાં આવે એવી શક્યતાઓ ઓછી જણાઈ રહી છે અને બીજા પુત્ર જય પવાર રાજકારણમાં ઊતર્યા જ નથી. આવી સ્થિતિમાં સુનેત્રા પવારને રાજ્યના નાયબ મુખ્ય પ્રધાનપદની અને અજિત પવાર તેમ જ શરદ પવારના અત્યંત નજીકના ગણાતા પ્રફુલ્લ પટેલને પાર્ટીની જવાબદારી સોંપવામાં આવે એવી શક્યતાઓ જણાઈ રહી છે.

જોકે આમ જોવા જઈએ તો એનસીપીમાં ઘણા સિનિયર નેતાઓ નરહરી ઝિરવાળ, છગન ભુજબળ, દિલીપ વળસે-પાટીલ, ધનંજય મુંડે અને મહારાષ્ટ્ર પ્રદેશ અધ્યક્ષ સુનિલ તટકરે છે આવી સ્થિતિમાં પક્ષમાં પદોને લઈને વિખવાદ ઊભો ન થાય અને પક્ષમાં ભાગલા ન પડે એવા પ્રયાસો કરવામાં આવશે એવું માનવામાં આવી રહ્યું છે. સુનેત્રા પવાર અને પ્રફુલ્લ પટેલ એનસીપીમાં એવા નામ છે જેનો કોઈ વિરોધ કરી શકે નહીં.

### સર્વેના ૧૫

ફેરફાર અને સુધારાઓએ વૈશ્વિક અનિશ્ચિતતાને તકમાં ફેરવી દીધી છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ એડજસ્ટમેન્ટનું વર્ષ હશે કારણ કે અર્થવ્યવસ્થા આ ફેરફારોને અનુરૂપ પોતાને બનાવશે.

(૫) સર્વેમાં ચેતવણી આપવામાં આવી છે કે જો એઆઈ તેજીથી અપેક્ષિત પ્રોડક્ટિવિટીનો લાભ મળતા નથી તો વ્યાપક નાણાકીય સંકટ ફેલાઈ શકે છે જેનાથી ખૂબ વધુ આશાવાદી એસેટ મૂલ્યાંકનમાં સુધારો થઈ શકે છે

(૬) રૂપિયાનું મૂલ્ય ભારતના ઉત્તમ આર્થિક મૂળભૂત સિદ્ધાંતોને સચોટ રીતે પ્રતિબિંબિત કરતું નથી

(૭) બહારનું વાતાવરણ અનિશ્ચિત થઈ રહ્યું છે, ભારતે સાવધ રહેવાની જરૂર છે, પરંતુ નિરાશાનું કોઈ કારણ નથી.

(૮) સરકાર નાણાકીય એકત્રીકરણના માર્ગ પર સારી રીતે આગળ વધી રહી છે, નાણાકીય વર્ષ ૨૬માં જીડીપીના ૪.૪ ટકાના નાણાકીય ખાધના લક્ષ્યને પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે

(૯) નાણાકીય વર્ષ ૨૦૨૭માં મોંઘવારી ચાલુ નાણાકીય વર્ષ કરતા વધારે રહેવાની સંભાવના છે પરંતુ ચિંતાનો વિષય નથી.

(૧૦) સર્વેમાં ગિગ કામદારો માટે કામની શરતોને ફરીથી આકાર આપવા માટે નીતિ બનાવવાની વાત કરવામાં આવી છે.

(૧૧) યુરોપ સાથે એફટીએ ભારતની ઉત્પાદન પ્રતિસ્પર્ધાત્મકતા, નિકાસ સ્થિતિસ્થાપકતા અને રણનીતિક ક્ષમતાને મજબૂત બનાવશે.

(૧૨) 'સ્વદેશી' ને એક શિસ્તબદ્ધ રણનીતિના રૂપમાં લાગુ કરવા માટેની વાત કરવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે તમામ આયાત રિપ્લેસમેન્ટ શક્ય અને ઇચ્છનીય નથી.

(૧૩) વિકસિત દેશો દ્વારા નિકાસ નિયંત્રણ અને ટેકનોલોજીના ઇનકારને પગલે સ્વદેશી અનિવાર્ય અને જરૂરી છે.

(૧૪) સર્વેમાં એક 'રાષ્ટ્રીય ઇનપુટ ખર્ચમાં ઘટાડો' રણનીતિની વાત કહેવામાં આવી છે.

(૧૫) 'સ્વદેશી'થી રણનીતિક અનિવાર્યતા' તરફ આગળ વધવાની વાત કહેવામાં આવી છે. જેથી વિશ્વ ભારતીય વસ્તુ ખરીદવા વિશે વિચારવાથી વિચાર્યા વિના ભારતીય વસ્તુઓ ખરીદવા તરફ આગળ વધે.

### સૌથી ઝડપથી

છે. તાજેતરના મહિનાઓમાં સ્થાનિક ચલણના મૂલ્યમાં ભારે ઘટાડા વચ્ચે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેના આર્થિક સર્વેક્ષણમાં જણાવાયું છે કે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો ભારતના મજબૂત આર્થિક મૂળભૂત સિદ્ધાંતોને સચોટ રીતે પ્રતિબિંબિત કરતું નથી અને તેની ક્ષમતાને ઓછું પ્રદર્શન કરી રહ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ચોક્કસપણે આ પરિસ્થિતિઓમાં રૂપિયાના વિનિમય દરમાં ઘટાડો હાનિકારક નથી, કારણ કે તે ભારતીય માલ પર અમેરિકન ટૅરિફ વધારાની અસરને કંઈક અંશે ઘટાડે છે અને ક્રૂડ ઓઇલ આયાતના ઊંચા ભાવને કારણે ઊંચા ફુગાવાનું જોખમ નથી. જો કે, તેના કારણે રોકાણકારોને શંકાઓ ઊભી જરૂર થાય છે. ભારતમાં રોકાણ કરવામાં રોકાણકારોની અનિચ્છાને દૂર કરવાની જરૂર છે.

મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરનના નેતૃત્વ હેઠળના અર્થશાસ્ત્રીઓની ટીમ દ્વારા તૈયાર કરાયેલા આ દસ્તાવેજમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે એક મજબૂત અને સ્થિર મુદ્રા વિકસિત ભારતના લક્ષ્ય અને વૈશ્વિક પ્રભાવને પ્રાપ્ત કરવા માટે સ્વાભાવિક રીતે આવશ્યક છે. વિદેશી મૂડી પ્રવાહમાં ઘટાડાથી રૂપિયા પર નકારાત્મક અસર પડી રહી છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સંસદમાં રજૂ કરાયેલા આર્થિક સર્વેમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે ભારત તેના મજબૂત મેક્રોઇકોનોમિક ફંડામેન્ટલ્સને કારણે મોટાભાગના દેશો કરતાં પ્રમાણમાં સારી સ્થિતિમાં છે. તાજેતરના વર્ષોમાં નીતિગત સુધારાઓની અસરને કારણે ભારતની મધ્યમ ગાળાની વૃદ્ધિની સંભાવના વધીને આશરે સાત ટકા થઈ ગઈ છે. તેમાં ભારતના ઉદયના ભૂ-રાજકીય અસરોને ધ્યાનમાં લેવા માટે સિસ્ટમ સ્તરે ઊંડી સંસ્થાકીય ક્ષમતાની જરૂરિયાત પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. સમીક્ષા અનુસાર, અનિશ્ચિત વૈશ્વિક વાતાવરણમાં ભારતે બફર્સ અને લિક્વિડિટી પર વધુ ભાર મૂકતા સ્થાનિક વિકાસને પ્રાથમિકતા આપવાની જરૂર છે.

### બાળકોના સોશ્યલ

આવેલા સર્વેક્ષણના અહેવાલમાં બાળકોને ઓનલાઈન હાનિકારક સામગ્રીથી દૂર રાખવા તેમ જ બાળકોની ડિજિટલ આદતોને યોગ્ય દિશા આપવામાં સ્કૂલોએ મહત્ત્વની ભૂમિકા ભજવવી જોઈએ અને બાળકો શિક્ષણની સામગ્રી સરળતાથી પ્રાપ્ત કરી શકે એ માટે સરળતાથી ઉપયોગ કરી શકાય તેવાં ઉપકરણોને પ્રોત્સાહન આપવું જોઈએ. (એજન્સી)

### પ્રોસેસ્ડ ફૂડની

આવી હતી. વધુ ચિંતાજનક બાબત તો એ છે કે વર્ષ ૨૦૧૫-૧૬માં પાંચ વર્ષ કે તેથી ઓછી વયનાં બાળકોમાં સરેરાશ કરતાં વધુ વજનનું પ્રમાણ ૨.૧ ટકા હતું જે વર્ષ ૨૦૧૯-૨૧ દરમિયાન વધીને ૩.૪ ટકા થઈ ગયું હતું.

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (એનએફએચએસ)ના અહેવાલ મુજબ ભારતમાં ૨૪ ટકા મહિલા અને ૨૩ ટકા પુરુષ ઑવરવેઈટ કે મેદસ્વી છે. (એજન્સી)

### દુરુપયોગનાં

તેમની પાસેથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં સમાનતાને પ્રમોશન) રેગ્યુલેશન, ૨૦૨૬ની બંધારણીય માન્યતાને પડકારતી ત્રણ અરજીઓ પર જવાબ માંગ્યો છે. આ કેસોની આગામી સુનાવણી ૧૯ માર્ચે થશે. ખંડપીઠે અરજીઓની સુનાવણી કરતાં કહ્યું કે ભારતની એકતા ભારતની સંસ્થાઓમાં પ્રતિબિંબિત થવી જોઇએ. તેમજ ચેતવણી આપી કે વિવાદિત નિયમો, સમાવેશને પ્રોત્સાહન આપવાને બદલે શોષણનો શિકાર બની શકે છે અને તેના પ્રતિકૂળ પરિણામો આવી શકે છે.

# પાલિતાણામાં આદિનાથ દાદાના ગર્ભગૃહમાં અશાતનાના આક્ષેપથી જૈન સમાજમાં ભારે રોષ

## આણંદજી કલ્યાણજી પેઢીએ આક્ષેપો નકારી વાયરલ ફોટાને એઆઈ જનરેટેડ ગણાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૈનોના પવિત્ર તીર્થધામ પાલિતાણા સ્થિત શેત્રુંજય પર્વત પર આદિનાથ દાદાના ગર્ભગૃહમાં અશાતનાની એક ચોંકાવનારી ઘટના બહાર આવી હતી, જેનાથી જૈન સમાજમાં ભારે રોષ ફેલાયો હતો. ગત ૨૭ જાન્યુઆરીના રોજ એક વિધર્મી યુવકે ગર્ભગૃહમાં પ્રવેશ કરી કથિત ફોટોગ્રાફી કરી હોવાના આક્ષેપો થયા હતા.

સોશ્યલ મીડિયા પર વાઇરલ થયેલા વીડિયો અને મેસેજ મુજબ, લખનઊની એક કંપનીના ફોટોગ્રાફરે આદિનાથ દાદાની અંગરચના અને પબાસન પર પગ મૂકી, પૂજાનાં વસ્ત્રો પહેર્યા વિના જ અશોભનીય રીતે શૂટિંગ કર્યું હોવાના આક્ષેપ થયા હતા. આ ઘટનાને પગલે ભાવિકોની આસ્થાને ઠેસ પહોંચી હતી અને પાલિતાણામાં બિરાજમાન જૈનાચાર્યો તેમજ મુનિ ભગવંતોએ પણ આ ગંભીર મર્યાદા ભંગ સામે સખત આઘાત વ્યક્ત કર્યો હતો.

આ વિવાદના કેન્દ્રમાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા આપવામાં આવેલો એક કોન્ટ્રાક્ટ હોવાના આક્ષેપ થયા હતાં. મળતી માહિતી મુજબ, પેઢીએ લખનઊની 'કુલમેન ક્રિએટીવ કોન્સેપ્ટ' નામની કંપનીને અંદાજે ૪૫ લાખ રૂપિયામાં ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફીનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બીજી તરફ, વિવાદ વધતા શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ સત્તાવાર સ્પષ્ટીકરણ જાહેર કરીને વિવાદની આગ ઠારવાનો પ્રયાસ કર્યો હતો.

પેઢીએ દાવો કર્યો હતો કે પુષ્પેન્દ્ર શર્મા નામનો વ્યક્તિ સ્નાન કરીને, પૂજાના વસ્ત્રો પહેરી અને મુખકોષ બાંધીને જ પેઢીની મંજૂરી સાથે ગર્ભગૃહમાં પ્રવેશ્યો હતો, જેના સીસીટીવી પુરાવા પણ ઉપલબ્ધ છે. પેઢીએ વધુમાં જણાવ્યું હતું કે સોશ્યલ મીડિયામાં વાઇરલ થયેલા ફોટા 'એઆઈ જનરેટેડ' છે અને ફેલાવવામાં આવેલા મેસેજ સત્યથી વેગળા છે. આ અંગે સંબંધિત લોકો સાથે સીધો સંપર્ક સાધી શકાયો નથી.

# મુખ્ય પ્રધાને સિંહદર્શન કર્યા, વનકર્મીઓ માટેનાં ૧૮૩ વાહનોને ફ્લેગ ઓફ્ફ કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશ-વિદેશનાં સહેલાણીઓ જ્યાં એશિયાટિક લાયન્સને જોવા આવે છે, તે સાસણ ગીરની મુલાકાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ ગયા હતા. પટેલે ખુલ્લી જીપમાં જંગલની સહેર કરી હતી અને અહીં સિંહદર્શન કર્યા હતાં તેમ જ ઠંડી હોવાથી તાપણું કરી ચાની ચુસકી પણ લીધી હતી.

આ સાથે તેમણે સાસણગીરમાં ૧૮૩ વાહનોને ગુરુવારે સવારે ફ્લેગ ઓફ કરાવ્યું હતું.

વન વિભાગે વિવિધ પ્રોજેક્ટ્સ અંતર્ગત ૧૭૪ ફિલ્ડ બાઈક, છ બોલેરો કેમ્પર અને ત્રણ મોડીફાઇડ રેસ્ક્યૂ વ્હીકલ્સ ફોરેસ્ટ ફિલ્ડ સ્ટાફના પેટ્રોલિંગ, પ્રોટકશન અને રેસ્ક્યુ કામગીરી માટે ઉપલબ્ધ કરાવ્યા હતા. મુખ્ય પ્રધાન વહેલી સવારે સિંહ દર્શન માટે ગયા હતા અને દિવસની શરૂઆત ગીર ફોરેસ્ટમાં શિયાળાની ઠંડી સાથે કરી હતી.

મુખ્ય પ્રધાને ખાસ સુવિધાથી સજ્જ આ વાહનોનું સંબંધિત વનકર્મીઓને ફાળવણી માટે ફ્લેગ ઓફ કરાવ્યું તે અવસરે વન પર્યાવરણ અગ્ર સચિવ ડો. વિનોદ રાવ, અગ્રમુખ્ય વન સંરક્ષક ડો. જયપાલસિંહ અને વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય પ્રધાને વન વિભાગના રેસ્ક્યુ સેન્ટરની પણ આ વેળાએ મુલાકાત લીધી હતી.

ગીર, બૃહદગીર અને સમગ્ર લાયન લેન્ડસ્કેપ તેમજ રાજ્યના અન્ય વન વિસ્તારોના વનકર્મીઓ માટે આ નવા ફાળવાયેલાં વાહનો વધુ સક્ષમતાપૂર્વક ફરજો બજાવવા અને રેસ્ક્યુ કામગીરી માટે ઉપયુક્ત બનશે, તેમ અધિકારીએ જણાવ્યું હતું.

# પાટણ અને વડોદરામાં ટ્રેન નીચે આવી જતા બે યુવકનાં મોતઃ પોલીસ તપાસ તેજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં રેલવે ટ્રેક પર સર્જાયેલી બે અલગ-અલગ દુર્ઘટનાઓમાં બે યુવાનોના કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતાં. વડોદરાના મકરપુરા અને વિશ્વામિત્રી રેલવે સ્ટેશન વચ્ચે ગત ૨૮ જાન્યુઆરીની રાત્રે ૯ વાગ્યાના અરસામાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની અડફેટે એક અજાણ્યો યુવક આવી ગયો હતો. આશરે ૫૦ વર્ષની વયના આ યુવકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જો કે મૃતકની ઓળખ હજુ સુધી થઈ નહોતી.

બીજી તરફ, પાટણથી મહેસાણા જતી ટ્રેન નીચે એક યુવાન આવી જતાં અકસ્માત સર્જાયો હતો. પાટણના પ્રથમ રેલવે ગરનાળા પાસે, સવારે ૧૦:૦૫ કલાકે ટ્રેન નીચે આવી જવાથી કૈલાસ કુમાર નામના યુવાનના શરીરના બે ટુકડા થઈ ગયા હતા. આ દૃશ્ય જોઈને સ્થાનિકોમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી અને લોકોનાં ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યાં હતાં. રેલવે પોલીસે તાત્કાલિક પહોંચીને લાશને પાટા પરથી ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

જો કે પાટણમાં બનેલી આ ઘટના આપઘાત કે અકસ્માત હોવા અંગે રહસ્ય અકબંધ રહ્યું હતું અને પોલીસે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક વિગતો અનુસાર યુવાન રાજસ્થાનના ઝાલોર જિલ્લાના ચરલી ગામનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. મૃતક તેના મોટાભાઇ સાથે મેડિકલમાં કામ કરતો હતો તેમજ એપ્રિલ મહિનામાં તેમના લગ્ન પણ થવાના હતા, પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

# દેશ કાજે બલિદાન આપનારા વીરોને આજે રાજ્યભરમાં અપાશે શ્રદ્ધાંજલિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણની આહુતિ આપનારા શહીદ વીરોની સ્મૃતિમાં આજે ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સમગ્ર રાજ્યમાં 'શહીદ દિન'ની ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવશે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગની યાદી મુજબ, સવારે ૧૧:૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. જે અંતર્ગત જે સ્થળોએ સાયરન કે તોપની વ્યવસ્થા છે ત્યાં સવારે ૧૦:૫૯ થી ૧૧:૦૦ વાગ્યા સુધી સંકેત આપવામાં આવશે, ત્યારબાદ બે મિનિટ સુધી નાગરિકો પોતપોતાની જગ્યાએ શાંત ઊભા રહી મૌન પાળશે. આ સમયગાળા દરમિયાન રાજ્યભરમાં વાહનવ્યવહાર અને કામકાજની ગતિને શક્ય હોય ત્યાં સુધી અટકાવી રાખવા અને ૧૧:૦૨ કલાકે ફરી સાયરન વાગ્યા બાદ જ રાબેતા મુજબનું કાર્ય શરૂ કરવા જનતાને વિનંતી કરવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સૂચના અનુસાર, શહીદ દિનનું મહત્ત્વ જળવાય તે માટે રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ અને કોર્પોરેશનોમાં સ્વતંત્રતા સંગ્રામ વિશે વક્તવ્ય અને સંવાદ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, પ્રસારણ માધ્યમો અને સાંસ્કૃતિક એકમો દ્વારા રાષ્ટ્રીય એકતા તથા શહીદોની શૌર્યગાથા પર આધારિત ફિલ્મો અને વૃત્તચિત્રો પ્રદર્શિત કરવામાં આવશે.

# ભરૂચમાં ગેરકાયદે બનેલી બે દરગાહ તોડી પડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા બુધવારે વહેલી સવારે સ્ટેશન રોડ પર આવેલા હરિરત્ન શોપિંગ સેન્ટરમાં મોટી ડિમોલિશન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેના કારણે તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ હતી અને સ્થાનિક ટ્રસ્ટીઓએ વિરોધ કર્યો હતો. આ કામગીરી સવારે ૪ વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી જ્યારે સરકારી વાહનોનો કાફલો, બે જેસીબી મશીનો, ત્રણ ટ્રેક્ટર-ટ્રોલીઓ અને ભારે પોલીસ બંદોબસ્ત સાથે સ્થળ પર પહોંચ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર ભરૂચ જિલ્લા પંચાયતે પોલીસ અને હોમગાર્ડ્સના સહયોગથી ૩૬ જર્જરિત દુકાનો તોડી પાડી અને શોપિંગ કોમ્પ્લેક્સ પરિસરમાં બે અનધિકૃત દરગાહ, હઝરત બાલાપીર અને માસુમપીર બાવા દરગાહ તોડી પાડ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ બાંધકામો જિલ્લા પંચાયતની માલિકીની જમીન પર બનાવવામાં આવ્યા હતા.

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે, આ ડિમોલિશન દરમિયાન ૪૦ થી વધુ પોલીસ કર્મચારીઓ અને ૩૦ થી વધુ હોમગાર્ડ્સને તહેનાત કરવામાં આવ્યા હતા. આ સાથે વહીવટી તંત્રના અધિકારીઓ પણ હાજર હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે દરગાહના ટ્રસ્ટીઓને અગાઉથી નોટિસ આપવામાં આવી હતી, નિયમોને આધીન કાર્યવાહી કરવામાં આવી હતી.

જોકે, તોડી પાડવામાં આવેલી દરગાહોના ટ્રસ્ટીઓએ આરોપ લગાવ્યો હતો કે આ દરગાહો ઘણાં વર્ષોથી અસ્તિત્વમાં છે અને આ મામલો કાનૂની વિચારણા હેઠળ છે. તેમણે દાવો કર્યો હતો કે તેમણે અગાઉ ગુજરાત હાઈ કોર્ટનો સંપર્ક કર્યો હતો અને સ્ટેનો સમયગાળો પૂરો થયા પછી નીચલી કોર્ટમાં આગળની કાર્યવાહી શરૂ કરી હતી.

ટ્રસ્ટીઓએ આરોપ લગાવ્યો હતો કે કાનૂની પ્રક્રિયા પૂર્ણ થાય તે પહેલાં જ દરગાહો તોડી પાડવામાં આવી છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ મામલે તંત્ર અને ટ્રસ્ટીઓનો સીધો સંપર્ક થઈ શક્યો નથી.

# અમદાવાદના ઘી-કાંટા વિસ્તારમાં મકાન ધરાશાયી થતાં એક મહિલાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઘી-કાંટા વિસ્તારમાં મોટી હમામની પોળ પાસે આવેલી નવતાડની પોળમાં ૧૦૦ વર્ષ જૂનું એક મકાન અચાનક ધરાશાયી થવાની દુર્ઘટના બની હતી. આ ઘટનાને પગલે કાટમાળ નીચે ત્રણ લોકો દટાયા હતા, જેની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. કાટમાળમાંથી બહાર કાઢવામાં આવેલા ત્રણ લોકોને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ૬૨ વર્ષીય પુષ્પાબેન પંચાલનું ટૂંકી સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિઓ સિવિલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ દુર્ઘટનાને પગલે સ્થાનિકોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સામે ભારે રોષ જોવા મળ્યો હતો. રહીશોએ આક્ષેપ કર્યો હતો કે કોર્પોરેશન દ્વારા ડ્રેનેજ લાઈન માટે કરવામાં આવી રહેલા ખોદકામને કારણે આ જૂનું મકાન ધરાશાયી થયું હતું. આ મામલે ધારાસભ્ય કૌશિક જૈને પણ જણાવ્યું હતું કે ૧૦૦ વર્ષથી વધુ જૂનાં મકાનો પાસે ડ્રેનેજનું કામ ચાલતું હોવાથી આ દુર્ઘટના સર્જાઈ હતી. ઉલ્લેખનીય છે કે, આ ઘટનામાં કોર્પોરેશનના બે મજૂરો પણ ઇજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું હતું, જેને લઈને એસ્ટેટ વિભાગ અને પોલીસ કાફલાએ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

# ગુજરાતમાં ૩૧માંથી ૩૦ સરકારી એન્જિનિયરિંગ કૉલેજે ઇન-ચાર્જ આચાર્યના ભરોસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત મોડલના બણગાની વચ્ચે રાજ્યની સરકારી ડિપ્લોમા અને ડિગ્રી એન્જિનિયરિંગ કૉલેજોમાં કાયમી આચાર્યોની અછતને પગલે શિક્ષણ વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા થયા હતા. હાલની સ્થિતિએ રાજ્યની ૩૧ સરકારી ડિપ્લોમા એન્જિનિયરિંગ (પોલિટેકનિક) કૉલેજોમાંથી માત્ર બે કૉલેજોમાં જ કાયમી આચાર્ય ફરજ બજાવે છે. તેમાં પણ આગામી ત્રણ દિવસમાં એક આચાર્ય નિવૃત્ત થતા, સમગ્ર રાજ્યની ૩૧ પોલિટેકનિક કૉલેજો વચ્ચે માત્ર એક જ કાયમી આચાર્ય બચશે, જ્યારે બાકીની તમામ સંસ્થાઓ ઇન-ચાર્જ આચાર્યના ભરોસે ચાલશે, તેમ અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

ડિગ્રી એન્જિનિયરિંગ કૉલેજોની સ્થિતિ પણ ચિંતાજનક છે, જ્યાં ૧૬ માંથી માત્ર ૮ કૉલેજો પાસે કાયમી આચાર્ય છે. આગામી ત્રણ દિવસમાં વધુ એક આચાર્ય સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ રહ્યા હોવાથી આ સંખ્યા ઘટીને ૭ થઈ જશે. નિયમો મુજબ નવી કૉલેજોની મંજૂરી માટે આચાર્ય સહિત પૂરતા સ્ટાફની હાજરી જરૂરી છે. તેમ છતાં, સરકારી સંસ્થાઓમાં લાંબા સમયથી પ્રવર્તતી આ અછત સામે નિયામક સંસ્થા દ્વારા હજુ સુધી કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિપ્લોમા કૉલેજોમાં કાયમી આચાર્યોની ભરતી માટે બઢતીની પ્રક્રિયા અગાઉ શરૂ કરવામાં આવી હતી, પરંતુ કોઈ કારણોસર તેને અધવચ્ચે જ અટકાવી દેવામાં આવી હતી. કાયમી નેતૃત્વના અભાવે કૉલેજોના શૈક્ષણિક વહીવટ અને લાંબા ગાળાના આયોજન પર માઠી અસર પડી રહી હતી. જો કે આ અંગે તંત્ર સાથે સીધો સંપર્ક સાધી શકાયો નથી.

# ગીર સોમનાથમાં દીકરાને કાળના જડબામાંથી છોડાવવા પિતાએ દીપડા સામે બાથ ભીડી

## ઉનામાં પિતાએ દીપડાને મોતને ઘાટ ઉતારી પુત્રને ઉગાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લાના ઉના-ભાવનગર રોડ પર આવેલા ગાંગડા ગામમાં દીપડાના હુમલાની એક રુંવાડા ઉભા કરી દે તેવી ઘટના પ્રકાશમાં આવી હતી. વાડી વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય બાબુભાઈ નારણભાઈ વાજા રાત્રિના સમયે પોતાના ઘરની ઓસરીમાં બેઠા હતા, ત્યારે અંધારાનો લાભ લઈ એક ખૂંખાર દીપડાએ તેમના પર ઓચિંતો હુમલો કર્યો હતો. પિતાની ચીસો સાંભળીને તેમનો ૨૭ વર્ષીય પુત્ર શાર્દુલ વહારે દોડી આવ્યો હતો, પરંતુ દીપડાએ પિતાને છોડીને પુત્ર પર હુમલો કરી તેને પોતાના જડબામાં જકડી લીધો હતો.

પુત્રને દીપડાના મોઢામાં જોઈ પિતા બાબુભાઈએ પોતાના જીવની પરવા કર્યા વગર વળતો પ્રહાર કરવાનું નક્કી કર્યું હતું. તેમણે ઘર પાસે પડેલા દાતરડા અને ભાલા જેવા હથિયારો વડે દીપડા પર ઉપરાઉપરી ઘા ઝીંક્યા હતા. પિતા અને વન્ય પ્રાણી વચ્ચે થયેલા આ લોહિયાળ જંગમાં અંતે દીપડાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જોકે, આ સંઘર્ષમાં પિતા-પુત્ર બંને ગંભીર રીતે ઘાયલ થયા હતા. ખાસ કરીને બાબુભાઈને શરીરે ગંભીર ઈજાઓ થતા તેમને ૫૦થી વધુ ટાંકા લેવા પડ્યા હતા અને હાલ બંને ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

ઘટનાની જાણ થતા જ જસાધાર આર.એફ.ઓ. સહિતનો વન વિભાગનો કાફલો ગાંગડા ગામે દોડી આવ્યો હતો. વન વિભાગે દીપડાનો મૃતદેહ અને હુમલામાં વપરાયેલા હથિયારો કબજે કરી આગળની તપાસ હાથ ધરી હતી. દીપડાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

# અમદાવાદમાં આધારકાર્ડના બહાને ₹૩૨,૦૦૦ની લાંચ લેતા ત્રણ આરોપી જેલભેગા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ એસીબી દ્વારા લાંચિયાં તત્ત્વો સામે લાલ આંખ કરીને કલેક્ટર કચેરીમાં જનસેવા કેન્દ્ર ખાતે છટકું ગોઠવીને આધારકાર્ડ કઢાવવાના બહાને લાંચ લેતા બે કરાર આધારિત કર્મચારીઓ અને એક અન્ય શખ્સ સહિત કુલ ત્રણ વ્યક્તિઓને ઝડપી લીધા હતા. આ કેસની વિગત મુજબ, એક નાગરિકે પોતાનું નવું આધારકાર્ડ કઢાવવા માટે સરસપુર સિવિક સેન્ટર ખાતે ફરજ બજાવતા પટ્ટાવાળા જય દિલીપકુમાર પંચોલીનો સંપર્ક કર્યો હતો. જય પંચોલીએ આધારકાર્ડની કામગીરી માટે પ્રથમ રૂ. ૨૫,૦૦૦ અને બાદમાં વધુ રૂ. ૭,૦૦૦ મળીને કુલ રૂ. ૩૨,૦૦૦ ની લાંચની માગણી કરી હતી.

ફરિયાદી આ લાંચની રકમ આપવા માગતા ન હોવાથી તેમણે એસીબી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે એસીબીની ટીમે કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર ખાતે લાંચના છટકાનું આયોજન કર્યું હતું. ટ્રેપ દરમિયાન આરોપી જય પંચોલીએ રાજપુર અર્બન હેલ્થ સેન્ટરના કોમ્પ્યુટર ઓપરેટર ભાગ્યેશ રમેશભાઇ સોલંકી વતી લાંચની માગણી કરી વાતચીત કરી હતી. ત્યારબાદ જયના કહેવાથી સંદીપ વક્તાજી પ્રજાપતિ નામના શખ્સે ફરિયાદી પાસેથી રૂ. ૩૨,૦૦૦ સ્વીકાર્યા હતા.

લાંચની રકમ સ્વીકારતા જ એસીબીની ટીમે ત્રણેય આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા અને રૂ. ૩૨,૦૦૦ની રકમ રિકવર કરી હતી. ત્રણેય આરોપીઓની ધરપકડ કરી તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ગુજરાતનો દબદબોઃ દિલ્હીના કર્તવ્ય પથ પર સતત ચોથા વર્ષે ગુજરાતના ટેબ્લોએ મારી બાજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્ય પથ પર યોજાતી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદેમાતરમ' થીમ આધારિત ટેબ્લોએ ભારે ઉત્સુકતા અને આકર્ષણ જમાવ્યું હતું. ગુજરાતના આ ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડમાં પોપ્યુલર ચોઇસ એવોર્ડ શ્રેણીમાં સતત ચોથા વર્ષે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે માહિતી કમિશનરની કચેરી દ્વારા તૈયાર કરવામાં આવતા ગુજરાતના ટેબ્લોએ સતત ચોથા વર્ષે પોપ્યુલર ચોઈસ એવોર્ડ શ્રેણીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ઈતિહાસ સર્જ્યો છે; તેની ગૌરવપૂર્ણ સિદ્ધિ અંગે જણાવ્યું હતું કે, રાષ્ટ્રભક્તિની સાથે રાજ્યના સ્વાતંત્ર્યવીરોના યોગદાનને ઉજાગર કરતા ગુજરાતના ટેબ્લોને લોકોએ ખૂબ પસંદ કર્યો હતો.

કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા માય ગવર્નમેન્ટ પોર્ટલ પર તા.૨૬ જાન્યુઆરીથી શરૂ કરી તા.૨૭ જાન્યુઆરીના રાત્રે ૧૧.૪૫ કલાક સુધી યોજાયેલા મતદાનમાં ગુજરાતના ટેબ્લોએ પ્રથમ કલાકથી બીજા દિવસના અંત સુધી સતત અગ્રેસર રહીને કુલ વોટના ૪૩% વોટ સાથે પીપલ્સ ચોઈસ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક સાથે વિજેતા થયો હતો.

દ્વિતિય ક્રમે રહેલા ઉત્તર પ્રદેશને ૯% મત મળ્યા હતા, જ્યારે બાકીના ૧૫ રાજ્યોએ અનુક્રમે મત મેળવ્યા હતા.

આ વર્ષે કર્તવ્ય પથ પર યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત રાજ્યના માહિતી વિભાગે પ્રસ્તુત કરેલા ટેબ્લોમાં વંદે માતરમ્ અને સ્વદેશી ચળવળના સમન્વયથી ઉદ્ભવેલી આઝાદી માટેની ક્રાંતિથી લઈ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા આત્મનિર્ભરતા માટે સ્વદેશીના મંત્રની યાત્રાને તાદૃશ રીતે રજૂ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ટેબ્લોએ પોપ્યુલર ચોઈસ કેટેગરી એવોર્ડમાં અગ્રેસર રહેવાની પરંપરા ૨૦૨૩ના ૭૪મા પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડથી શરૂ કરી છે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એરપોર્ટ નજીકથી ₹ ૩.૬૦ લાખમાં વેચાતું નવજાત શિશુ બચાવ્યુંઃ ત્રણની ધરપકડ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે મોડી રાત્રે એક મોટા ઓપરેશનમાં બાળ તસ્કરીના રેકેટનો પર્દાફાશ કરીને એક નવજાત શિશુને સુરક્ષિત રીતે બચાવી લીધું હતું. ગુજરાત એટીએસ તરફથી મળેલી ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ નજીક કોતરપુર પમ્પિંગ સ્ટેશન પાસે વોચ ગોઠવી હતી. રાત્રે આશરે ૨:૦૦ વાગ્યે હિંમતનગર તરફથી આવતી એક શંકાસ્પદ કારને આંતરીને તલાશી લેતા તેમાંથી એક નવજાત બાળક મળી આવ્યું હતું. આ મામલે પોલીસે એક મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી, જેઓ ગુજરાત, તેલંગાણા અને ઉત્તર પ્રદેશમાં ફેલાયેલા ગેરકાયદે નેટવર્કનો ભાગ હોવાનું માનવામાં આવી રહ્યું હતું.

સ્થળ પર કરવામાં આવેલી પૂછપરછ દરમિયાન આરોપીઓએ ચોંકાવનારી કબૂલાત કરી હતી કે, તેમણે આ નવજાત શિશુને યુનુસ નામના વ્યક્તિ પાસેથી રૂ. ૩.૬૦ લાખમાં ખરીદ્યું હતું. આ ટોળકી બાળકને હૈદરાબાદ લઈ જઈને ત્યાંના નાગરાજ નામના એજન્ટને સોંપવાની પેરવીમાં હતી. પકડાયેલા આરોપીઓની ઓળખ વંદના પંચાલ (ઓઢવ, અમદાવાદ), રોશન ઉર્ફે સજજન અગ્રવાલ (હૈદરાબાદ) અને સુમિત યાદવ (વટવા, અમદાવાદ) તરીકે થઈ હતી. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે સૂત્રધારો, યુનુસ અને નાગરાજ વિરુદ્ધ પણ ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી હતી.

પોલીસે કાર્યવાહી દરમિયાન રૂ. ૧૦,૦૫૦ રોકડા, ચાર મોબાઈલ ફોન અને તસ્કરીમાં વપરાયેલી કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બચાવવામાં આવેલા નવજાત શિશુને સુરક્ષા અને તબીબી સારવાર માટે ચાઇલ્ડ કેર કોઓર્ડિનેશન સેન્ટરને સોંપવામાં આવ્યું હતું.

# સફેદ એલઈડી લાઈટ વાપરવા બદલ અમદાવાદમાં ૨૭૫ સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વધતા અકસ્માતોનું એક કારણ આંખો આંજી દેતી સફેદ એલઈડી લાઈટ્સને પણ માનવામાં આવે છે, આવી લાઈટ્સના ઉપયોગને રોકવા માટે રાજ્ય પરિવહન વિભાગે નિર્દેશ જાહેર કર્યા હતા. અમદાવાદના સુભાષબ્રિજ આરટીઓ ઓફિસના સૂત્રોના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૬ના શરૂઆતી ૨૮ દિવસમાં ૨૭૫ કેસ નોંધવામાં આવ્યા હતા અને રૂ. ૨.૭૫ લાખ જેટલો દંડ વસૂલવામાં આવ્યો હતો.

સમગ્ર ગુજરાતમાં હાઇ-ઇન્ટેન્સિટી એલઇડી લાઇટનો ઉપયોગ વધ્યો છે, જેના કારણે અન્ય લોકો વિઝિબિલિટી ઓછી થઈ જાય છે અને અકસ્માતનું જોખમ વધી રહ્યું છે. સુભાષબ્રિજ આરટીઓ અધિકારીઓના જણાવ્યા અનુસાર તાજેતરના આદેશો બાદ અમલીકરણ વધુ તીવ્ર બનાવવામાં આવ્યું છે. તેમના જણાવ્યા મુજબ, ૨૦૨૫ માં, આરટીઓએ ૧,૦૮૬ કેસ નોંધ્યા હતા અને લગભગ રૂ. ૧૧ લાખ દંડ વસૂલ કર્યો હતો, જ્યારે આ વર્ષે જાન્યુઆરીના પ્રથમ ૨૮ દિવસમાં ૨૭૫ વાહનચાલકો સામે કેસ નોંધાયા હતા અને રૂ. ૨.૭૫ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

અધિકારીઓએ નોંધ્યું હતું કે માનવબળની અછત હોવા છતાં આ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે અને મુખ્ય ટ્રાફિક જંકશન અને કોરિડોર પર ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. વાહનચાલકોને નિર્ધારિત લાઇટિંગ ધોરણોનું પાલન કરવા વિનંતી કરવામાં આવી છે, વારંવાર ઉલ્લંઘન કરવાથી કડક કાર્યવાહી થવાની સંભાવના છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# એએમટીએસનું ₹ ૯૯૧ કરોડનું બજેટ રજૂ કરાયું, ૨૦૩૦માં બધી બસને એસી-ઈલેક્ટ્રિક કરવાનું લક્ષ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લાલબસ તરીકે ઓળખાતી ધ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (એમટીએસ)નું વાર્ષિક બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. રૂ. ૯૯૧ કરોડના આ બજેટમાં એએમટીએસની તમામ બસને ૨૦૩૦ સુધીમાં એસી-ઈલેક્ટ્રિક કરવાનો લક્ષ્ય રાખવામા આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અમદાવાદ મહાનગરપાલિકા હેઠળ આવતી એએમટીએસ ૨૦૨૬-૨૦૨૭ દરમિયાન કુલ બસની સંખ્યા વધારીને ૧,૬૦૦ કરવાની યોજના છે. બજેટ વર્ષ દરમિયાન, કુલ ૧,૫૭૧ બસના કાફલામાંથી, જાહેર રજાઓ સિવાય, નિયમિત દિવસોમાં ૧,૪૯૨ બસ ચલાવવાનું આયોજન છે. આ હાલમાં કાર્યરત બસોની સંખ્યા કરતાં લગભગ બમણી હશે. આ સાથે એએમટીએસ આસપાસનાં ગામડાઓ અને જીઆઈડીસી વિસ્તારોમાં બસ ફ્રીક્વન્સી વધારવા અને નવા રૂટ શરૂ કરવા માટે સર્વેક્ષણ હાથ ધરશે. વર્ષ દરમિયાન હેરિટેજ અને પર્યટન સ્થળો માટે ખાસ બસ સેવાઓ શરૂ કરવાની પણ યોજના પણ છે, આ સાથે રિવરફ્રન્ટના બંને કાંઠે ઇલેક્ટ્રિક બસો ચલાવવાની પણ યોજના હોવાનું જાણવા મળ્યું હતું.

આ સાથે મલ્ટિ-લેવલ બસ ડેપો, સોલાર પેનલ ચાર્જિંગ સ્ટેશન્સ, ગ્રીન બસ શેલ્ટર વગેરેનો પણ સમાવેશ બજેટમાં કરવામાં આવ્યો છે. હાલમાં પ્રવાસીઓને આપવામાં આવતી વિવિધ સુવિધાઓ, કન્સેશન્સ યથાવત રાખવામાં આવ્યા છે, તેમ પણ સૂત્રોએ જણાવ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# જિલ્લા કલેક્ટરો દ્વારા પરત કરાયેલા ₹ ૨૦૦ કરોડના વસૂલાત ઓર્ડર અંગે 'મહારેરા'ને હજી આશા!

## મહારેરા દ્વારા અત્યાર સુધી જારી કરાયેલા ૭૯૨ કરોડના વસૂલાત ઓર્ડરમાંથી ૨૭૦ કરોડ વસૂલ કરવામાં આવ્યા છે ₹ ૫૨૨ કરોડના બાકીમાંથી ૧૦૩ કરોડ કંપની ટ્રિબ્યૂનલમાં અટવાયેલા છે

મુંબઈ: ઘર ખરીદનારાઓને વળતર માટે જારી કરાયેલા વસૂલાત ઓર્ડરમાંથી, સંબંધિત જિલ્લા કલેક્ટરોની કચેરીઓએ લગભગ ૨૦૦ કરોડના વસૂલાત ઓર્ડર 'મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ ઓથોરિટી' (મહારેરા)ને એવું કારણ આપીને પાછા મોકલી દીધા છે કે સંબંધિત ડેવલપર્સ પાસેથી વસૂલાત શક્ય નથી. મહારેરાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આવી સ્થિતિ માત્ર મહારાષ્ટ્રમાં જ નહીં પરંતુ અન્ય રાજ્યોમાં પણ સામે આવી છે.

મહારેરા દ્વારા અત્યાર સુધી જારી કરાયેલા ૭૯૨ કરોડના વસૂલાત ઓર્ડરમાંથી ૨૭૦ કરોડ વસૂલ કરવામાં આવ્યા છે. ૫૨૨ કરોડની લેણી બાકીમાંથી ૧૦૩ કરોડ કંપની ટ્રિબ્યુનલમાં અટવાયેલા છે. આ ઉપરાંત, જિલ્લા કલેક્ટરે લગભગ ૨૦૦ કરોડ રૂપિયાના રિકવરી ઓર્ડર પરત કર્યા છે. તેથી, મહારેરાએ દાવો કર્યો છે કે વાસ્તવમાં, ૨૧૯ કરોડ રૂપિયાની રિકવરી બાકી છે. આમાંથી ૯૫ કરોડ રૂપિયા ઉપનગરોમાં જેવીપીડી ડેવલપર્સ અને ૫૫ (પંચાવન) કરોડ રૂપિયા પુણેમાં માર્વેલ ગ્રુપના બાકી છે. શહેરના વૈભવી પ્રોજેક્ટ પેલેલ રોયલમાં ઘર ખરીદનારાઓના ૨૫ (પચીસ) કરોડ રૂપિયા અટવાયેલા છે. આ ઉપરાંત, જિલ્લા કલેક્ટર દ્વારા પરત મોકલવામાં આવેલા ૨૦૦ કરોડ રૂપિયાના રિકવરી ઓર્ડરનો મુદ્દો તપાસ માટે આવેલી કેન્દ્રીય ટીમ સમક્ષ ઉઠાવવામાં આવ્યો હતો. તે સમયે, આ ટીમે સ્પષ્ટતા કરી હતી કે આ મુદ્દો અન્ય રાજ્યોમાં પણ ઉભો થયો છે. આ સંદર્ભમાં કેન્દ્રીય ગૃહ વિભાગને રિપોર્ટ સુપરત કરવામાં આવશે. તેથી, મહારેરાએ આશા વ્યક્ત કરી છે કે આ અંગે નિર્ણય કેન્દ્ર સરકારના સ્તરે લેવામાં આવશે. મિલકત હરાજી માટે ઉપલબ્ધ ન હોવા અથવા મિલકત શોધી શકાતી ન હોવા જેવા કારણોસર જિલ્લા કલેક્ટરને રિકવરી ઓર્ડર પરત કરવાની સત્તા છે. આ નિર્ણયના આધારે, જિલ્લા કલેક્ટર કચેરીએ આ રિકવરી ઓર્ડર પરત કર્યા છે. મહારેરા દ્વારા જારી કરાયેલા વસૂલાતના આદેશો સંબંધિત ડેવલપરની મિલકતો વિશે માહિતી પ્રદાન કરે છે. આમાં વેચવામાં આવનારા ફ્લેટ વિશેની માહિતી શામેલ છે. અધિકારીએ ધ્યાન દોર્યું કે આવી મિલકતો પર જિલ્લા કલેક્ટર પણ કડક કાર્યવાહી કરી શકે છે. છેલ્લા દસ મહિનાથી, વડા પ્રધાન પોતે મુખ્ય સચિવની પ્રગતિ બેઠકમાં બાકી વસૂલાતના આદેશોની સમીક્ષા કરી રહ્યા છે. આ અધિકારીએ એવી આશા પણ વ્યક્ત કરી હતી કે આનાથી બાકી વસૂલાતના આદેશોના અમલીકરણમાં સુધારો થશે.

બાકી રકમ અને વસૂલાત (કૌંસમાં)

મુંબઈ શહેર: ૧૦૪ કરોડ (૫૩ કરોડ), મુંબઈ ઉપનગર: ૩૫૨ કરોડ (૧૧૨ કરોડ), પુણે: ૧૯૫ કરોડ (૪૭ કરોડ), થાણે: ૭૪ કરોડ (૨૩ કરોડ) અલીબાગ/રાયગઢ: ૨૪ કરોડ (નવ કરોડ), પાલઘર: ૨૦ કરોડ (૪.૫ કરોડ), નાગપુર: ૧૦.૬૩ કરોડ (૯.૬૫ કરોડ), સંભાજીનગર: ૪.૦૪ કરોડ (૩.૮૪ કરોડ).

# પોલીસના સ્વાંગમાં કેન્યાની મહિલાના ૬૬.૪૫ લાખ રૂપિયા લૂંટી લીધા

મુંબઈ: દક્ષિણ મુંબઈના ફોર્ટ વિસ્તારમાં પોલીસના સ્વાંગમાં કેન્યાની મહિલા પાસેના ૬૬.૪૫ લાખ રૂપિયા લૂંટી બે શખસ મોટરસાઇકલ પર ફરાર થઇ ગયા હતા. એમઆરએ માર્ગ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને શકમંદને ઝડપી પાડ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર ફોર્ટમાં એમ.જી. રોડ પર ઇમારત નજીક મંગળવારે બપોરે આ ઘટના બની હતી. કેન્યાના નૈરોબીની રહેવાસી સુમૈયા મોહંમદ અબ્દી (૨૬)નો ગાર્મેન્ટનો વ્યવસાય છે. તે વ્યવસાય અર્થે ૨૬ જાન્યુઆરીએ ભારત આવી હતી અને મોહંમદ અલી રોડ પર આવેલી હોટેલમાં રોકાઇ હતી. બીજે દિવસે સુમૈયા અબ્દી કપડાં ખરીદવા નીકળી હતી અને કેન્યાના તેના મિત્રોને તે કાલબાદેવી વિસ્તારમાં મળી હતી. કપડાંના વેપારીઓને ચૂકવવા માટે મિત્રોએ તેને ૫૮ લાખ રૂપિયા આપ્યા હતા, જ્યારે સુમૈયા પાસે આઠ લાખ રૂપિયા હતા. સુમૈયાએ ત્યાર બાદ કોલાબાની હોટેલમાં રોકાયેલ મિત્રને મળવાનું નક્કી કર્યું હતું. સુમૈયા અને તેનો મિત્ર બપોરના અઢી વાગ્યાની આસપાસ કેબમાં ફોર્ટના એમ.જી. રોડ પર પહોંચ્યા ત્યારે મોટરસાઇકલ પર આવેલા બે શખસે કેબને થોભાવી હતી. પોતાની ઓળખ પોલીસ તરીકે આપનારા શખસોએ કેબની તલાશી લેવાની હોવાનું ડ્રાઇવરને જણાવ્યું હતું. ડ્રાઇવર બહાર નીકળ્યા બાદ મોઢા પર માસ્ક પહેરેલો શખસ સુમૈયા પાસે આવ્યો હતો અને તેની પાસેની બેગ લઇ લીધી હતી, જેમાં રૂપિયા હતા. તેમને નજીકના પોલીસ સ્ટેશનમાં હાજર થવાનું કહીંને બંને શખસ ત્યાંથી મોટરસાઇકલ પર જતા રહ્યા હતા. દરમિયાન સુમૈયાએ ડ્રાઇવરને કેબ હોટેલ તરફ લઇ જવાનું કહ્યું હતું અને બાદમાં એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજ અને મોટરસાઇકલના રજિસ્ટ્રેશન નંબરને આધારે શકમંદને ઝડપી પાડ્યો હતો અને તેની પૂછપરછ ચાલી રહી છે.

# વિસ્ફોટ થયો ત્યારે વિમાનમાં કેટલું ઈંધણ હતું?

મુંબઈ: લેન્ડિંગ દરમિયાન જમીન પર પટકાતા સાથે જ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું વિમાન તૂટી પડ્યું હતું. વિમાનમાં રહેલી વિશાળ ઇંધણ ટાંકી આ ભીષણ આગનું કારણ હોવાનું બહાર આવ્યું છે, બારામતી એરપોર્ટ પર સુવિધાઓના અભાવે આ અકસ્માત વધુ ઘાતક બન્યો હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે. વિમાન મુંબઈથી બારામતી ગયું હતું અને ત્યાંથી મુંબઈ પરત ફરવાનું હતું. ગણતરી મુજબ મુંબઈ-બારામતી ફ્લાઇટ માટે લગભગ ૪૦૦ લિટર ઇંધણનો ઉપયોગ થયો હતો. પાછા ફરવા માટે કટોકટી અને અનામત સહિત વિમાનમાં ઇંધણ ૧,૪૦૦ લિટર (૧.૧૨ ટન) બાકી હતું. લેન્ડિંગ દરમિયાન વિમાન રનવે પરથી લપસી ગયું અને ખાડામાં પછડાયું ત્યારે મોટી માત્રામાં ઇંધણનો જથ્થો હોવાથી ભીષણ આગ લાગી હતી. પરિણામે મુસાફરોને બચવાની કોઈ તક મળી નહીં.આ અકસ્માતનું સૌથી મોટું કારણ બારામતી એરપોર્ટ પર ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (આઈએલએસ)નો અભાવ હોવાનું કહેવાય છે. આઈએલએસ સિસ્ટમ ગાઢ ધુમ્મસ અથવા ખરાબ હવામાનમાં રેડિયો સિગ્નલ દ્વારા પાઇલટને રનવેની ચોક્કસ દિશા બતાવે છે. બારામતીમાં આ સુવિધા ન હોવાથી, પાઇલટે ફક્ત પોતાની આંખો (મેન્યુઅલ લેન્ડિંગ) પર આધાર રાખીને વિમાનને લેન્ડ કરાવવું પડ્યું.

# સમૃદ્ધિ હાઈવેના વિસ્તરણને વેગ મળ્યો: ૯૦ ટકા જમીન સંપાદન પૂર્ણ

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમને નાગપુર-મુંબઈ સમૃદ્ધિ હાઇવેના વિસ્તરણને ઝડપી બનાવવાનો આદેશ આપ્યો. તે મુજબ એમએસઆરડીસીએ ફેબ્રુઆરીના અંત સુધીમાં ત્રણ વિસ્તૃત હાઇવે – નાગપુર – ચંદ્રપુર, નાગપુર – ગોંદિયા અને ભંડારા – ગઢચિરોલીના બાંધકામ માટે ટેન્ડર બહાર પાડવાનો નિર્ણય લીધો છે. સાથે જ, નાગપુર-ગોંદિયા અને ભંડારા – ગઢચિરોલી હાઇવે માટે ૯૦ ટકા જમીન સંપાદન પૂર્ણ થઈ ગયું છે. ટૂંક સમયમાં નાગપુર – ચંદ્રપુર હાઇવેનું જમીન સંપાદન પણ પૂર્ણ થશે. ત્યારબાદ આ ત્રણેય પ્રોજેક્ટ્સ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને આગામી થોડા મહિનામાં જ બાંધકામ શરૂ કરવાનું એમએસઆરડીસીનું આયોજન છે. સમૃદ્ધિ હાઇવેનું વિસ્તરણ નાગપુર-ચંદ્રપુર, નાગપુર-ગોંદિયા અને ભંડારા-ગઢચિરોલી સુધી કરવાનો નિર્ણય લઈને આ ત્રણેય હાઈવેના એલાઈનમેન્ટને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. હવે નાગપુર-ચંદ્રપુર હાઈવેના સુધારેલા એલાઈનમેન્ટ મુજબનો પ્રસ્તાવ પર્યાવરણની પરવાનગી માટે કેન્દ્ર સરકારને મંજૂરી માટે મોકલવામાં આવ્યો છે. બીજી તરફ આ હાઈવે માટે જમીન સંપાદનના કામમાં ઝડપ લાવવામાં આવશે. નાગપુર-ગોંદિયા અને ભંડારા-ગઢચિરોલી હાઈવેનું ૯૦ ટકા જમીન સંપાદન પૂર્ણ થઈ ગયું છે. હવે આ ત્રણેય હાઈવેના બાંધકામ માટે ફેબ્રુઆરીના અંતમાં ફરીથી નવા ટેન્ડર બહાર પાડવામાં આવશે.

### 'રાત્રે કારમાં પુણે જતા રહીએ'

# ડ્રાઈવરની સલાહ અજિત પવારે માની નહીં

મુંબઈ: કરૂણ વિમાન અકસ્માતની આગલી એટલે કે મંગળવારે રાત્રે અજિત પવારના ડ્રાઇવર શ્યામરાવ નારાયણ મનવેએ તેમને રાત્રે જ કારમાં પુણે અથવા બારામતી જવાની સલાહ આપી હતી. જોકે અજિત દાદાએ તેની વાત સાંભળી નહીં. 'આજે મેં સર્વસ્વ ગુમાવી દીધું છે' એવી લાગણી ડ્રાઇવરએ વ્યક્ત કરી છે. મુંબઈમાં મીટિંગ વહેલી પૂરી થઈ ગઈ હોવાથી ૭૧ વર્ષના ડ્રાઇવર શ્યામરાવ નારાયણ મનવેએ અજિત દાદાને કહ્યું કે 'દાદા, ચાલો રાત્રે કારમાં જ નીકળી જઈએ. સવારે આરામથી પહોંચી જઈશું.' પણ દાદાએ તેમની વાત સાંભળી નહીં. તેમણે ડ્રાઇવરને કહ્યું કે 'તું પુણે પહોંચ. મીટિંગ પૂરી કરી હું સવારે પુણે પહોંચી જઈશ.'મીડિયા સાથે વાત કરતી વખતે શ્યામરાવ મનવે ભાવુક થઈ ગયા. તેમણે કહ્યું કે 'દાદા મારા માટે ભગવાન હતા. હું ૨૦ જાન્યુઆરી, ૧૯૯૯થી તેમના ડ્રાઇવર તરીકે કામ કરી રહ્યો છું. ૨૦૧૩ માં નિવૃત્ત થયો હોવા છતાં દાદા સાથે રહ્યો. દાદા મારા ઘરે ગણપતિ ઉત્સવ વખતે ભોજન કરવા આવ્યા હતા. સવારે સાડા સાતે મુંબઈના બંગલામાંથી નીકળ્યા અને થોડી જ વારમાં આ ભયંકર ઘટના બની.'

નવમા પાનાનું ચાલુ

## પગે લાગી

બાજુ નાગરિકોની ભીડ તો હતી જ, મેદાનમાં હજારોની ભીડ હતી. હંમેશા સક્રિય, સમયસર અને કામમાં વ્યસ્ત રહેતા અજિતદાદાનો પાર્થિવ દેહ મેદાનમાં આવતા જ લોકો રડી પડ્યા. પાર્થ અને જયએ અજિતદાદાના અગ્નિસંસ્કાર પહેલાં ધાર્મિક વિધિઓ કરી. ધાર્મિક વિધિઓ પૂર્ણ થયા પછી, જય પવારે અજિતદાદાના પગે પડીને તેમને આલિંગન આપ્યું. આ હૃદયદ્રાવક દૃશ્ય જોઈ પ્રેક્ષકોની આંખોમાં આંસુ આવી ગયા હતા.

## અજિત પવાર વિના

જે વૈચારિક મતભેદોથી આગળ વધીને કામ કરતા હતા. સત્તામાં ત્રણેય પક્ષો – કોંગ્રેસ, શિવસેના અને ભાજપ – સાથે કામ કરનારા પવાર, ફડણવીસના એવા સાથી હતા, જેના પર દરેક મુશ્કેલ સમયમાં વિશ્વાસ કરી શકાય. ફડણવીસ અને અજિત પવાર વચ્ચેની રાજકીય કેમેસ્ટ્રી ૨૦૧૯ માં સામે આવી જ્યારે બંનેએ વહેલી સવારે શપથ લઈને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. જોકે, તે સરકાર ફક્ત ૭૨ કલાક જ ચાલી અને બાદમાં અજિત પવાર ઉદ્ધવ ઠાકરે સરકારમાં નાયબ મુખ્યપ્રધાન બન્યા, જ્યારે ફડણવીસ વિપક્ષમાં બેઠા. આમ છતાં, તેમના સંબંધોમાં કોઈ કડવાશ નહોતી. આ ભાગીદારી ૨૦૨૩ માં વધુ મજબૂત થઈ જ્યારે અજિત પવારે તેમના કાકા શરદ પવાર સામે બળવો કર્યો, ગઈક થી છુટા પડી શિંદે સરકારમાં જોડાયા. જેમ શિંદેએ ૨૦૨૨માં શિવસેનામાં બળવો કરીને સરકાર બદલી હતી, તેવી જ રીતે ૨૦૨૩માં અજિત પવારના પ્રવેશથી મહાયુતિને નવી તાકાત મળી. ૨૦૨૪ ની વિધાનસભા ચૂંટણીના પરિણામો પછી, મહાયુતિને સ્પષ્ટ બહુમતી મળી, પરંતુ મુખ્ય પ્રધાન પદને લઈને સંઘર્ષ સામે આવ્યો. એકનાથ શિંદેએ મક્કમ વલણ અપનાવ્યું અને મુખ્યપ્રધાન પદ માટે આગ્રહ રાખ્યો. આ દરમિયાન, ફડણવીસ, શિંદે અને અજિત પવાર દ્વારા સંયુક્ત પત્રકાર પરિષદમાં એકતાનો સંદેશ આપવામાં આવ્યો, પરંતુ આંતરિક તણાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો હતો. આ દરમિયાન જ અજિત પવાર આગળ આવ્યા અને ગઈક ના બિનશરતી સમર્થનની જાહેરાત કરીને ભાજપના નેતૃત્વ હેઠળના ગઠબંધનને મજબૂત કર્યું. આખરે શિંદેને પીછેહઠ કરવી પડી અને બે અઠવાડિયા પછી ફડણવીસે મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા. છેલ્લા એક વર્ષમાં, અજિત પવારે પશ્ચિમ મહારાષ્ટ્રમાં સહકારી ચળવળમાં પોતાના અનુભવનો ઉપયોગ કૃષિ, જળ સંસાધનો અને ગ્રામીણ વિકાસ જેવા મુખ્ય ક્ષેત્રોમાં સરકારી નીતિનું નેતૃત્વ કર્યું. તેમની હાજરીથી સરકારમાં સંતુલન જળવાઈ રહ્યું અને ગઠબંધનમાં વાતચીત સરળ બની. હવે, અજિત પવારના નિધન પછી, મહાયુતિમાં કોઈ મજબૂત, ઉચ્ચ સ્તરનો ગઈક નેતા નથી જે ભાજપ માટે સંતુલનની ભૂમિકા ભજવી શકે. આવી સ્થિતિમાં ફડણવીસે હવે એકલા હાથે એકનાથ શિંદેનો સામનો કરવો પડશે. એવું માનવામાં આવે છે કે શિંદેની સોદાબાજી વધશે. તાજેતરની બીએમસી અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓમાં આ સ્પષ્ટ થયું છે. સ્પષ્ટ જનાદેશ હોવા છતાં, ભાજપ-શિવસેના ગઠબંધન હજુ સુધી મેયર પદ પર સર્વસંમતિ સાધી શક્યું નથી. શિંદે રોટેશન ફોર્મ્યુલાની માંગ કરી રહ્યા હોવાનું કહેવાય છે અને પરિણામો પછી ૨૯ નવા ચૂંટાયેલા કાઉન્સિલરોને બે દિવસ માટે મુંબઈના એક રિસોર્ટમાં લઈ જવાને પણ આ રણનીતિનો એક ભાગ માનવામાં આવે છે. મહાયુતિમાં અજિત પવાર વિના, શિંદેનો અવાજ હવે વધુ મજબૂત બનશે. આ પરિસ્થિતિ ફડણવીસ માટે અસ્વસ્થતાજનક હોઈ શકે છે. મહારાષ્ટ્રના રાજકારણમાં હવે એક નવી વાસ્તવિકતા સામે આવી છે. 'દાદા' વગરની મહાયુતિ, આવનારા દિવસોમાં એ જોવાનું રસપ્રદ રહેશે કે ફડણવીસ આ બદલાયેલા સમીકરણને કેવી રીતે સંભાળે છે અને શું મહાયુતિ એ જ તાકાત સાથે આગળ વધી શકે છે.

## હવે રાજ્યનું

દ્વારા રજૂ કરાયેલું બીજા નંબરે સૌથી વધુ વખત હતું.

નાણાકીય દબાણ હોવા છતાં પવારે જાહેરાત કરી હતી કે સરકાર રેડી રેકનર રેટમાં વધારો કરશે નહીં કે કોઈ મોટો નવો કર લાગુ કરશે નહીં, કારણ કે તેમણે કરદાતાઓ અને સામાન્ય માણસ પર બોજ વધારશે તેવી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે એ પણ ખાતરી આપી હતી કે વિકાસ અથવા માળખાગત ખર્ચમાં કોઈ ઘટાડો કરવામાં આવશે નહીં.

જોકે, અનેક નવા માળખાગત પ્રોજેક્ટ્સ લાઇનમાં હોવાથી અને મહેસૂલ આવક પર દબાણ હોવાથી અધિકારીઓ સ્વીકારે છે કે આગામી બજેટને સંતુલિત કરવું મુશ્કેલ બનશે.

સંજોગોને જોતાં મંત્રાલયમાં ઘણા લોકો માને છે કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ નાણા વિભાગનો કામચલાઉ હવાલો સંભાળવા માટે સૌથી યોગ્ય વિકલ્પ છે. ફડણવીસે અગાઉ આ પોર્ટફોલિયો સંભાળ્યો છે અને બજેટ બનાવવાની પ્રક્રિયાથી પરિચિત છે. ભૂતકાળમાં, તેમણે રાજ્યના બજેટને સરળ ભાષામાં સમજાવતી એક સરળ પુસ્તિકા પણ લખી હતી, જેનો હેતુ નાગરિકોને જટિલ નાણાકીય શરતો અને ફાળવણીઓને સમજવામાં મદદ કરવાનો હતો.

રાજકીય અનિશ્ચિતતા અને નાણાકીય દબાણ વચ્ચે સરકાર બજેટ સત્રની તૈયારી કરી રહી છે, ત્યારે મહારાષ્ટ્રના નાણાકીય સંચાલનની જવાબદારી હવે આગામી નેતૃત્વ પર છે.

## અજિત પવાર વિમાન

સુનિશ્ચિત કરવી એ અમારી પ્રાથમિકતા છે.

**બ્લેક બોક્સ મળી આવ્યું:** અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે કોકપીટ વોઇસ રેકોર્ડર અને ફ્લાઇટ ડેટા રેકોર્ડર – જેને સામૂહિક રીતે બ્લેક બોક્સ તરીકે ઓળખવામાં આવે છે તે મળી આવ્યા છે અને વિમાનના અંતિમ ક્ષણોમાં શું થયું તે જાણવા માટે તેનું વિશ્લેષણ કરવામાં આવશે. તપાસ AAIB, ૨૦૨૫ ના નિયમો ૫ અને ૧૧ અનુસાર શરૂ કરવામાં આવી છે, અને તે નિર્ધારિત માનક સંચાલન પ્રક્રિયાઓ (SOPs) અનુસાર હાથ ધરવામાં આવશે.

બુધવારે સાંજે AAIBની એક વિશેષ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને ફોરેન્સિક પ્રક્રિયાઓ શરૂ કરી, જેમાં કાટમાળને સુરક્ષિત કરવા, કાટમાળનું મેપિંગ કરવું અને મહત્વપૂર્ણ પુરાવા એકત્રિત કરવાનો સમાવેશ થાય છે.

તપાસકર્તાઓએ વિમાનના ઓપરેટર, દિલ્હી સ્થિત VSR વેન્ચર્સ પ્રાઇવેટ લિમિટેડ પાસેથી એરફ્રેમ અને એન્જિન લોગબુક, જાળવણી રેકોર્ડ, નિરીક્ષણ ઇતિહાસ, કાર્ય ઓર્ડર અને ઓનબોર્ડ દસ્તાવેજો માંગ્યા છે. DGCA પાસેથી ક્રૂ મેમ્બરની યોગ્યતા અને એરક્રાફ્ટ સર્ટિફિકેશન જેવા દસ્તાવેજો પણ માગવામાં આવ્યા છે.

વધુમાં, અંતિમ ઘટનાક્રમ જાણવા માટે રડાર ડેટા, એર ટ્રાફિક કોમ્યુનિકેશન રેકોર્ડિંગ્સ, સીસીટીવી ફૂટેજ અને હોટલાઇન એક્સચેન્જનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

## વારંવાર ટ્રેનો

ટ્રેનો દરરોજ મોડી પડે છે. સવારે કામ પર જવાની ઉતાવળમાં રહેલા કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાઈ જાય છે. અનેક ઓફિસમાં વારંવાર લેટ પડતા પગાર કાપી લેવામાં આવે છે. ક્યારેક કર્મચારીને ઘરે મોકલી દેવામાં આવે છે. રેલવેની આ મૂંઝવણને કારણે પ્રાઇવેટ ક્ષેત્રમાં કામ કરતા લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

છેલ્લા એક વર્ષથી મધ્ય રેલવેના મુસાફરો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ટ્રેનો સમયસર ન આવતી હોવાથી દરેક લોકલ ટ્રેનો ખીચોખીચ ભરેલી હોય છે. મહિલાઓ, વિદ્યાર્થીઓ અને વરિષ્ઠ નાગરિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. મુસાફરો રેલવે પ્રશાસન પર સમયસર ટ્રેનો ચલાવવામાં નિષ્ફળ જવાનો આરોપ મૂકી રહ્યા છે.

# હિન્દુ મરણ

**નવગામ વિસાનગર વણિક સમાજ**

મૂળ ગામ માણસા હાલ મુંબઇ સ્વ. કંચનબેન જમનાદાસ સાકળચંદ ચોકસીના સુપુત્ર હર્ષદભાઇ (ઉં. વ. ૭૪) તે મિત્રાબેનના પતિ. અવની, નેહાના પિતાશ્રી. સૌરીન, આદિત્યના સસરા. નિરૂપાબેન, સ્વ. ગીતાબેન, સ્વ. વર્ષાબેન, રાજેશભાઇના ભાઇ. બિંદુબેનના જેઠ તા. ૨૭-૧-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૧-૧-૨૬ શનિવારે; મુંબઇ પાટીદાર સમાજ, મફતલાલ બાગ, ૬, ફ્રેન્ચ બ્રિજ, મુંબઇ - સાંજે ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ બારપટોડીવાળા હાલ દહિસર, સ્વ. પાર્વતીબેન કરસનભાઈ કવાના પુત્ર તથા સ્વ. પ્રવિણાબેનના પતિ હિંમતભાઇ કવા (ઉં.વ. ૭૦) તા. ૨૬/૧/૨૬ના રામશરણ પામેલ છે. તે મિતેષ, અલકા દેવાંગ, મીનાક્ષી હિતેશ, મયુરી નિલેશના પિતા. કાંતિભાઈ, વિનોદભાઈ, પ્રભાબેન, સવિતાબેન, લીલીબેન, દયાબેન, કૈલાશબેનના ભાઈ. સ્વ. દામજીભાઇ વેલજીભાઇ પરમારના જમાઈ. અંકિત, વૃત્તિ, હિતાક્ષી, કાવ્યા, નૈષાના દાદા. પ્રાર્થનાસભા ૩૦/૧/૨૬ના રોજ શુક્રવાર ૫ થી ૭. લુહાર સુથાર વેલફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઇ સુતાર**

રાણપુર નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. હીરાબેન રતિલાલ સોલંકી (ઉં.વ. ૯૨) તા. ૨૪/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે મધુસુદન, દિનેશ, નીતિન, નીલાબેનના માતુશ્રી. ઈલા, મીતા, દર્શના, અરવિંદકુમારના સાસુ. મયુર, હિરલ, શાર્દુલ, શિવમના દાદી. સ્વ. સુરજબેન, નિર્મળાબેન, શારદાબેનના જેઠાણી. કનુભાઈ, કાંતિભાઈ, મહેન્દ્રભાઈના માસી. બંને પક્ષની સાદડી તા. ૩૦/૧/૨૬ના રોજ ૪ થી ૬. સ્વામિનારાયણ સંસ્કાર ધામ, અજમેરા સ્કૂલની પાસે, યોગીનગર, બોરીવલી વેસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

બોરીવલી નિવાસી, સ્વ. પુષ્પાબેન પ્રભુલાલ મણિયાર (ટંડાવાલા)ના સુપુત્ર રાજુભાઈ (ઉં.વ. ૭૨) હર્ષના પિતાશ્રી. મિનાક્ષી કિશોરભાઈ શાહ, સ્વ. હરીશભાઈ તથા અતુલના ભાઈ. સ્વ. ધીરજલાલ ઠાકરના જમાઈ. અમેરિકા મુકામે તા. ૧૪-૧-૨૬ના રોજ અમેરિકા શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ભરૂચ મોઢ વણિક જ્ઞાતિ**

હાલ વાશી- નવી મુંબઈ, ધીરેન હરેશચંદ્ર મજમુદાર (ઉં.વ. ૬૨), વંદનાબેનના પતિ. પ્રેરણાના પિતા. જયકુમાર શાહના સસરા. સ્વ. સુમનબેન-સ્વ. હરેશભાઈના દિકરા તથા સ્વ. અચલાબેન-સ્વ. રમેશચંદ્ર શાહના જમાઈ. વર્ષાબેન રાજેનભાઈ વેદ અને સ્મૃતિબેન નીતિનકુમાર શાહના ભાઈ. બુધવાર, તા. ૨૮/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૩૧/૧/૨૬ના સાંજે ૫ થી ૭. ગુજરાત ભવન, પરમાર્થ નિકેતન માર્ગ, જુહુ નગર, જુઈ નગર, સેક્ટર ૧૫, વાશી, નવી મુંબઈ.

**ગુ. ક્ષ.ક. સમાજ કાંદિવલી**

મુળ ગામ જામ વણથલી, હાલ કાંદિવલી, હીરાબેન પ્રેમજીભાઈ મકવાણા (ઉં.વ. ૮૦) તા. ૨૭/૧/૨૬ને મંગળવારે પરમધામ સિધાવેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦/૧/૨૬ શુક્રવાર સાંજના ૪થી ૬. સરનામું: વાંજા વાડી, મથુરાદાસ રોડ, કાંદિવલી પશ્ચિમ. પુત્ર: વિજય પ્રેમજી મકવાણા, મહેન્દ્ર પ્રેમજી મકવાણા.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

કાંદિવલી, કાંતિલાલ વલ્લભદાસ નિર્મળ (ઉં.વ. ૭૯), તા. ૨૮/૧/૨૬ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જડાવબેન, સ્વ. વલ્લભદાસ અમરશી નિર્મળ (ચિત્તલવાળા)ના પુત્ર. સ્વ. અસ્મિતાબેનના પતિ. ચિ. ભક્તિ અમિત, પૂર્વી આસિફ સંધ્યા, પારુલ યોગેશના પિતા. સ્વ. મંગળાબેન, સ્વ. મંછીબેન પડીયા, સ્વ. કાંતાબેન પડીયા, સ્વ. મુક્તાબેન પડીયા, સ્વ. લાભુબેન જોગી, સ્વ. જશોદાબેન બોસમીયા, સ્વ. પ્રદીપકુમાર અને જગતના ભાઈ. સ્વ. લીલાબેન છગનલાલ હરજીવનદાસ જગડના જમાઈ. જાહન્વી આરિયા, હેના, તનુશ્રી, ઝોયાના નાના. પ્રાર્થનાસભા તા. ૩૦/૧/૨૬ના શુક્રવાર, સાંજે ૪થી ૬. ઠે. શ્રી લોહાણા મહાજન વાડી, (૧) પહેલે માળે, શંકરમંદિર પાસે, સ્વામી વિવેકાનંદ રોડ, કાંદિવલી પશ્ચિમ.

# પારસી મરણ

**નાવારસ**

સોલી પીરોજશા દસ્તુર પારસી પંચાયત દસ્તક તે મરહુમ શાઝાદના પપ્પા. (ઉં. વ. ૮૩) રે. ઠે. એફ.એસ. પારેખ ધરમશાળા, ૩૪, હ્યુજીસ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રામીળી જૈન**

ચોગઠ નિવાસી હાલ મુલુન્ડ સ્વ. લક્ષ્મીબેન રૂગનાથ રાયચંદ શાહના સુપુત્ર કનૈયાલાલ (ઉં. વ. ૯૧) બુધવાર, તા. ૨૮-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઇન્દુમતીબેનના પતિ. અતુલભાઇ, નિલેશભાઇ અને બીનાબેન મહેશકુમાર દોશીના પિતા. મણીભાઇ, સ્વ. શાંતિભાઇ અને મંજુલાબેન શાંતિલાલ શાહના ભાઇ. તે પિયર પક્ષે પિયાવાવાળા સ્વ. ચત્રભુજ ભાઇચંદ શાહના જમાઇ. સાદડી - બેસણું તા. ૩૦-૧-૨૬ શુક્રવારના બપોરે ૩થી ૭. ઠે. પી-૩, નીલકંઠ તીર્થ, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ).

**સ્થાનકવાસી જૈન**

માંગરોળ નિવાસી હાલ સાયન, સ્વ. હીરાલાલભાઇ તથા સ્વ. જસુમતી શેઠના પુત્ર ભરતભાઇ શેઠ બુધવાર, તા. ૨૮-૧-૨૬ના અરિહંતશરણ પામલ છે. તે ભારતી ભરત શેઠનાં પતિ. જેસલ તથા મૌલિક શેઠના પિતા. નીતીન રોહિણી નેહલના ભાઇ. અમૃતલાલ રૂગનાથજી શાહનાં જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશશ્રીમાળી જૈન**

ધાંગધ્રા નિવાશી હાલ મીરા રોડ, વિનયકુમાર પોપટલાલ કોઠારીના ધર્મપત્ની અ.સૌ. શ્રીમતી વૈશાલીબેન (સોનલબેન) (ઉં.વ. ૫૫) તા. ૨૮-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ધવલ અને હર્ષના માતુશ્રી. ચેતનભાઈ-વનિતા, ભાવેશ-મીના, મોહિની તાનાજી સીવગણ, ભારતી રાજેશકુમાર શાહ, પ્રફુલભાઇ-નિશાના ભાઈના પત્ની. પિયરપક્ષે સ્વ. રમણલાલ લલ્લુભાઈ શાહ મહુડીના દિકરી. તેમની બેસરાણ તા. ૩૦-૧-૨૬ના શુક્રવાર ૩ થી ૫. બાપા સીતારામ આશ્રમ, અયપ્પા મંદિર ગલી, પૂનમ વિહાર, મીરા રોડ ઇસ્ટ.

**શ્વેતાંબર જૈન**

પાટણ (વાવ) નિવાસી હાલ બોરીવલી, સ્વ. બાબુલાલ વલમચંદ મહેતાના ધર્મપત્ની લીલાબેન બાબુલાલ મહેતા (ઉં.વ. ૭૮) તા. ૨૮/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હિતેશભાઈ, અંજનાબેન, નિલેશભાઈના માતૃશ્રી. મિતેશભાઈ, સંગીતાબેન, એકતાબેનના સાસુ. પાર્થ, સ્વાતિ, પંક્તિ, હેત, યશના દાદી. નવીનભાઈ કોરડિયા, સ્વ. રસીલાબેનના બેન. સ્વ. રસિકલાલ, સ્વ. હિંમતભાઈ, નટુભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. રાજુભાઈ, સ્વ. ગુણવંતીબેન જયંતિલાલ કોરડિયા, તારાબેન, ચંદ્રિકાબેન, સ્વ. રસીલાબેન, વીણાબેન, સુશીલાબેનના ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પૂ. શ્રી નયનાકુમારી મહાસતીજી આજીવન અનશનવ્રત આરાધીને સમાધીપૂર્વક કાળધર્મ પામેલ છે શ્રી સ્થાનકવાસી છ કોટિ જૈન લીંબડી અજરામર સંપ્રદાયનાં પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ગુરુદેવ શ્રી ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તિની ધન-મંજુલ મ.સ.ના સુશિષ્યા તથા શ્રી જ્યોતિપ્રભાજી-શ્રી રશ્મીનાકુમારી મહાસતીજીના સમુદાયનાં શ્રી નયનાકુમારી મહાસતીજી સંસાર પક્ષે ત્રમ્બૌ-વાગડ-કચ્છના માતુશ્રી ચોથીબેન હીરજી સામત શાહના સુપુત્રી દીક્ષા પર્યાય-૫૩ વર્ષ, (ઉં.વ. ૭૪), તા. ૨૮-૧-૨૬, બુધવારના કાળધર્મ પામેલ છે. તેમની પાલખીયાત્રા ૨૯-૧-૨૬, ગુરુવારે બપોરે-૦૩-૦૦ વાગ્યે અજરામર ઉપાશ્રય-અંકુર-અમદાવાદથી સંપન્ન થઈ ગયેલ છે.

કારાઘોઘાના ચેતન લાલજી સાવલા (ઉં.વ. ૫૮) તા. ૨૮-૧-૨૬ના અવસાન પામ્યા છે. કસ્તુરબેન લાલજી નેણશીના સુપુત્ર. જયાના પતિ. સોનિધા, કરીનાના પપ્પા. રમણીક, ભુજપુર ઈલા મણીલાલ, ડોણ વનિતા નરેન્દ્ર, રાયણ મૃદુલા વિનોદના ભાઈ. ગેલડાના મંજુલાબેન મોરારજી કુંવરજી દેઢિયાના જમાઈ. પ્રાઃ શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. : કરશન લધુ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. નિ. ચેતન સાવલા : શ્રી રામ બિલ્ડીંગ, રામકૃષ્ણ નગર, પાલઘર (વેસ્ટ)-૪૦૧૪૦૪.

મંજલ રેલડીયા હાલે મુલુંડના કુસુમ ડો. વસંત ભવાનજી રવજી શાહ ગોસર (ઉં.વ. ૬૫) તા. ૨૮-૧-૨૬ના અવસાન પામેલ છે. પાનબાઈ ભવાનજી શાહના પુત્રવધૂ. ડો. વસંતના ધર્મપત્ની. વિવેક, વિપાશાના માતુશ્રી. નવીનાળના ઝવેરબેન દામજી રતનશી મોતાના સુપુત્રી. કિશોર, નીતીન, તરૂ (દક્ષા)ની બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ડો. વસંત બી. શાહ, ૩૫, રિધ્ધી સિધ્ધી, આર.બી. ઠાકુર માર્ગ, મુલુંડ (ઈ).

બાડાના માવજી કુંવરજી વિકમાણી (ઉં.વ. ૮૮) તા. ૨૭-૧-૨૬ના અવસાન પામ્યા છે. મોંઘીબેન/દેવકાબેન કુંવરજી નાગજીના સુપુત્ર. મંજુલાબેનના પતિ. કીર્તિ, સ્વ. ભરત, સંગીતાના પિતાશ્રી. મેઘજી, લાલજી, નેમચંદ, ઇશ્વર, રમેશ, મુલચંદ, બાડા તારાબેન લખમશી નરશી, ગોધરા રૂક્ષ્મણી કાંતિલાલ મેઘજીના ભાઈ. દેવપુર માનબાઈ નાગજી શામજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. માવજી કુંવરજી વિકમાણી : ૫/૨૪, મેઘછાયા, સાઈબાબા રોડ, લાલબાગ, મું.૧૨.

## મહારાષ્ટ્રે અજિત પવારને

દૂર સ્થિત વિદ્યા પ્રતિષ્ઠાન મેદાનમાં લાવવામાં આવ્યો હતો.

અજીત પવારના પિતરાઈ ભાઈ, બારામતીના એનસીપી (એસપી)ના લોકસભાના સભ્ય સુપ્રિયા સુળેએ તેમનાં પત્ની અને રાજ્યસભાના સાંસદ સુનેત્રા પવારે પતિને શ્રદ્ધાંજલી આપતી વખતે ભાંગી પડ્યા ત્યારે તેમની પડખે રહીને સાંત્વન આપતા જોવા મળ્યા હતા. એનસીપીના કાર્યકારી પ્રમુખ અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન પ્રફુલ્લ પટેલ પણ હાજર હતા.

લાઉડસ્પીકરો પર જાહેરાતોમાં લોકોને મૌન અને શિસ્ત જાળવવા અને શિસ્તની કડક ભાવના માટે જાણીતા અજિત પવારને તેમની બેઠકો પરથી શ્રદ્ધાંજલિ આપવા વિનંતી કરવામાં આવી હતી, તેને અજિત પવાર માટે સૌથી મોટી શ્રદ્ધાંજલિ ગણાવી હતી.

શાહ, ગડકરી, નવીન, ફડણવીસ, કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલે, ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંત, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સુશીલકુમાર શિંદે અને આંધ્ર પ્રદેશના પ્રધાન નારા લોકેશ પવારના પાર્થિવ દેહ પર પુષ્પાંજલિ અર્પણ કરનારા નેતાઓમાં સામેલ હતા.

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવ્હાણ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ હર્ષવર્ધન સપકાળ, પાર્ટીના નેતા માણિકરાવ ઠાકરે અને અભિનેતા રિતેશ દેશમુખે પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પહેલાં, શિવસેના (યુબીટી)ના વડા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને મનસેના વડા રાજ ઠાકરેએ કાટેવાડીમાં અજિત પવારના નિવાસસ્થાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# મેટિની

# તુમ હી હો, બસ તુમ હી હો...

**કવર સ્ટોરી**

**હેમા શાસ્ત્રી**



**૧૨ વર્ષથી મ્યુઝિક દ્વારા જેન ઝીના દિલની ધડકન પર સામ્રાજ્ય જમાવનાર અરિજિત સિંહની અણધારી નિવૃત્તિથી ચાહકો વ્યાકુળ થઈ ગયા છે. આમ અચાનક આ રીતે નિવૃત્તિ?**

વિજય મર્ચન્ટ અને સુનીલ ગાવસકર...એ બંને ભારતીય ક્રિકેટના ઓપનિંગ બેટ્સમેન અને વિશ્વખ્યાતિ મેળવનારા ક્રિકેટર. ૧૯૫૧માં ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટમાં ૧૫૪ રનની શાનદાર ઈનિંગ્સ રમ્યા પછી વિજય મર્ચન્ટએ નિવૃત્તિ જાહેર કરતા સોપો પડી ગયો હતો. કેમ? કેમ? કેમ? જેવા સવાલોના ધોધ સામે મિસ્ટર મર્ચન્ટનો જવાબ શાંત વહેતા ખળખળ ઝરણા જેવો હતો: Retire when people ask why, and not why not- ક્યારે નિવૃત્ત થાઓ છો એવો સવાલ થાય એના કરતાં કેમ નિવૃત્ત થયા એવી પ્રતિક્રિયા આવે એ નિવૃત્તિનો શ્રેષ્ઠ સમય છે.

ટૂંકમાં કોઈ કાઢી મૂકે એના કરતાં આપમેળે નીકળી જવામાં વધુ સાર છે. ૩૬ વર્ષ પછી સુનીલ ગાવસકરે પાકિસ્તાન વિરુદ્ધની ટેસ્ટમાં કાતિલ પીચ પર ૯૬ રનની અફલાતૂન ઈનિંગ્સ રમી ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું હતું. અસ્સલ વિજય મર્ચન્ટ સ્ટાઈલમાં. કોઈ 'આવજો' કહે એ પહેલા જાતે 'આવજો' કહીને નીકળી જવું એ ઉત્તમ લક્ષણ છે.

આ અઠવાડિયે હિન્દી ફિલ્મ સંગીતમાં પણ આવી જ એક ઘટના બની. એક આખો દસકો હિન્દી ફિલ્મ સંગીતમાં ગજાવ્યા પછી અચાનક નિવૃત્તિની જાહેરાત કરતા અરિજિત સિંહના અગણિત ચાહકો સ્તબ્ધ થઈ ગયા છે - ચોંકી ગયા છે. નિવૃત્તિનું કારણ?

સિંગરએ સ્પષ્ટતા કરી છે કે 'આ નિર્ણય પાછળ કોઈ એક કારણ જવાબદાર નથી. એકથી વધુ કારણ છે અને સાચું કહું તો લાંબા સમયથી હું 'આવજો' કહેવાનું વિચારી રહ્યો હતો અને આખરે મારામાં એ હિંમત આવી છે. એક મહત્ત્વનું કારણ એ છે કે હું બહુ જલદી કંટાળી જાઉં છું એટલે જ મારાં ગીતો સ્ટેજ પર જુદી જુદી રીતે રજૂ કરતો હોઉં છું. ટૂંકમાં હું કંટાળી ગયો છું. મારે હવે નોખું સંગીત વગાડી આગળ વધવું છે.' અરિજિત સિંહની આ વાત વ્યવહારુ નહીં લાગે, પણ વાતમાં દમ જરૂર છે. સંગીતકાર એ. આર. રેહમાનની ડિમાન્ડ ઘટવાનું એક કારણ એમની શૈલીના સંગીતથી લોકો ધરાઈ ગયા હોય એ દલીલમાં વજન છે એમ પોતાના સંગીતથી રસિકો ધરાઈ જાય એ પહેલા પોતે જ કંટાળી જવું એ અરિજિત સિંહના કારણમાં પણ વજૂદ છે. કલાકાર હંમેશાં નાવીન્ય ઝંખતો હોય છે. કલાકારની એ જ સાચી ઓળખ છે. કારકિર્દીના એવરેસ્ટ પર બિરાજમાન હોય ત્યારે વ્યક્તિગત કારણસર અથવા પોતાની વિરાસત જાળવી રાખવા નિવૃત્તિ જાહેર કરી હોય કે છેડો ફાડી નાખ્યો હોય કે પ્રસિદ્ધિથી જાતને સંકોરી લીધી હોય એવા અનન્ય ઉદાહરણ ઈતિહાસના ચોપડે જમા છે.

વેસ્ટર્ન મ્યુઝિકના શોખીનો The Beatles, ABBA જેવા મ્યુઝિક બેન્ડના નામથી પરિચિત હશે. જોન લેનન, પોલ મેકાર્ટની અને જ્યોર્જ હેરિસન જેવા સિદ્ધહસ્ત મ્યુઝિશિયન્સ ધરાવતા ઈંગ્લિશ રોક બેન્ડ બીટલ્સ ગ્રુપ ૧૯૬૦ના દાયકામાં વિશ્વ સમસ્તમાં છવાઈ ગયું હતું. ૧૯૭૦માં કરિયરનું સર્વોત્તમ આલબમ Abbey Road રિલીઝ થયા પછી અંગત કારણસર બીટલ્સ વેરવિખેર થઈ ગયું. ૧૯૭૨માં અસ્તિત્વમાં આવેલું સ્વીડિશ પોપ ગ્રુપ 'આબા' પણ ડિસ્કો મ્યુઝિકમાં દસકો ગજાવ્યા પછી અંગત સમસ્યાઓને કારણે છિન્નભિન્ન થઈ ગયું હતું. દરેકનાં આગવાં કારણો છે, પણ એવરેસ્ટ પર વાવટો લહેરાતો હોય ત્યારે લીલા સંકેલી લેવાની વાતનું સામ્ય છે.

અરિજિત સિંહે અનેક કારણો આપ્યા છે જેની છણાવટ કરવા બેસીએ તો એક લેખમાળા કરવી પડે. અહીં એ આશય નથી અને કલાભિમુખ કારણને પ્રાધાન્ય આપવું છે. નિવૃત્તિ માટેના ખુલાસામાં અરિજિતે જે વાતો કરી છે એમાં એક વાત એમ પણ છે કે એ ભારતીય શાસ્ત્રીય સંગીત પર વધુ ધ્યાન આપવા માગે છે, સ્વતંત્ર પ્રોજેક્ટ્સ પર કામ કરવા માગે છે (મતલબ કે કોઈની આડખીલી વિના મનભાવન કામ કરવું છે) અને પોતાને પ્રિય છે, વહાલું છે એ દિશામાં આગળ વધવું છે. આ વાત સારી અને સાચી છે અને જો એમાં એને ધારી સફળતા મળશે તો ખોવાઈ ગયેલો ૧૯૬૦નો સંગીતનો સુવર્ણ દાયકો ફરી આપણી સમક્ષ હાજર થઈ શકે છે. 'ધુરંધર'ના સંગીતમાં (ના તો કારવાં કી તલાશ હૈ) એનું વધુ એક ટ્રેલર આપણે માણી ચુક્યા છીએ. વીસમી સદીના છેલ્લા દાયકામાં જેની શરૂઆત થઈ એકવીસમી સદીમાં વેગ આવ્યો એ બીટ્સના - તારસ્વરના પ્રભુત્વવાળા સંગીતમાં ઘણા નવા ગાયકો સંગીત ક્ષિતિજ પર ઊભરી આવ્યા. એનો પ્રમુખ શ્રેય સંગીતકાર રેહમાનને જાય છે. જુબિન નૌટિયાલ, કુણાલ ગાંજાવાલા, મોહિત ચૌહાણ, અંકિત તિવારી, રાહુલ વૈદ્ય અને બીજા પણ છે જેમાં શિરમોર ગણાયો છે અરિજિત સિંહ. એક વાત ખાસ નોંધવી રહી કે મોટાભાગના નવા દમદાર પુરુષ ગાયકોની ઝળહળતી કારકિર્દીનો સમયકાળ બે ચાર કે પાંચ વર્ષ પૂરતો સીમિત હતો જ્યારે અરિજિત સિંહનો સિતારો ૨૦૧૧માં 'મર્ડર'ના 'દિલ સંભલ જા જરા, ફિર મોહબ્બત કરને ચલા'થી લઈને 'ધુરંધર'ના 'તૂ અગર મેરી, યે હવાએં તેરી, તૂ અગર મેરી, સારી રાહેં તેરી' સુધી તેજસ્વીપણે ઝળહળતો રહ્યો છે. સાત કરોડનો સવાલ એ છે કે અરિજિત અન્ય ગાયકોથી કઈ રીતે નોખો તરી આવે છે?

આમ જોવા જાવ તો જેન ઝીને અરિજિત સિંહની ઓળખાણ થઈ 'મર્ડર'ના ગીતથી એ ખરું પણ પ્લેલિસ્ટનું એ અવિભાજ્ય અંગ બન્યો બે વર્ષ પછી. એકવીસમી સદીના બીજા દાયકામાં સામ્રાજ્ય સોનુ નિગમનું હતું. ફિલ્મ ગીતો હોય કે પ્રાઈવેટ આલબમ સોનુના નામના સિક્કા જ ખણખણતા હતા. ૨૦૧૩માં અચાનક એક ગીત આવ્યું અને બધા કાન - મુખ્યત્વે યંગસ્ટર્સના કાન સરવા થયા. 'સૈયારા' વાળા મોહિત સુરીની ફિલ્મ 'આશિકી ૨' રિલીઝ થઈ હતી. એના ગીત *'ક્યુંકી તુમ હી હો, અબ તુમ હી હો, મેરી ઝિંદગી અબ તુમ હી હો, ચૈન ભી, મેરા દર્દ ભી, મેરી આશિકી અબ તુમ હી હો'*ને યુવાનોને ઘેલું લગાડ્યું હતું. ગીતનો ગાયક હતો અરિજિત સિંહ અને આ ગીત પછી ગાયક જેન ઝીના દિલની ધડકન બની ગયો. એ. આર. રેહમાનથી શંકર - એહસાન - લોય સહિતના પ્રમુખ સંગીતકારોનો પ્રિય ગાયક બની ગયો અને તેમના સ્વરાંકનમાં અરિજિતનો સમાવેશ સતત જોવા મળ્યો.

મોડર્ન સંગીતના અભ્યાસુઓએ અરિજિતની સફળતા માટે આપેલાં કારણોમાં સખત મહેનત, યોગ્ય માર્ગદર્શન, ગાયકીમાં સાતત્ય, જોખમ લેવાની તૈયારી અને સતત કશુંક નોખું કરવાની કોશિશને કારણે ઘેર ઘેર એનું નામ ગુંજતું થયું છે. એની ગાયકીની લાક્ષણિકતાઓમાં એનો ટોન - એના અવાજમાં એવું ગજબનાક વૈવિધ્ય છે કે દરેક શૈલીના (રોમેન્ટિક, સેડ, ગઝલ, કવ્વાલી, ક્લબ સોન્ગ, પંજાબી લોક સંગીત અને ભારતીય શાસ્ત્રીય સંગીત સુધ્ધાં) ગીતોમાં એ ખીલી ઊઠે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે તેણે વીસેક વર્ષ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતમાં તાલીમ લીધી છે, જેને કારણે ગાયકીની પાયાની જરૂરિયાતમાં એનું ગજબનું કૌશલ છે. છોગામાં એ સારો તબલા વાદક હોવા ઉપરાંત ગિટાર અને પિયાનો વગાડી જાણે છે. સંગીત સ્વરબદ્ધ કરતા પણ આવડે છે. શાહરુખની 'દિલવાલે'ના લોકપ્રિય ગીત 'ગેરુઆ' ગાવા ઉપરાંત એની મ્યુઝિક એરેન્જમેન્ટ પણ અરિજિતની જ છે. આ આવડતો એની ગાયકીને વધુ સંગીન બનાવે છે.

કોણે કેટલો સમય સક્રિય રહેવું અને ક્યારે લીલા સંકેલી લેવી એ અંગત બાબત છે, પણ અરિજિત સિંહને એટલું જરૂર કહેવું જોઈએ કે... અરિજિત, અલાયદી ગાયકી માટે થેન્ક યુ વેરી મચ. હિન્દી ફિલ્મ સંગીતમાં તારી ખોટ સાલશે, પણ નવી ઈનિંગ્સમાં ઈચ્છિત ફળ મળે એવી શુભેચ્છા. ■

# કમલેશ્વર: સિનેમા-સાહિત્યનું કમાલનું કોકટેલ કોમ્બિનેશન

**સ્ટાર-ચાર-કલાકાર**

**સંજય છેલ**



**'આદમી નામ કી ચીઝ કભી બાસી નહીં હોતી.'**

.....

**'કથાઓ, કલ્પનામાંથી નથી જન્મતી. તે મનની અકળામણમાંથી જન્મે છે.'**

.....

**'સિનેમા સ્વપ્ન જેવું લાગે છે ભલે, પરંતુ એ પોતાના સમયની ચિંતા સૂક્ષ્મ રૂપે રજૂ કરે છે.'**

.....

**'સામાન્ય માણસને લખવો સૌથી મુશ્કેલ છે, કારણ કે એની પાસે ખુદને છુપાવવા કોઈ મુખવટો નથી હોતો.'**

આ વિભિન્ન વિચારો જેના છે, એ હતા ૬ જાન્યુઆરી ૧૯૩૨માં જન્મેલા સાહિત્યકાર ને ફિલ્મી લેખક- 'ધી કમલેશ્વર'ના ...

હું ૧૯૯૩માં કમલેશ્વરને મળવા મલાડના એક ફ્લટમાં ગયેલો, ખાલી કમરામાં પાથરેલા ગાદલા પર પાનાંઓની થપ્પી વચ્ચે 'ચાર મીનાર' સિગરેટના પાકિટ, એશ-ટ્રે ને ચા ના ખાલી કપ સાથે કમલેશ્વર સાવ એકલા બેઠેલા, ત્યારે એ 'ચંદ્રકાંતા' સિરિયલ લખતા હતા, ફિલ્મોથી ખૂબ કંટળેલા કે મોહભંગની અવસ્થામાં હતા. એક જમાનાના હિંદીના અનોખા એવા આ લેખકનો દૂરદર્શન પર સરકારી કોન્ટેક્સટનો કોઇ ઠસ્સો કે રૂઆબ બચ્યો નહોતો. મારા માટે કોઇ સ્ટાર-રાઇટરને બદલે સાવ સાદા સીધા મિડલક્લાસના માણસ મને મળ્યા.

પોતાની એ જ મિડલક્લાસની સાચુકલી સાહિત્યિક સંવેદના સાથે જ ૧૯૭૦ના દાયકામાં હિન્દી સિનેમામાં આવ્યા. કમલેશ્વર ફિલ્મોને ન તો હલ્કી કે ફાલતુ માનતા કે ના તો સાવ ટાઇમપાસ. કમલેશ્વરે અનેક હિટ ફિલ્મો લખી. 'આંધી', 'મૌસમ', 'અમાનુષ', 'પતિ પત્ની ઔર વો', 'મિસ્ટર નટવરલાલ', 'રામ બલરામ', 'સાજન કી સહેલી', 'સૌતન' અને 'ધ બર્નિંગ ટ્રેન' જેવી ૭૦ ફિલ્મમાં પટકથા કે સંવાદોના ફિલ્મી લેખનથી એ છવાઇ ગયેલા. બી.આર.ચોપડા, હૃષિકેશ મુખર્જી, ગુલઝાર, બાસુ ચેટર્જી, શક્તિ સામંતા, વિજય આનંદ જેવા ટોચના નિર્માતા નિર્દેશકો માટે કામ કર્યું. હિંદી ઉર્દૂ સાહિત્યમાંથી મંટોથી લઇને મુંશી પ્રેમચંદ સુધી અનેક લેખકોએ ફિલ્મો લખી, પણ ખરી સફળતા માત્ર રાજેંદરસિંહ બેદી, રાહી માસૂમ રઝા અને કમલેશ્વરને જ મળી. એમાંયે ૧૯૭૦-૮૦ના દાયકામાં સલીમજાવેદ, કાદર ખાન પછી કમલેશ્વરનું જ નામ સૌથી મોંઘા ને માનવંતા લેખક તરીકે લેવાતું.

કમલેશ્વરની સૌથી સફળ કે ચર્ચિત ફિલ્મ 'આંધી' હતી, જે એમની જ 'કાલી આંધી' નોવેલ પરથી ગુલઝારે બનાવેલી. ફિલ્મમાં હીરોઇન સુચિત્રા સેનનું પાત્ર ત્યારનાં વડા પ્રધાન ઇંદિરા ગાંધીની ઇમેજના પડછાયા જેવું જ લાગતું. એટલે જ ૧૯૭૫ની ઇમર્જન્સી દરમિયાન ઇંદિરા સરકારે 'આંધી' પર પ્રતિબંધ મૂકેલો. કમલેશ્વર કહેતા, 'કલા ને સાહિત્ય જો સમાજનું સાચું પ્રતિબિંબ દેખાડે તો એ સત્તાને અસ્વસ્થ કરી મૂકે છે. કલા, સત્તા પર હુમલો કરતી નથી, પરંતુ અરીસો બતાવે છે.'

જોકે કમલેશ્વર માત્ર ગંભીર લેખક નહોતા. અમોલ પાલેકરવાળી 'છોટી સી બાત' અને 'રંગ બિરંગી' જેવી ફિલ્મોમાં એમણે મધ્યમવર્ગીય જીવનને હળવા હાસ્યમાં ઉતાર્યું. સંજીવ કુમાર અભિનીત 'પતિ પત્ની ઔર વો' જેવી કોમેડી માટે કમલેશ્વરને 'ફિલ્મફેર' પુરસ્કાર પણ મળ્યો.

એકવાર એક ધંધાડુ નિર્માતાએ કમલેશ્વરને કહ્યું: 'તમારા સંવાદ બહુ જ વાસ્તવિક છે, ફિલ્મી નથી.'

કમલેશ્વરે શાંતિથી કહ્યું: 'વાસ્તવિકતા અમૂલ્ય ચીજ છે. તમને જો માત્ર હવાઇ કલ્પનાઓ જ જોઈતી હોય, તો કોઇ ફિલ્મી લેખક બોલાવો.'

૧૯૭૧ની 'સારા આકાશ' જેવી આર્ટ ફિલ્મથી લઇને ૧૯૮૪ની 'રંગબિરંગી' જેવી રમૂજી ફિલ્મ સુધીની ફિલ્મોમાં ખૂબ નામદામ કમાયા પણ પછી ફિલ્મો ફ્લોપ થવા માંડી ત્યારે કહેલું: 'યહાં કામયાબી વો ચીઝ હૈ જિસે સિનેમાવાલે જાદૂઇ તાવિઝ કી તરહ ગલેમેં બાંધે રખતે હૈ.'

કમલેશ્વર, ભારતીય ટીવી જગતના પહેલા સ્ટાર એંકર હતા. ૭૦ના દાયકાની શરૂઆતમાં દિલ્લી દૂરદર્શનમાં ઉચ્ચ હોદ્દા પર હતા ને 'પરિક્રમા' ને 'પત્રિકા' જેવા સામજિક ટોકશોના અદ્ભુત સંચાલક હતા. ત્યારે સરકારી ચેનલ દૂરદર્શન હતી. 'પરિક્રમા' પ્રોગ્રામ લાઇવ ટેલિકાસ્ટ હોવા છતાંયે એમાં અભણ મજૂરો, કામદારો, વ્યંઢળો, વેશ્યાઓને ચર્ચાઓમાં બિન્દાસ બોલાવતા. ગરીબોની સમસ્યાઓ અને સંઘર્ષને લોકો સુધી કોઇ સેન્સરશિપ વિના દેખાડતા. એક શોમાં તો કચરા ઉપાડનાર બાળકે સરકારને ટીવી પર ગંદી ગાળ પણ આપેલી! કમલેશ્વરના માટે ટીવી પત્રકારિતાનો અર્થ મનોરંજન કે સરકારી પ્રચાર નહીં, પરંતુ અવાજ વિનાના લોકોનો અવાજ હતો. ચર્ચાસ્પદ 'પરિક્રમા'ના એક શોમાં એક યુવાન કવિ, કેમેરા સામે ગભરાઈ ગયો ત્યારે કમલેશ્વરે કહ્યું, 'કવિતા કો સમજાઓ મત. સિર્ફ યહ કહો કિ કવિ કો કહાં દર્દ હુઆ?'

૧૯૯૦ના દાયકામાં મનોરંજક ટી.વી. સરિયલો શરૂ થઇ ત્યારે 'ચંદ્રકાંતા', 'યુગ', 'બેતાલ પચીસી' ને 'આકાશ ગંગા' જેવી ખૂબ લોકપ્રિય સિરિયલો લખી. એમાંયે ઇરફાન ખાનની પહેલી હિટ સિરિયલ,'ચંદ્રકાંતા' તો આજેય એશિયાભરમાં ખૂબ જોવાય છે. કમલેશ્વરે ૧૯૬૦ના દાયકામાં હિંદી સાહિત્યમાં 'નઈ કહાની' નામના આંદોલન દ્વારા હિન્દી સાહિત્યને મોટા મોટા આદર્શોમાંથી બહાર કાઢીને સામાન્ય માનવીના સંઘર્ષ તરફ વાળ્યું. ૧૯૫૦-૬૦ના દાયકામાં, આઝાદી પછીની બેકારી ભૂખમરાને લીધે લોકો આશા ગુમાવી બેઠેલા ત્યારે કમલેશ્વરની વાર્તાઓ, નવલકથાઓમાં એવો માણસ દેખાયો જે બહારથી તો જીવન સંભાળે છે, પરંતુ અંદરથી સતત દુનિયાદારી સાથે સમાધાન કરી લડે રાખે છે. ભાડાનાં ઘરો, નાનાં શહેરો, અટવાયેલા લગ્ન, અધૂરી લાગણીઓ વગેરેથી લથબથ વાર્તાઓ લખી.

'રાજા નરબંસિયા', 'કસ્બે કા આદમી', 'એક સડક સત્તાવન ગલીઓ' અને 'રેગિસ્તાન' જેવી નવલકથાઓમાં કોઈ નાટકીય વિસ્ફોટ નથી. એ બધામાં માણસ રોજ થોડું થોડું ગુમાવતો જાય છે, મરતો જાય છે, એની પીડા ઝલકતી હતી.

છેલ્લે કમલેશ્વરે 'કિતને પાકિસ્તાન' નવલકથા લખી, જે ખૂબ વંચાઇ ને વેંચાઇ. આ નવલકથા માત્ર દેશના ભાગલા વિશે નથી, પણ માણસને માણસથી અલગ કરવાની હિંસક વૃત્તિ વિશે છે. બે દેશની સરહદો અને વતન ઝુરાપાને લીધે જન્મતા સ્મૃતિઓના સવાલોવાળી આ રચના માટે કમલેશ્વરને 'સાહિત્ય અકાદમી પુરસ્કાર' મળ્યો. બાદમાં 'પદ્મભૂષણ'થી પણ સન્માનિત કરવામાં આવ્યા , છતાં કમલેશ્વર હંમેશાં કહેતા કે પુરસ્કાર લેખનનો અંત નથી. લેખકની કલમ દ્વારા પ્રશ્ન પૂછવાનું બંધ થવું એ અંત છે. કમલેશ્વરનો અંત આવ્યો, ૨૭ જાન્યુઆરી ૨૦૦૭એ, પણ પાછળ ફિલ્મો અને કિતાબો મૂકતા ગયા. આજે જ્યારે ફિલ્મો ખાલી ભૂતડાંઓવાળું મનોરંજન કે સરકારી પ્રચાર વેંચે છે, ત્યારે કમલેશ્વરની એક વાત યાદ આવે છે:

**'સાચી વાર્તા ક્યારેય ચીસો નથી પાડતી.**
**એ તો ધીમે ધીમે મનની ભીતર ઉઘડે છે.'** ■

# કાચું મકાન -કાચું ભોજન ચાલે, પણ કાચા કાન ન ચાલે ...



**સાત્વિકમ્ શિવમ્**

**અરવિંદ વેકરિયા**

મુકેશ રાવલનો જવાબ જલદી આવે એની હું રાહ જોઈ રહ્યો હતો. શેખર શુકલ મને ફોન કરી પૂછ્યાં કરતો શું થશે આપણા નાટકનું?. એનાં પૂછવાનું કારણ હું સમજી શકું એમ હતો. એનાં અને અમિતા રાજડાના કામની પ્રશંસા થતી હતી, ખુશામત તો ખુદાને પણ પ્યારી હોય... હસતાં-હસતાં આંખોનાં ખૂણા ભીનાં કરી દેતો શેખર શુકલ-અમિતા રાજડાનો અભિનય ખરેખર સરસ હતો. જેના ભરોસે હતાં એ તુષારભાઈની જાણ, સારી કે 'ખરાબ', અઠવાડિયા પછી જ થવાની હતી. જીવાય ગયેલ ક્ષણ યાદ બનીને અનુભવાય ત્યારે જ વ્યક્તિનું મૂલ્ય સમજાય. ક્યારેક મનમાં થઈ આવતું કે અર્થ વિનાનું કઈ જ ન રાખવું: ન વસ્તુ, ન વ્યક્તિ, ન વિચાર...

હજુ મારો અંતરાત્મા તુષારભાઈ માટે સકારાત્મક વિચાર છૂટતો નહોતો. ક્યારેક કલાકારોને જવાબ આપવો અઘરો થઈ પડતો કારણ અઠવાડિયું કાઢવાનું હતું કલાકારો શંકાશીલ બનવા લાગ્યાં હતાં. જાણે સૂરજે ડૂબીને મને એકલો કરી દીધો, જાણે મારો પડછાયો અલગ થઈ ગયો, મારાં પોતાનાની જેમ. આવા બધાં ઉટપટાંગ વિચારોથી ઘેરાયેલો હતો ત્યાં વિજય રાવલનો ફોન આવ્યો, મેં મૂકેલ શરતો મુકેશ રાવલે સ્વીકારી છે એમ કહ્યું. સાથે કોઈ પણ જાતનાં 'કાગળિયા' ન કરવા એમ કહ્યું.

મુકેશ ઈચ્છતો હતો કે તુષારભાઈ 'બહાર' આવે ત્યાં સુધી નાટક ચાલુ રહે અને કોઈ ગેપ ન આવે. સોરી ટુ સે, ગુજરાતી પ્રેક્ષક જો રેગ્યુલર એડ. અખબારમાં ન આવે તો માની લે છે કે કદાચ નાટક બરાબર 'ગયું' નથી એટલે બંધ કરી દીધું લાગે છે. જો ગેપ આવી ગયો તો પછી નાટક ફરી 'ઉપાડવું' મુશ્કેલ બને.

આમ નાનકડો તખ્તો ગોઠવાય ગયો. ધરપત થઈ ગઈ કે હવે ગેપ નહીં પડે. થિયેટરની તારીખની વ્યવસ્થા આગળ માટે કરવાની હતી. વિજય રાવલ સાથે હોય પછી એ ચિંતા અસ્થાને હતી. હા, તુષારભાઈ અઠવાડિયામાં જ 'બહાર' આવી ગયાં તો પછી?

જો કે શક્યતા ઓછી દેખાતી હતી. આ બાબત એના સાળા સાથે વાત કરેલી ત્યારે એનાં અવાજમાં એવું જણાયેલું. એક વાક્ય યાદ રાખતો કે જીતવાથી પહેલાં 'જીત' અને હારવાથી પહેલાં 'હાર' ક્યારેય ન માનવી.

મુકેશનાં ફોન વારંવાર આવતાં થઈ ગયાં. એ તો 'રાતનો રાજા' હતો. ક્યારેક વહેલી સવારે ૪.૩૦/૫ વાગે એનો ફોન આવી જતો.

નાટક બાબત સલાહ-સૂચન કરતો. એ અનુભવી હતો પણ આવા સમયે આવતો ફોન ડર અને શંકા-કુશંકા જગાવતો. મેં મુકેશને કહ્યું, 'આવા સમયે ફોન કરવાનું ટાળજે. આવી સલાહ બીજે દિવસે પણ આપી શકાય. નાટક કન્ટિન્યુ રાખવા મારે થોડું સોબર થવું પડ્યું. એના થકી જ નાટકનાં ગેપને ટાળી શકાય એમ હતો. મારે માટે સમય વિચિત્ર હતો. કલાકારોને સાચવવા અને નાટકનાં મળેલ 'ચાલક'ને પણ પકડી રાખવાનો હતો. ભગવાન મોંઘી ઘડી(ઘડિયાળ) બધાને આપે પણ મુશ્કેલ ઘડી કોઈને ન દે.

અમે કોઈ કાગળિયા નહોતા કર્યા પણ 'મોરલી' બંધાય ચૂક્યાં હતાં. બાકી રહેલ ત્રણ સોલ્ડ-આઉટ શોનો વ્યવહાર પણ મુકેશને સુપ્રત કરી દીધો. દીપક સોમૈયાની બાકી રહેલ રકમ બાબત પણ વાત થઈ ગઈ.

મુકેશ અને વિજય રાવલે આગળનું માળખું ગોઠવી લીધું. વિજયે પણ ઘણાં નાટકોનાં નિર્માણ કરેલાં એટલે અનુભવહસ્ત 'જણ' હતો. અઠવાડિયું તો 'આમ' પૂરું થઈ ગયું. તુષારભાઈનાં સાળાનો કોઈ ફોન ન આવ્યો. મેં ફોન કર્યો તો જાણવા મળ્યું કે હજી નક્કી નથી. નાટક ન અટકે એટલે મેં કરેલ વ્યવસ્થાની વાત કરી દીધી અને સાથે ઉમેર્યું કે તમને કે મીના ભાભીને (તુષારભાઈનાં વાઈફ) મળવાની છૂટ હોય તો તુષારભાઈને કાને આ વાત નાખી મને જણાવી દેજો. નાટ્ય 'દુનિયાના હિતેચ્છુ' માટે ચેતવી દીધા કે, 'નાટક માટે, મારાં માટે લોકો બોલે તો આંખ આડાં કાન કરજો. કાચું મકાન ચાલે, કાચું ભોજન ચાલે પણ કાચા કાન ન ચાલે એ યાદ રાખજો. જોઈતો ખુલાસો મને ફોન કરી મેળવી લેજો.'

નાટક આગળ ચલાવવાની 'હંગામી' વ્યવસ્થા શરૂ થઈ ગઈ. કલાકારોનું પેમેન્ટ અને બીજા ખર્ચાની વિગત વિજયને આપી દીધી. ખબર નહીં, પણ નાટક માટે થિયેટરની તારીખો લેવામાં થોડી મુશ્કેલી પડવા લાગી, પણ વિજય રાવલ તો પથ્થરમાંથી પણ પાણી કાઢે એવો બળુકો એટલે બહુ વાંધો નહોતો આવતો.

આ તરફ પ્રયોગો થતાં રહ્યાં. તુષારભાઈનું 'રહસ્ય' છેવટ સુધી 'રહસ્ય' જ રહ્યું. થોડા શો પછી 'કલેક્શન' ક્યારેક ઓછું આવતું તો ક્યારેક તો બે 'ટાંટિયા' ભેગા કરવામાં મુશ્કેલી આવવા લાગી. જો કે શક્ય છે એ માટે બીજાં કારણો પણ હોઈ શકે એની પૂરી શક્યતા હતી.

એ વખતે માત્ર દૂરદર્શન ચેનલ હતી. ત્યારે દરેક રવિવારે ફિલ્મ બતાવવામાં આવતી. એની અસર બધાં નાટકોના કલેક્શન ઉપર પડતી. મને યાદ છે અમારા નાટકનો શો ભાઈદાસ-પાર્લામાં હતો. એ દિવસે દૂરદર્શન પર અનુપમ ખેરની 'સારાંશ' હતી. ત્યારે

બુકિંગ ઉપર કાગડાં ઊડતાં હતાં. નાટકની માઉથ પબ્લિસિટીને કારણે ૫૦% થી ૫૫% પ્રેક્ષકો આવ્યા એ ગનીમત.

મુકેશ જો બીજા નાટકમાં વ્યસ્ત ન હોય તો 'મળે સૂર...'નાં શોમાં આવી જતો. મુકેશનો ભાઈ દેવેશ અને એમનાં પત્ની અને વિજય રાવલ આવી જતાં. નાટકનું બધું કામ એવું સુપેરે સાંભળી લેતો કે અમને અણસાર પણ ન આવવા દેતો.



મેં બની શકે એટલી કલાકારો વચ્ચે હાર્મની ટકાવી રાખી. જો કે એક સાંધો એટલે સાંધો જ રહેવાનો. કઇક ખૂટતું હોય એવું લાગ્યા કરતું. પહેલાં તો માહોલ અલગ રહેતો અને પ્રેમભર્યું વાતાવરણ પણ રહેતું. હવે કલાકારો શો કરતાં પણ ખબર નહીં પહેલાં જેવો 'ભાવ' નહોતો દેખાતો. કહે છે કે સ્વેટર વેંચાતુ મળી શકે પણ હૂંફ નહીં. અહીંયા અસલી હૂંફ ક્યાંક ગુમ થઈ ગઈ હતી. ■

**ડબ્બલ રિચાર્જ**

*કંકોતરીમાં જો તમારું ધ્યાન સીધું જમણવારનાં સમય, તારીખ અને વાર ઉપર જાય તો માનજો કે તમારી અને મહાભારતનાં અર્જુનની આંખમાં બહુ જાજો ફરક નથી.*

**શો-શરાબા**
**દિવ્યકાંત પંડ્યા**

# ઓપનિંગ હિટ... વર્ડ ઓફ માઉથમાં મિસ ફિટ

## હાઈપની દોડમાં બોલિવૂડ શું ગુમાવી રહ્યું છે?




બોલિવૂડ હંમેશાં આંકડાઓથી ચાલતી-દોડતી ઇન્ડસ્ટ્રી રહી છે, પરંતુ આજ જેટલી નહીં. એક સમય એવો હતો જ્યારે બોક્સ ઓફિસ કલેક્શન ફિલ્મની સફળતાનું પરિણામ માનવામાં આવતું હતું, આજે એ સફળતા પોતે જ બની ગયું છે. આજના સમયમાં ફિલ્મ રિલીઝ થયા પછી ૨૪ કે ૭૨ કલાકમાં જ તેનું ભવિષ્ય નક્કી થઈ જાય છે. લોકો સાચે ફિલ્મ વિશે શું અનુભવે છે, એ ચર્ચા શરૂ થાય એ પહેલાં જ ટ્રેડ રિપોર્ટ્સ અને હેડલાઇન્સ ફિલ્મને હિટ કે ફ્લોપ ઠરાવી દે છે. બિગ ઓપનિંગ પાછળની આ દોડે ધીમે ધીમે એક મહત્ત્વપૂર્ણ શબ્દ જ મારી નાખ્યો છે, વર્ડ ઓફ માઉથ.

આ બદલાવ પાછળ માત્ર ક્રિએટિવ કારણો નથી, પણ પૂરી ઇકોનોમિક સિસ્ટમ જવાબદાર છે. આજકાલ ફિલ્મ્સના બજેટ ખૂબ જ વધી ગયા છે. માર્કેટિંગ અને પ્રમોશનમાં એટલા પૈસા વપરાય છે કે ઘણી વખત પ્રોડક્શન ખર્ચ જેટલું જ બજેટ ત્યાં જ ચાલી જાય છે. ઉપરથી ઓટીટી પ્લેટફોર્મ્સના કારણે થિયેટ્રિકલ વિન્ડો બહુ નાની થઈ ગઈ છે. સૌને ખબર હોય છે કે થોડા અઠવાડિયામાં તે સ્ટ્રીમિંગ પર આવી જ જશે. આ બધામાં પ્રોડ્યુસર માટે સૌથી સેફ રસ્તો એ છે કે ફિલ્મ શરૂઆતમાં જ મોટો ધડાકો કરે, જેથી પૈસા ઝડપથી પાછા આવે. એટલે એડવાન્સ બુકિંગ, ફર્સ્ટ ડે ફર્સ્ટ શો, ફેન શોઝ, અને ઓવરહાઈપ માર્કેટિંગ પર આખી ગેમ ટકી છે.

સમસ્યા એ છે કે આ બિગ ઓપનિંગ હવે ઓડિયન્સની પસંદગી બતાવતા નથી, પણ માર્કેટિંગની તાકાત અને સ્ટાર પાવર બતાવે છે. તાજેતરનાં વર્ષોમાં આનું સૌથી સ્પષ્ટ ઉદાહરણ 'ટાઈગર ૩' છે. સલમાન ખાન જેવો મોટો સ્ટાર, પહેલેથી હિટ રહેલી ફ્રેન્ચાઇઝ, ફેસ્ટિવ રિલીઝ... બધું જ ફિલ્મના પક્ષમાં હતું. ફિલ્મે શાનદાર ઓપનિંગ લીધું અને થોડા દિવસો સુધી મીડિયા ફક્ત રેકોર્ડ્સની વાત કરતું રહ્યું, પરંતુ થોડા જ દિવસોમાં કલેક્શનમાં ભારે ઘટાડો આવ્યો. લોકોની ચર્ચામાં ફિલ્મની રિપિટેડ સ્ટોરી, ફોર્મ્યુલા અને ઇમોશનલ કનેક્શનની કમી સામે આવવા લાગી. જોકે એ સમયે કોઈને એમાં રસ નહોતો.

ઓપનિંગ થઈ ચૂક્યું હતું, કામ પૂરું.

એની સામે 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' જેવી ફિલ્મનો રસ્તો એકદમ અલગ હતો. ઓપનિંગ ખાસ મોટું નહોતું, ખાસ કરીને જ્યારે આસપાસ બિગ સ્કેલ ફિલ્મ્સ રિલીઝ થતી હતી. પણ ધીમે ધીમે લોકો ફિલ્મ વિશે વાત કરવા લાગ્યા પરફોર્મન્સ, ઇમોશન, મ્યુઝિક, અને રિલેટેબિલિટી વિશે. બીજા અને ત્રીજા અઠવાડિયામાં ફિલ્મ ટકી રહી. એક સમય એવો હતો જ્યારે આવું જ ટકવું સાચી સફળતા ગણાતું.

'એનિમલ' તો આ ટ્રેન્ડનું સૌથી એક્સ્ટ્રીમ રૂપ હતું. ભારે પ્રમોશન, કોન્ટ્રોવર્સી, અને સ્ટાર ફેનબેઝના કારણે ફિલ્મે ભયાનક ઓપનિંગ લીધું. ફિલ્મની હિંસા, મોરાલિટી અને સ્ટોરીટેલિંગને લઈને મોટા પ્રશ્નો ઊઠ્યા,પરંતુ દરેક ક્રિટિસિઝમ સામે જવાબ એક જ હતો બોક્સ ઓફિસ નંબર... જાણે કમાણી જ ફિલ્મ માટેનું એકમાત્ર સર્ટિફિકેટ હોય.

આ ટ્રેન્ડને વધુ ખતરનાક બનાવે છે બ્લોક બુકિંગ. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઘણા પ્રોડ્યૂસર્સ શરૂઆતના દિવસોમાં મોટી સંખ્યામાં ટિકિટ્સ પોતે જ ખરીદી લે છે અથવા કોર્પોરેટ ડીલ્સ, પાર્ટનર્સ અને શેલ બુકિંગ્સ મારફતે હોલ્સ ભરેલા દેખાડે છે. થિયેટર બહાર હાઉસફુલના બોર્ડ, ઓનલાઈન એપ્સ પર સોલ્ડ આઉટ શોઝ અને સોશ્યલ મીડિયા પર ભરેલી સ્ક્રીન્સની તસવીરો એક પ્રકારનો ફોમો (Fear of Missing Out) ઊભો કરે છે. ઓડિયન્સને એવું લાગે છે કે બધા જઈ રહ્યા છે, એટલે કંઈક ખાસ હશે. આ રીતે એક ફેક વર્ડ ઓફ માઉથ બનાવવામાં આવે છે, જ્યાં લોકો ફિલ્મ વિશે સાંભળે છે, અનુભવ પરથી નહીં, પરંતુ દેખાડેલા ક્રેઝ પરથી. સમસ્યા એ છે કે જ્યારે લોકો ખરેખર ફિલ્મ જોઈને બહાર આવે છે અને એ અનુભવ અપેક્ષા મુજબ ન હોય ત્યારે એ ફોમો તરત જ ફ્રસ્ટ્રેશનમાં બદલાઈ જાય છે. આ પ્રકારની આર્ટિફિશિયલ હાઈપ ટૂંકા ગાળે ઓપનિંગને ફાયદો આપે છે, પરંતુ લાંબા ગાળે ઓડિયન્સનો વિશ્વાસ વધુ ઝડપથી ખોખલો કરે છે.

એડવાન્સ બુકિંગ કલ્ચરે પણ આ સમસ્યાને વધુ ગંભીર બનાવી છે. ઘણી ફિલ્મ્સની ઓપનિંગ ડે કમાણી એ લોકોથી આવે છે, જેમણે ફિલ્મ જોઈ જ નથી એટલે ઓપનિંગ એક પ્રકારની ભ્રાંતિ બની જાય છે. જ્યારે હકીકત સામે આવે છે ત્યારે ફિલ્મ બીજા અઠવાડિયામાં તૂટી પડે છે, પરંતુ ત્યાં સુધી કોઈને ફરક પડતો નથી, કારણ કે હેડલાઇન બની ચૂકી હોય છે, સક્સેસ પાર્ટી થઈ ચૂકી હોય છે.

સૌથી મોટું નુકસાન એ છે કે ફિલ્મ્સની સાંસ્કૃતિક લાઈફ ઓછી થઈ ગઈ છે. 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે', '૩ ઈડિયટ્સ' કે 'ગલી બોય' જેવી ફિલ્મ્સ ફક્ત ઓપનિંગ હિટ નહીં, પરંતુ ચર્ચા, અસર અને યાદ બની છે. આજે ઘણી ફિલ્મ્સ મોટા ઓપનિંગ પછી થોડા જ સમયમાં ગાયબ થઈ જાય છે.

આનો અર્થ એ નથી કે ઓપનિંગ નંબર મહત્ત્વના નથી. આજની સિસ્ટમમાં તે જરૂરી છે, પરંતુ જ્યારે એ જ એકમાત્ર માપદંડ બની જાય ત્યારે સિનેમા પોતાનું માનવીય તત્ત્વ ગુમાવે છે. સિનેમા શેર માર્કેટ નથી અને ઓડિયન્સ ઇન્વેસ્ટર નથી. જ્યારે વારંવાર હાઈપ અને હકીકત વચ્ચે અંતર રહેશે, ત્યારે ઓડિયન્સ વિશ્વાસ ગુમાવશે. ■

**લાસ્ટ શોટ**

*'શોલે' ઓપનિંગ વીકમાં ફ્લોપ ફિલ્મ હતી.*

---

**મનોરંજનનું મેઘધનુષ**
**ઉમેશ ત્રિવેદી**

# ૬૮મે વર્ષે પણ બોલિવૂડમાં છવાઈ રહેલો સની દેઓલ

સની દેઓલ આજે ૬૮ વર્ષની ઉંમરે પણ બોલિવૂડના ત્રણેય ખાન અને બીજાં અનેક અભિનેતાઓને કમાણીની દૃષ્ટિએ જબરી જ ટક્કર આપી રહ્યો છે. તેની 'બોર્ડર-ટુ' ફિલ્મ ૨૩ જાન્યુઆરીએ થિયેટરમાં રિલીઝ થઈ ત્યારથી જ કમાણીના એક પછી એક વિક્રમ નોંધાવતી જાય છે. રિલીઝના માત્ર ચાર જ દિવસમાં 'બોર્ડર-ટુ' ફિલ્મે (આ લખાય છે ત્યાં સુધીમાં-મંગળવાર સુધીમાં) વર્લ્ડ વાઈડ રૂ. ૨૬૮ કરોડની કમાણી કરી લીધી છે અને બોક્સ ઓફિસ પર દેશપ્રેમની આ ફિલ્મ અવનવા વિક્રમ નોંધાવશે એમાં કોઈ જ શંકા નથી.

૧૯૯૭માં જે. પી. દત્તાના દિગ્દર્શનમાં બનેલી 'બોર્ડર'ની આ સિક્વલ લગભગ ૨૭ વર્ષે રજૂ થઈ છે. આમ છતાં, ફિલ્મમાં લેફ. કર્નલ ફતેહસિંહ કાલેરની ભૂમિકા ભજવનારા સન્ની દેઓલને ફરી એક વાર લોકોએ ઉત્સાહપૂર્વક આવકાર્યો છે ને ટિકિટબારી છલકાવી દીધી છે. સન્નીની સાથે આ ફિલ્મમાં વરુણ ધવન, અહાન શેટ્ટી, દિલજીત દોસાંજની મુખ્ય ભૂમિકા છે. જોકે, આ ફિલ્મમાં અક્ષય ખન્ના, સુનીલ શેટ્ટી, જેકી શ્રોફની મહેમાન કલાકાર જેવી ભૂમિકાઓ છે, પણ ફરી એકવાર ફિલ્મનો બધો ભાર ૬૮ વર્ષના સન્નીના ખભા પર જ છે અને દેશભક્તિની ફિલ્મોમાં છવાઈ જતો સન્ની અહીં પણ તેનાં જોરદાર સંવાદો સાથે છવાઈ ગયો છે.

અનુરાગ સિંહ દિગ્દર્શિત ફિલ્મ ફરી એક વખત પાકિસ્તાન સાથેના યુદ્ધ પર બનેલી ફિલ્મ છે. તેનાં કારણે આ ફિલ્મ પર અખાતના દેશોમાં પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. જોકે, તેનાં કારણે આ ફિલ્મના કલેકશન પર કોઈ અસર પડી નથી. અખાતના દેશો એ બોલિવૂડની ફિલ્મો માટે ખૂબ જ મોટું બજાર છે. પણ આ ફિલ્મ પાકિસ્તાન વિરોધી છે એમ કહી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

સન્ની દેઓલ આમ પણ ૬૦ વર્ષની ઉંમર પછી 'ફૂલ ફોર્મ'માં આવી ગયો છે અને બોલીવૂડના એક-એક કલાકારને જોરદાર ટક્કર આપી રહ્યો છે. ૨૦૦૧માં આવેલી અમીષા પટેલ, અમરીશ પુરી અને બાળ કલાકાર ઉત્કર્ષ શર્મા સાથેની 'ગદર'ને બોક્સ ઓફિસ પર ખૂબ પ્રતિસાદ મળ્યા પછી લગભગ ૨૨ વર્ષે તેની સિક્વલ 'ગદર-ટુ' રિલીઝ થઈ. ૨૦૨૩માં રજૂ થયેલી આ 'ગદર-ટુ'માં દિગ્દર્શક અનિલ શર્માનો પુત્ર ઉત્કર્ષ શર્મા જે 'ગદર'માં બાળ કલાકાર તરીકે હતો તે હીરો તરીકે 'ગદર-ટુ'માં આવ્યો. જો કે, ફિલ્મનો ખરો હીરો તો સન્ની અને તેનાં એક્શન દશ્યો જ હતા.



'ગદર-ટુ' ફિલ્મે ૨૦૨૩માં સન્ની દેઓલને ફરી એક વાર તારા સિંહના રૂપમાં સ્થાપિત કર્યો હતો. આ ફિલ્મે તે સમયે રૂ. ૬૯૧ કરોડની કમાણી કરી હતી. આમ, સન્ની દેઓલને સિક્વલ ફળી હતી અને હવે બીજી સિક્વલ પણ તેને ફળી રહી છે.

૧૯ ઓક્ટોબર ૧૯૫૭ના પંજાબના સાહનેવાલ ગામમાં ધર્મેન્દ્ર અને પ્રકાશ કૌરને ત્યાં મોટા પુત્ર અજયસિંહ દેઓલ તરીકે જન્મેલા સન્નીને ફિલ્મ ઉદ્યોગમાં પહેલી જ ફિલ્મથી સફળતા મળી છે. ૧૯૮૩માં અમૃતા સિંહ સાથે આવેલી 'બેતાબ' ફિલ્મથી અભિનયની કારકિર્દી શરૂ કરનારા સન્ની દેઓલે ૪૩ વર્ષની કારકિર્દીમાં ૧૦૦ કરતાં વધુ ફિલ્મોમાં અભિનય કર્યો છે.

સન્નીએ તેની કારકિર્દી દરમિયાન અભિનેતા તરીકે અનેક સફળ ફિલ્મો આપી છે. તે હીરો ઉપરાંત એક સફળ નિર્માતા, દિગ્દર્શક અને રાજકારણી પણ રહ્યો છે. ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન તે પંજાબના ગુરદાસપુર મતવિસ્તારમાંથી ભાજપના સંસદસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યો છે. જોકે, ૨૦૨૪ની ચૂંટણીમાં તેણે ફરી રાજકારણમાં જવાની ના પાડી હતી.

અભિનય કારકિર્દી દરમિયાન બે વાર નેશનલ એવોર્ડ અને બે વાર ફિલ્મફેર એવોર્ડ જીતનારા સન્ની પા'જીએ આપેલી સફળ ફિલ્મોમાં બેતાબ, પાપ કી દુનિયા, વર્દી, ત્રિદેવ, ક્રોધ, ઘાયલ, વિષ્ણુ દેવા, યોદ્ધા, નરસિંહા, વિશ્વાત્મા, ક્ષત્રિય, દામિની, ડર, ઈન્સાનિયત, હિમ્મત, જીત, ઝિદ્દી, બોર્ડર, ઝોર, સલાખેં, દિલ્લગી, ચેમ્પિયન, ફર્જ, ગદરઃ એક પ્રેમ કથા, ઈન્ડિયન, મા તુઝે સલામ, જાની દુશ્મનઃ એક અનોખી કહાની, ધ હીરોઃ લવસ્ટોરી ઓફ અ સ્પાય, જાલ ધ ટ્રેપ, બિગ બ્રધર, અપને, યમલા પગલા દિવાના, યમલા પગલા દિવાના-ટુ, યમલા પગલા દિવાના-ફિર સે, ગદર-ટુ, જાટ અને બોર્ડર-ટુ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે.

દેઓલ પરિવાર પર અત્યારે ધર્મેન્દ્રના અવસાનથી આભ તૂટી પડ્યું છે, પણ ધર્મેન્દ્રને મરણોત્તર 'પદ્મવિભૂષણ' એવોર્ડ મળ્યો છે. બોબી દેઓલની કારકિર્દી અત્યારે 'આશ્રમ' સિરીઝ અને ફિલ્મોમાં ખલનાયક તરીકે ટોચ પર છે. સન્ની દેઓલની ફિલ્મો બોક્સ ઓફિસે ટંકશાળ પાડે છે.

એની આવનારી ફિલ્મોની યાદી પણ ખૂબ જ રસપ્રદ છે તે જોતાં તે આગામી પાંચ-સાત વર્ષ હજી બોક્સ ઓફિસ ગજાવતો રહેશે. સન્નીની આગામી ફિલ્મોમાં તેનાં ફેવરિટ દિગ્દર્શક રાજકુમાર સંતોષીની 'લાહોર-૧૯૪૭' છે, જેનો નિર્માતા આમિર ખાન છે. ત્યાર પછી તે નિતેશ તિવારીની મલ્ટી સ્ટારર ફિલ્મ 'રામાયણ'માં હનુમાન તરીકે દેખાશે. 'રામાયણ'ના બે ભાગ રજૂ થવાના છે. ત્યાર પછી 'ગદર'નાં દિગ્દર્શક અનિલ શર્માની આગામી ફિલ્મ 'કોલ કિંગ'માં દેખાશે, શશાંક ઉદેપુરકર દિગ્દર્શિત ફિલ્મ 'ગબરુ'માં તેની મુખ્ય ભૂમિકા છે અને રાજકુમાર સંતોષી સાથે 'જાટ-ટુ'માં પણ તે છે.

આમ, સન્ની દેઓલ અત્યારે 'ફૂલ ફોર્મ'માં છે ત્યારે તેની દેશભક્તિની વધુ એકાદ ફિલ્મ પણ આવી જાય તો નવાઈ નહીં લાગે.

---

**OTTનું હોટસ્પોટ**

## ૩૧ જાન્યુઆરીથી ૭ ફેબ્રુઆરી ક્રિકેટ ફિવરની બોલબાલા

ઓટીટી પર નવી ફિલ્મો અને સિરીઝો તો દર્શકોને આકર્ષે છે, પણ હવે આગામી દોઢેક મહિનો 'ક્રિકેટ ફિવર' છવાઈ જવાની શક્યતા છે. અત્યારે એક તરફ 'અંડર ૧૯નો વિશ્વકપ' ચાલી રહ્યો છે. તેમાં ભારતની યુવા ટીમ જબરદસ્ત દેખાવ કરી રહી છે. તો સાતમી ફેબ્રુઆરીથી જિયો હોટસ્ટાર, સોની લીવ અને સ્ટાર સ્પોર્ટ્સ પર ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે. તે અગાઉ ચોથી ફેબ્રુઆરીથી પ્રેક્ટિસ મેચોનું પ્રસારણ શરૂ થઈ રહ્યું છે.

ટી-૨૦ વર્લ્ડ કપ શરૂઆતથી જ વિવાદાસ્પદ સાબિત થયો છે. બાંગ્લાદેશની બાદબાકી, પાકિસ્તાન ટીમના નખરા વચ્ચે ૨૦ દેશોની ટીમ ૫૫ મેચ રમશે અને આઠમી માર્ચ સુધી આ ક્રિકેટ ફિવર રહેશે.

*** જિયો હોટસ્ટારઃ**

ક્રિકેટ મેચના પ્રસારણ સાથે જ આ ઓટીટી પ્લેટફોર્મ પર ૩૧ જાન્યુઆરીના તમિળ ક્રાઈમ થ્રીલર 'ઈલેવન' રજૂ થશે અને પહેલી ફેબ્રુઆરીથી 'ધ ફિફ્ટી' નામનો શો શરૂ થઈ રહ્યો છે. આ શોમાં શું હશે એ હજી સસ્પેન્સ છે, તે કેટલા વાગ્યે રજૂ થશે એ સસ્પેન્સ છે, માત્ર તેનું ઓટીટી પ્લેટફોર્મ જાહેર કરવામાં આવ્યું છે.

*** નેટ ફ્લિક્સઃ**

૨૯ જાન્યુઆરીએ અહીં રોશન મેકા સ્ટારર સ્પોર્ટ્સ એક્શન થ્રીલર 'ચેમ્પિયન' રજૂ થશે અને ૩૦ જાન્યુ.ના અત્યારની સૌથી હીટ ફિલ્મ 'ધૂરંધર' રજૂ થવાની છે.

*** એમેઝોન પ્રાઈમઃ**

આ પ્લેટફોર્મ પર આજે ૩૦ જાન્યુઆરીએ ભૂમિ પેડણેકર અભિનીત મર્ડર મિસ્ટ્રી અને થ્રીલર 'દલદલ' રજૂ થશે. ■

---

# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

### ક્વિઝ (અ)

આ કલાકારોની એવી ફિલ્મનું નામ જાણો છો જેમાં 'ઐસા' કે 'ઐસી' શબ્દ આવતો હોય?

૧) મીનાક્ષી શેશાદ્રિ - અનિલ કપૂર
૨) જુહી ચાવલા - જીતેન્દ્ર, રિશી કપૂર
૩) રીના રોય - શત્રુઘ્ન સિન્હા
૪) વર્ષા ઉસગાંવકર- ગોવિંદા
૫) હેમા માલિની - જીતેન્દ્ર
૬) રેખા- ફારુખ શેખ
૭) અમૃતા રાવ - શાહિદ કપૂર

### ક્વિઝ (બ)

આ ગીતો કઈ ફિલ્મના છે...કહી શકશો?

૧) મેરે દેશ કી ધરતી સોના ઉગલે, ઉગલે હિરે મોતી મેરે દેશ કી ધરતી
૨) યે દેશ હૈં વીર જવાનો કા અલબેલો કા મસ્તાનો કા ઉસ દેશ કા યારો ક્યાં...
૩) યે જો દેશ હૈં તેરા સ્વદેશ હૈં તેરા, તુજે હૈં પુકારા યે જો બંધન હૈં...
૪) મેરા મુલ્ક મેરા દેશ મેરા યે વતન શાંતિ કા ઉન્નતિ કા પ્યાર કા ચમન...
૫) ઓ દેશ મેરે તેરી શાન પે સદકે કોઈ ધન હૈં ક્યાં તેરી ધૂલ સે બઢકે
૬) દેશ મેરે દેશ મેરે,મેરી જાન હૈં તું દેશ મેરે દેશ મેરી શાન હૈં તું મિટા ને સે...
૭) હો મેરે દેશ મેં પવન ચલે પૂરવાઈ હો મેરે દેશ કો દેખને ભાઈ સારી....

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

---

# આ બંગાળી અભિનેત્રી સાથે જાહેરમાં દુર્વ્યવહાર...

## આયોજક સામે FIR

**ટૂંકું ને ટચ**
**રશ્મિ શુકલ**



જાહેરમાં અભિનેત્રીઓ સાથે સામાન્ય લોકો દુર્વ્યવહાર કરે છે, જેનું પ્રમાણ વધી રહ્યું છે. જાણીતી અભિનેત્રી મૌની રોય બાદ હવે બંગાળી અભિનેત્રી અને ભૂતપૂર્વ સાંસદ મીમી ચક્રવર્તી લાઈવ પર્ફોર્મન્સ દરમિયાન હેરાનગતિ અને દુર્વ્યવહારનો ભોગ બની હતી. પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના બાણગાંવમાં આયોજિત એક કાર્યક્રમમાં સ્ટેજ પર જ અભિનેત્રીનું અપમાન કરવામાં આવ્યું હોવાના ગંભીર આરોપ કરવામાં આવ્યા હતા. આ બનાવ મુદ્દે હવે અભિનેત્રીએ એફઆઈઆર પણ નોંધાવી છે.

### સોશ્યલ મીડિયા પર વ્યથા ઠાલવી

મૌની રોયે હરિયાણામાં પોતાની સાથે થયેલી છેડતીનો ખુલાસો કર્યા હતો. આ ઘટના ઘટ્યાના ગણતરીના દિવસોમાં જ બંગાળી સિનેમાની ટોચની અભિનેત્રી મીમી ચક્રવર્તી સાથે પણ આવો જ કિસ્સો બન્યો હતો. જેને લઈને મીમી ચક્રવર્તીએ સોશ્યલ મીડિયા પર પોતાની વ્યથા ઠાલવી છે.

પશ્ચિમ બંગાળના બાણગાંવમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન મીમી ચક્રવર્તી સ્ટેજ પર પર્ફોર્મ કરી રહી હતી. ત્યારે તેને અચાનક શો અધવચ્ચે છોડી દેવા માટે મજબૂર કરવામાં આવી હતી. મીમીના જણાવ્યા મુજબ, તેને સ્ટેજ પર અપમાનિત કરવામાં આવી હતી અને તેના પર પાયાવિહોણા આરોપો લગાવવામાં આવ્યા હતા. હું અન્ય કલાકારોનું પર્ફોર્મન્સ પૂરું થાય ત્યાં સુધી ૨૦ મિનિટ મારી કારમાં રાહ જોઈને બેસી રહી હતી, તેમ છતાં મારી સાથે ગેરવર્તન કરવામાં આવ્યું હતું.

### મીમીએ માન્યો ફેન્સનો આભાર

સોશ્યલ મીડિયા પોસ્ટને લઈને મીમી ચક્રવર્તીને ફેન્સ તરફથી સકારાત્મક પ્રતિભાવ મળી રહ્યો છે. ફેન્સના સપોર્ટ બદલ મીમી ચક્રવર્તીએ ફેન્સનો આભાર માન્યો છે. મીમી ચક્રવર્તીએ લખ્યું કે, 'મહિલા કલાકારો પાસેથી હંમેશાં સમાધાન કરવાની અને મૌન રહેવાની અપેક્ષા રાખવામાં આવે છે. જો અમે બોલીએ તો અમને 'મુશ્કેલ' ગણવામાં આવે છે. પરંતુ જો આપણે સીમાઓ નક્કી નહીં કરીએ, તો આવું વર્તન બીજા કલાકારો સાથે પણ થતું રહેશે.'

મીમીએ સોશ્યલ મીડિયા પર જાહેરાત કરી છે કે તેણે આયોજકોની ગેરવર્તણૂક અને જાહેર ઉત્પીડન સામે કાનૂની કાર્યવાહી શરૂ કરી દીધી છે. ઇવેન્ટ આયોજક સામે FIR નોંધાવવામાં આવી છે. મીમી ચક્રવર્તીએ સ્પષ્ટ કર્યું કે, આ કાર્યવાહી કોઈ બદલો લેવા માટે નથી, પરંતુ જવાબદારી નક્કી કરવા માટે છે. જેથી ભવિષ્યમાં કોઈ કલાકારની ગરિમાને ઠેસ ન પહોંચે.

### કોણ છે મીમી ચક્રવર્તી?

મીમી ચક્રવર્તીએ ૨૦૧૨માં 'બાપી બારી જા' નામની બંગાળી ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું. આજે તે સૌથી વધુ મોંઘી અને લોકપ્રિય અભિનેત્રી બની ગઈ છે. ૨૦૧૯થી ૨૦૨૪ સુધી જાદવપુર મતવિસ્તારથી TMCના સાંસદ રહી ચૂક્યાં છે. પ્રાઇમ વીડિયો પર તેની 'ભાનુપ્રિયા ભૂતેર હોટેલ' નામની હોરર ફિલ્મ રિલીઝ થઈ છે. ■

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક


# જોહર-મજનુઃ બૉબ હૉપ - બિંગ ક્રોસબીના અવતાર

**હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની પ્રારંભિક દોરની કોમેડી ફિલ્મોમાં વિદેશી ફિલ્મો - કલાકારોનો ખાસ્સો પ્રભાવ જોવા મળ્યો હતો. એ પછી આપણો 'ઈન્ડિયન ટચ' આવતો ગયો...**

હિન્દી ફિલ્મ ઉદ્યોગના ઈતિહાસમાં વિનોદના વહેણનો મજેદાર હિસ્સો રહ્યો છે. હિન્દી ફિલ્મોમાં કોમેડી શૈલીના વિવિધ પ્રકાર સાથે કોમિક પાત્ર ભજવતા પ્રતિભાશાળી અભિનેતાઓની પણ એક મોટી ફોજ જોવા મળે છે. હોલિવૂડની ફિલ્મો કે હીરો - હીરોઈન કે ફિલ્મમેકર જ નહીં, એના કમેડિયન પણ પ્રેરણાસ્રોત રહ્યા છે.

આજથી ૯૦ વર્ષ પહેલા રિલીઝ થયેલી ફિલ્મ 'મજનુ'ના એક્ટર મજનુ અને દર્શકોને ખડખડાટ હસાવવામાં એમની સાથે જમાવનારા આઈ એસ જોહરે જોડી તરીકે હોલિવૂડની પ્રખ્યાત કોમિક પેર બૉબ હૉપ અને બિંગ ક્રોસબીના અવતારને રજૂ કર્યા હોવાની ખ્યાતિ ધરાવે છે. ૧૯૩૫ના અંતમાં રિલીઝ થયેલી રૂપ કે. શોરેની 'મજનુ' ફિલ્મથી એક હાસ્ય અભિનેતાની કારકિર્દીનો પ્રારંભ તો થયો જ, પણ ફિલ્મે એનું પડદા પરનું નામ બદલાવી નાખ્યું અને હોલિવૂડની કોમેડી શૈલીથી હિન્દી ફિલ્મના દર્શકો પરિચિત થયા.

મૂળ નામ હેરોલ્ડ લુઈસ. અમૃતસરમાં પંજાબી - ખ્રિસ્તી પરિવારમાં જન્મ. હેરોલ્ડના દાદા ખલિફા ઈમાદ - ઉલ - દીન ધર્માંતરણ કરી ખ્રિસ્તી થઈ ગયા હતા અને તેમણે બાઈબલનું પર્શિયન ભાષામાં રૂપાંતર કર્યું હતું. હેરોલ્ડના પિતાશ્રી સિનેમા થિયેટરના માલિક હતા. સ્વાભાવિક હતું કે હેરોલ્ડને નાનપણમાં જ ફિલ્મો જોવાનો ચસકો લાગ્યો અને એમાંથી જ એક્ટર થવાના અભરખા જાગ્યા. શાળા શિક્ષણ વખતે તક મળી ત્યારે નાટકોમાં નાના-મોટા રોલ કરી લીધા. યુવાનીમાં અભિનયનું સપનું નજર સમક્ષ તરવરવા લાગ્યું અને અમૃતસરથી માયાનગરી મુંબઈ પહોંચી ગયા. જોકે, મહાનગરમાં ભટકયાત્રાનો કોઈ ફાયદો ન થવાથી ભાઈસાહેબ નસીબ અજમાવવા કલકત્તા પહોંચી ગયા, જ્યાં ન્યૂ થિયેટર્સ કંપની અને અન્ય ફિલ્મમેકરો ચિત્રપટ વ્યવસાયમાં મગ્ન હતા.



'એક થી લડકી'માં (ડાબેથી) મજનુ અને આઈ એસ જોહર, (ઈન્સેટમાં) હેરોલ્ડ લુઈસ ઉર્ફે મજનુ

કલકત્તામાં પણ નાની- મોટી નોકરી કરવી પડી, પણ એક લાભ એ થયો કે ફિલ્મ કંપની અને ફિલ્મમેકરના સંપર્કમાં આવવાનું થયું. પાછળથી 'એક થી લડકી' (સુપરહિટ પંજાબી લોકગીત 'લારા લપ્પા લારા લપ્પા લાયી રખદા' યાદ હશે) જેવી ફિલ્મ આપનારા કમલા મુવીટોનના રૂપ કે. શોરેની નજરમાં યુવક હેરોલ્ડ વસી ગયો. બોલપટ યુગના મંડાણ થયા હોવાથી ફિલ્મ પ્રોડકશનમાં સિનેમેટોગ્રાફર, એડિટર જેવા પદ પર કામ કરનારાઓ સ્વતંત્રપણે ફિલ્મ દિગ્દર્શન તરફ વળી રહ્યા હતા. રૂપ શોરેએ ડિરેક્ટર તરીકે પ્રારંભ કર્યો 'મજનુ' નામની ફિલ્મથી અને એમાં હેરોલ્ડ લુઈસને ટાઈટલ રોલ આપ્યો. ફિલ્મ મ્યુઝિકલ કોમેડી હતી અને કથામાં 'લૈલા મજનુ'ની પ્રેમકથા પર વ્યંગ કરવામાં આવ્યો હતો. વિનોદી વાર્તા ધરાવતી ફિલ્મમાં હીરોએ દિલધડક મોટરબાઈક સ્ટંટ કર્યા અને રેલવે ટ્રેક પર વિલન હીરોને સપડાવે છે એ દૃશ્ય પર પ્રેક્ષકો ફિદા થયા હતા. ફિલ્મને વ્યવસાયિક સફળતા મળી અને રૂપ શોરેએ આગામી ફિલ્મ 'ટારઝન કી બેટી' માટે પણ હેરોલ્ડને જ સાઈન કર્યો. એક મજેદાર વાત એ બની કે 'મજનુ' ફિલ્મની જોરદાર સફળતાને પગલે હેરોલ્ડ મજનુ તરીકે ઓળખાવા લાગ્યો અને 'ટારઝન કી બેટી'થી ઈંગ્લિશ નામ ધરાવતો એક્ટર મજનુ નામથી ઓળખાવા લાગ્યો. ત્યારપછી દરેક ચિત્રપટમાં પડદા પર મજનુ નામ આવવા લાગ્યું. 'ટારઝન કી બેટી'નું ઘણુંખરું શૂટિંગ હિમાલયના વિસ્તારમાં થયું હતું અને વન્ય ચિત્રપટ તરીકે એને ખ્યાતિ મળી હતી.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રોકડિયા પાકનું ચલણ વર્ષોથી અસ્તિત્વમાં છે. 'મજનુ' અને 'ટારઝન કી બેટી' એમ બે ચિત્રપટ બોક્સ ઓફિસ પર હિટ સાબિત થવાથી મિસ્ટર મજનુ શોરે સાહેબના ફેવરિટ એક્ટર બની ગયા. ત્યારબાદ તેમની મોટાભાગની ફિલ્મોમાં મજનુની હાજરી જોવા મળી. ૧૯૪૧માં 'હિંમત' આવી અને બીજા વર્ષે રૂપ શોરેએ મજનુને ડબલ રોલમાં ચમકાવતી 'નિશાની' બનાવી, જેને પણ જોરદાર સફળતા મળી. ભારતના ભાગલા થયા એ પહેલાની શોરેની અંતિમ ફિલ્મ 'શાલીમાર'માં પણ મજનુ જ હીરો હતા.

આઝાદી પછી લાહોરમાં ચિત્રપટ બનાવતા રૂપ શોરે ભારત આવ્યા અને એમની સાથે મિસ્ટર મજનુ પણ આવ્યા. અહીં એમની કારકિર્દીને એક મહત્ત્વનો વળાંક મળ્યો. શોરેએ તેમની પત્ની મીના શોરેને કેન્દ્રમાં રાખી 'એક થી લડકી' નામની ફિલ્મ બનાવી. હીરો તરીકે એ સમયના હેન્ડસમ અને ટેલન્ટેડ એક્ટર મોતીલાલને લીધા અને એ સમયની જાણીતી વેમ્પ કુલદીપ કૌર જેવાં નામી કલાકાર પણ હતાં. જોકે, તેમ છતાં મજનુ અને આઈ એસ જોહરની ચોરીચપાટી કરતી જોડી દર્શકોનું વિશેષ ધ્યાન ખેંચવામાં સફળ રહી. આ જોડીએ કરેલી કોમેડીને એવો સરસ આવકાર મળ્યો કે જોહર - મજનૂની જોડી શોરેની ફિલ્મોનું અવિભાજ્ય અંગ બની ગઈ.

આ તરફ, આઈ એસ જોહર કેવળ એક અભિનેતા નહોતા. વિદ્વાન હતા અને ખાસ્સું વાંચન કરતા હતા. વિદેશી ફિલ્મો નિયમિતપણે જોતા અને એને હિન્દીમાં કેવી રીતે ઉતારી શકાય એની સતત કોશિશમાં રહેતા. 'એક થી લડકી'ની સફળતા પછી જોહર - મજનૂની જોડી જમાવવામાં આવી ત્યારે જોહર - મજનૂની કોમિક જોડી હોલિવૂડના બૉબ હૉપ અને બિંગ ક્રોસ્બીની રોડ ફિલ્મ્સના કિરદારની નકલ હિન્દી ફિલ્મોમાં કરવા લાગી. (એક સ્પષ્ટતાઃ સ્ટેન્ડ અપ કમેડિયન અને આફ્રિકન અમેરિકન એક્ટર માટે કોશિશ કરનારા બિલ કોસ્બી અલગ હસ્તી હતા). Road to Singapore, Road to Zanzibar, Road to Morocco, Road to Rio, Road to Hongkong વગેરે હોલિવૂડની સફળ રોડ ફિલ્મોની કોમેડીની શૈલી જ નહીં, એમના કોસ્ચ્યુમ્સની નકલ પણ કરી જોહર - મજનૂની જોડી હિન્દી ફિલ્મોમાં હિટ થઈ ગઈ. હદ તો એ વાતની થઈ કે 'હમ સબ ચોર હૈં' ફિલ્મનો એ વખતે લોકપ્રિય થયેલો 'યોગી ડાન્સ' હૉપ - ક્રોસ્બીની ફિલ્મોમાંથી સેરવી લેવામાં આવ્યો હતો. જોહર જેવા સશક્ત કમેડિયનની હાજરીમાં પણ મજનુ પોતાનો પ્રભાવ પાડવામાં સફળ રહ્યા હતા. ૧૯૬૦ના દાયકામાં હિન્દી ફિલ્મોમાં મેહમૂદ, જોની વોકર, કિશોર કુમાર, રાજેન્દ્રનાથ, ધુમાલ સહિત કમેડિયનના ઉદય સાથે મજનુની લોકપ્રિયતામાં ઓટ આવવા લાગી.

બદલાવનો અણસાર આવી જતા મિસ્ટર મજનુ પંજાબી ફિલ્મો તરફ વળી ગયા. અહીં અભિનય કરવા ઉપરાંત ફિલ્મ દિગ્દર્શન કરી સારું યોગદાન આપ્યું. કોમેડી કરવા ઉપરાંત સહાયક અભિનેતાના રોલ પણ કર્યા. ૨૬ માર્ચ, ૧૯૭૫ના દિવસે હિન્દી અને પંજાબી ફિલ્મોના કમેડિયને પૃથ્વી પરથી અલવિદા લીધી, પણ એમના ચાહકોના દિલમાં કાયમનું સ્થાન જમાવી દીધું. ■

## ફિલ્મનામા

નરેશ શાહ

# મેચ્યોર્ડ દર્શકો માટે જોવા જેવી છે આ બે ફિલ્મ

સ્ત્રી - પુરુષ અનઇચ્છિત ગર્ભ કે બાળકથી દૂર રાખવામાં મદદ કોન્ડોમ (નિરોધ) આપણે ત્યાં હજુ સંકોચ અને છાનાખૂણાની બાબત રહી છે. 'દુસરા આદમી'માં રીષીકપૂર હનીમૂન વખતે મેડિકલ સ્ટોરમાં જઇને કોન્ડમ માંગે એ દૃશ્ય ૧૯૭૭માંય ચમકાવી ગયેલું અને આજે પણ એ અસ્વસ્થ તો કરી જ દે છે.





૨૦૨૧માં કોન્ડોમ પર અપારશક્તિ ખુરાનાની ફિલ્મ 'હેલ્મેટ' ફિલ્મ આવેલી, જે બહુ એપ્રિસિએટ નહોતી થઇ તો એ પછી રિલીઝ થયેલી નુસરત ભરૂચા, વિજય રાઝ, ટીનુ આનંદ અભિનીત 'જનહિત મેં જારી' પણ ખાસ સફળ નહોતી થઇ. ફિલ્મ સરસ છે પણ તેનો વિષય કોન્ડોમ હોવાથી કોન્ડોમ (નિરોધ)ની જેમ જ તેને નિગલેટ કરવામાં આવી.

ડબલ એમ. એ. ભણેલી મનોકામના ત્રિપાઠીને પરણતાં પહેલાં પગભર થવું છે અને એટલે પરિવારની જાણ બહાર જ 'લિટલ અમ્બેલા' નામની કંપની જોઇન કરે છે, જે ખરેખર તો આજ નામથી કોન્ડોમ બનાવે છે. એ પછી મનોકામના ત્રિપાઠી (નુસરત ભરૂચા) સાથે ઘણું-બધું બને છે અને એ જ 'જનહિત મેં જારી' ફિલ્મની કથા (જેના એક લેખક 'ડ્રિમગર્લ' ફિલ્મના ડિરેક્ટર રાજ શાંડિલ્ય) છે.

આપણા દેશમાં નિરોધ ન વાપરવાના કારણે દર વર્ષે અનિચ્છિત ગર્ભ રહી જવાના કારણે દોઢ કરોડ જેટલાં એબોર્શન થાય છે અને આવા એબોર્શનથી હજારો મહિલાઓના મૃત્યુ થાય છે. પરંતુ...કોન્ડોમ (ખરીદવા) માટેના સંકોચે ધીમે ધીમે કોન્ડોમને અણગમતી વાત બનાવી દીધી છે, પણ આ તો ફિલ્મની આખરી ફલશ્રુતિ છે, પરંતુ આખી ફિલ્મ એકદમ હળવીફૂલ છે. અમુક દૃશ્ય તો તમને ખડખડાટ હસાવે છે. અનેક ટીવી સિરિયલો કરનાર જય બસંતુ સીંઘની 'જનહિત મેં જારી' પ્રથમ ફિલ્મ છે, પણ ડિરેક્ટર અને લેખકોએ ખરેખર સિચ્યુએશનથી લઇને વનલાઇનમાં કમાલ સર્જી છે.

દાખલા તરીકે, પુત્રવધૂ જો કોન્ડોમનું જ વેચાણ-માર્કેટિંગ કરતી હોય તો શું થાય. એવું સસરા (વિજય રાઝ) વિચારે છે. મતલબ એ થયો કે હવે પડોશી ચા ખાંડ માગવાની બદલે આપણા ઘરે કોન્ડોમ માગવા આવશે અને વહુને કહેશેઃ 'કાલાખટ્ટા ફલેવર છે? ના, ના, મેંગો ફલેવરની તો તેમને એલર્જી છે...'




પરણી ગયા હો અથવા મેચ્યોર્ડ હો તો જોઇ નાખો 'ઝી ફાઇવ' પરની આ ફિલ્મ. જોકે લવસ્ટોરીના રેપરમાં મળતી કાર્તિક આર્યનની 'ફ્રેડી' નામની ફિલ્મ ખરેખર તો આકર્ષણ અને અપમાનની કથા છે... પ્રથમ નજરના પ્રેમના ગુણગાન ગવાયાં છે એટલા જ પ્રેમમાં પરાસ્ત થયા પછી ખાધેલી પછડાટના હોં દેકારા આપણી સામે જ થયા છે પણ એ તરત નોંધાતા નથી યા સ્મરણ શક્તિમાં લાંબુ જીવતાં નથી.

'લવ વાયા સેક્સ એન્ડ ધોખા' એ આમ જુઓ તો એક સિક્કાની બે બાજુ જેવા છે. જેટલો શક્તિશાળી પ્રેમ એટલું જ સશક્ત ખુન્નસ પણ એ દર વખતે ઉજાગર નથી થતું. થાય છે ત્યારે અચંબિત કરી દે છે. એ પછડાટ, તિરસ્કાર, ધોખાધડી ઇન્સાનને હેવાનમાં બદલી દે છે અને તેનું તાજું ઉદાહરણ ડિરેક્ટર શશાંક ઘોષ (પ્લાન એ -પ્લાન બી, ખુબસુરત ફિલ્મ)ની ડાયરેક્ટ નેટફલિક્સ પર સ્ટ્રીમ થયેલી ફિલ્મ 'ફ્રેડી' છે.

આ એક ડાર્ક મર્ડર મિસ્ટરી કમ લવ -રિવેન્જ ડ્રામા છે અને એ મુંબઇના આ પારસી પરિવેશમાં બની છે. યાદ રહે કે મુઠ્ઠીભર પણ મોકળાશને લઈને માતબર ગણાતી આ કોમ્યુનિટીએ આ ફિલ્મ બાબતે કાચો ઊંહકારો પણ નથી કર્યો. આમ જુઓ તો 'ફ્રેડી' ફિલ્મ મુંબઇમાં ડેન્ટિસ્ટ તરીકે પ્રેક્ટિસ કરતાં અને (પ્રયત્નો છતાં) અપરિણીત રહી ગયેલાં દબ્બુછાપ ડૉ. ફ્રેડી જીનવાલાના લોલિપોપમાંથી લડાયક બની જવાના ટ્રાન્સફોર્મેશનની છે. તેની આંટી તેને પારસી સ્ટાઇલમાં કહે જ છે : 'ગધેડો છે તું.'

એક પ્રસંગે ફ્રેડી કુંવારી યુવતી સમજીને કાઇનાઝ ઇરાની નામની પરિણીતાને મળે છે અને શંકાશીલ તેમ જ આકરા મિજાજના પતિથી ત્રસ્ત કાઇનાઝનાં પ્રેમમાં પડી જાય છે. પ્રેમની પ્રથમ (વણથભી) માનસિકતા એ છે કે પ્રિયપાત્રને ખુશી અને સુકૂન દેવા ધક્કો મારે અને છેતરાયાંની આડ-અસર એ છે કે પ્રિયપાત્રના સુખચેન છિનવી લેવાનું ખૂન્નસ ચડે.

ડેન્ટિસ્ટ ફ્રેડી જીનવાલા આ બન્ને સ્વરૂપના ઓછામાં ઊતરે છે. કાઇનાઝને તેને લૂછીને ફેંકી દે છે અને પછી...

કાર્તિક આર્યને પૂરવાર કર્યું છે કે તે ખરેખર વૈવિધ્યપૂર્ણ અભિનય કરી શકે છે. સંકોચાયેલા પારસી યુવાન તરીકે તેણે યાદગાર પરફોર્મન્સ આપ્યું છે તો આલાયા એફ (ફર્નિચરવાલા)માં પણ શોષિત પત્ની અને બેવફા પ્રિયતમાનું પાત્ર બરાબર ઝિલાયું છે...

અન્ય પાત્રો ઠીકઠાક છે પણ શરૂઆતમાં ધીમી અને પ્રેમકથા જેવી લાગતી 'ફ્રેડી' ફિલ્મ અડધા કલાક પછી જ ત્રીજા ગિયરમાં આવી જાય છે. બિન્દાસ એન્જોય કરવા જેવી મૂવી છે. ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### 'બોર્ડર'નાં અંધારા અજવાળા...




સન્ની દેઓલની 'બોર્ડર ૨' અત્યારે બોક્સ ઓફિસને શાંતિથી ઊંઘવા નથી દઈ રહી. એક રીતે જુઓ તો આ ફિલ્મની ટ્રીટમેન્ટ એનો હીરો છે... બાકી તેનાં પ્રથમ ભાગ કરતાં દર્શકોને આ ફિલ્મ ઓછી ગમી છે તે હકીકત છે. આ ફિલ્મમાં જેની મુખ્ય વાત કરવામાં આવી છે તે બેટલફિલ્ડનાં દૃશ્યોએ ઘણાં દર્શકોને નિરાશ કર્યા છે. આમ પણ ફિલ્મનાં VFX અત્યંત નબળાં છે. એવામાં આ દૃશ્યોએ તેની ક્વોલિટીને બેવડો માર માર્યો છે.

યુદ્ધનાં દૃશ્યોમાં જાણે કે અંધકાર છવાઈ ગયો હોય એવું લાગે છે, પરંતુ જે યુદ્ધની વાત આ ફિલ્મમાં કરવામાં આવી છે તે તો દિવસનું યુદ્ધ હતું! તો પછી લોચો વાગ્યો ક્યાં? હવે આ લોચો ક્યાં વાગ્યો છે એની તો કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવી. પાંચ દિવસની ટીકા બાદ ફિલ્મનાં નિર્દેશક અનુરાગ સિંઘ મેદાનમાં આવ્યા છે. તેમણે હૈયાધારણ આપી છે કે યુદ્ધનાં એ અંધારિયા દૃશ્યોમાં બહુ જલ્દીથી અજવાળાં પાથરી દેવામાં આવશે. આ ફેરફાર બહુ જલ્દીથી અમલમાં આવવાનો છે...

'બોર્ડર ૨' ફક્ત પાંચમા દિવસે રૂપિયા ૨૦૦ કરોડની ગ્રોસ કમાણી ક્રોસ કરી ચૂકી છે. આ આંકડાથી ફિલ્મનાં નિર્માતાઓમાંથી એક એવા ભૂષણ કુમાર અત્યંત સંતુષ્ટ છે. ફક્ત સંતુષ્ટ જ નહીં, પરંતુ જેપી દત્તાની પુત્રી નિધિ સાથે તેમણે આ ફ્રેન્ચાઇઝીનો ત્રીજો ભાગ પણ બનશે એવો નિર્ણય પણ લઇ લીધો છે. આશા છે ત્રીજા ભાગમાં અંધારા-અજવાળાં જેવી સમસ્યા નહીં આવે.

### આનંદમાં છે આનંદભાઈ...!

ઈરોસે દિગ્દર્શક આનંદ એલ. રાય પર ૮૪ કરોડનો કેસ કર્યો છે. રાયે તેમની ડિસેમ્બરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'તેરે ઈશ્ક મેં' ને 'રાંઝણાની આધ્યાત્મિક સિક્વલ' તરીકે પ્રમોટ કરી હતી. બસ! ઈરોસને આનો જ વાંધો પડ્યો. ઈરોસે ઇન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી કાયદા હેઠળ રાય પર કેસ ઠોકી દીધો છે. આમ છતાં સામે પક્ષે આનંદ એલ. રાય 'કૂલ' છે એટલે કે આનંદમાં છે.



આનંદ એલ. રાય

એક ન્યૂઝ ચેનલ સાથે આ વિશે વાત કરતા રાયે કહ્યું હતું કે, 'હું વર્ષોથી ફિલ્મોનાં બિઝનેસમાં છું એટલે મને ખબર છે કે આવું તો ચાલે રાખે.' રાયે આગળ કહ્યું હતું કે, 'મામલો કાયદાકીય છે એટલે એને એ રીતે જ હેન્ડલ કરવામાં આવશે. મેં એક વકીલ રોક્યો છે એટલે એ આ બધું સાંભળી લેશે. બાકી જ્યારે અદાલતમાં કેસ ચાલતો હોય તો તે અંગે જાહેરમાં કશું કહેવું યોગ્ય નથી.'

જે મામલે ઈરોસે આનંદ એલ. રાયને કોર્ટમાં ઘસડ્યા છે એને લઈને પણ તેમને કોઈ જ ચિંતા નથી. રાયનું કહેવું છે કે, આવું તો સામાન્ય રીતે (ફિલ્મની ટેગ લાઈન) બધાં ગમે ત્યારે બોલતાં હોય છે. એમાં કાંઈ કેસ ન કરવાનો હોય! લાગે છે કે આનંદ એલ. રાય સમાધાનનાં મૂડમાં નથી.એ લડી લેવા માગે છે. હવે જોવાનું કે કોર્ટ શું કહે છે, કારણ કે કોર્ટનો નિર્ણય બોલિવૂડ માટે દુરોગામી અસરો કરશે એ નક્કી...

### નાનાં પડદાનાં 'રામ-સીતા'ની મીઠી તકરાર



અરુણ ગોવિલ

ભારતીય ટેલીવિઝન ઇતિહાસની સહુથી લોકપ્રિય સિરિયલ 'રામાયણ'નાં રામ-સીતા વચ્ચે એક મીઠી તકરાર થઇ છે. અરુણ ગોવિલ જે એ સિરિયલમાં રામ તરીકે પ્રખ્યાત થયા હતા. એ નીતેશ તિવારીની 'રામાયણ'માં દશરથની ભૂમિકા ભજવવાનાં છે.

આ વિશે સિરિયલમાં સીતાની ભૂમિકા ભજવનાર દીપિકા ચિખલીયાને પૂછવામાં આવ્યું હતું. તો દીપિકાએ માત્ર એટલું જ કહ્યું : 'અરુણ ગોવિલને રામ સિવાય અન્ય ભૂમિકા ભજવતા જોવા એ થોડી મુશ્કેલી ભર્યું કામ હશે.'

હવે પત્રકારોને તો આ જ જોઈતું હતું. એમણે તરત અરુણ ગોવિલને પૂછ્યું કે 'આપ કા ઇસકે બારે મેં ક્યા કહેના હૈ?' તો અરુણભાઈએ એમનું ચિતપરિચિત સ્મિત વેરતાં કહ્યું કે, 'દરેકને પોતાનો મત આપવાનો અધિકાર છે!' પત્રકારભાઈઓને તો કશુંક મસાલેદાર જોઈતું હતું, પરંતુ એ બધા અરુણ ગોવિલ પાસેથી કશું ચટાકેદાર બોલાવવામાં નિષ્ફળ રહ્યા.

હા, અરુણભાઈને રામ બનેલા રણબીર કપૂર વિશે પૂછ્યું તો તે કહે કે 'રણબીર એક 'અચ્છો' કલાકાર છે. આપણે બધાં જાણીએ છીએ કે તે 'અચ્છો' કલાકાર છે. મને તો તે એક વ્યક્તિ તરીકે પણ બહુ સારો લાગ્યો છે. ઓલ ધ બેસ્ટ ટુ હીમ ...'

આ રીતે ટીવીનાં રામ-સીતા વચ્ચે મંથરાની ભૂમિકા ભજવવા જતાં પત્રકારોને શૂર્પણખાની જેમ નિરાશા જ હાથમાં આવી! ■

### કટ એન્ડ ઓકે..

એક સમયે હું મારી જાતને સુનીલ શેટ્ટી કરતાં પણ વધુ સારો એક્ટર સમજતો હતો, પરંતુ આજે મને એ યાદ કરતાં પણ શરમ આવે છે.

'અર્ચનાપતિ' પરમીત સેઠી.



# ભારત છેલ્લી ૪૦માંથી માત્ર ચાર ટી-૨૦માં ઑલઆઉટ થયું છે!




વિશાખાપટનમઃ બુધવારે અહીં ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતીય ટીમ સિરીઝની ચોથી ટી-૨૦માં પરાજિત થતાં શ્રેણી ૫-૦થી જીતી લેવાના ભારતના મનસૂબા પર પાણી ફરી વળ્યું છે, પરંતુ ભારતની ટી-૨૦ ટીમનો એક વિક્રમ ઊડીને આંખે વળગે એવો છે અને એ રેકૉર્ડ એવો છે કે ભારત અત્યાર સુધીમાં જે કુલ ૨૬૭ ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચ રમ્યું છે એમાંથી છેલ્લી ૪૦ મૅચમાં ભારતીય ટીમ ફક્ત ચાર વખત ઑલઆઉટ થઈ છે. આ ચારમાંથી ચોથી વખત ઑલઆઉટ થવાની ઘટના બુધવારે વિશાખાપટનમમાં બની હતી જેમાં ભારત ૨૧૬ રનના લક્ષ્યાંક સામે ૧૬૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં કિવીઓનો ૫૦ રનથી વિજય થયો હતો.

ભારત છેલ્લી જે ૪૦માંથી ચાર ટી-૨૦માં ઑલઆઉટ થયું છે એમાંથી ત્રણ મૅચ સૂર્યકુમાર યાદવના સુકાનમાં અને એક મૅચ શુભમન ગિલના નેતૃત્વમાં રમાઈ હતી. બુધવારે ભારતનો ટૉપ-ઑર્ડર સદંતર નિષ્ફળ ગયો, પરંતુ માત્ર બૅટિંગની વાત કરીએ તો એકંદરે અભિષેક શર્મા, સૂર્યકુમાર યાદવ, તિલક વર્મા સહિતના ટૉપ-ઑર્ડરના બૅટ્સમેનોએ ભારતને નંબર-વનની રૅન્ક પર જાળવી રાખવામાં મોટી ભૂમિકા ભજવી છે.

ભારત ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં નંબર-વન છે, ભારતનો અભિષેક શર્મા ટી-૨૦ના બૅટ્સમેનોમાં નંબર-વન છે અને સ્પિનર વરુણ ચક્રવર્તી બોલર્સમાં નંબર-વન છે. આના પરથી સાબિત થાય છે કે ટી-૨૦માં ભારતનું કેટલું બધુ વર્ચસ્વ છે.

૨૦૨૪માં ભારત રોહિત શર્માના નેતૃત્વમાં ટી-૨૦નો વર્લ્ડ કપ જીત્યું હતું. ત્યારથી માંડીને બુધવાર સુધીમાં ભારત જે ૪૦ ટી-૨૦ મૅચ રમ્યું એમાં સામેવાળી ટીમ ભારતને માત્ર ચાર મૅચમાં ઑલઆઉટ કરવામાં સફળ રહી હતી. ૨૦૨૪ના વર્લ્ડ કપ બાદ ઝિમ્બાબ્વેના પ્રવાસમાં ગિલના સુકાનમાં ભારતીય ટીમ ઝિમ્બાબ્વે સામે એક મૅચમાં ૧૦૨ રનમાં આઉટ થઈ ગઈ હતી. ૨૦૨૫માં મેલબર્નમાં ઑસ્ટ્રેલિયા સામે ભારત ૧૨૫ રનમાં અને મુલ્લાંપુરમાં સાઉથ આફ્રિકા સામે ૧૬૨ રનમાં ઑલઆઉટ થઈ હતી. ત્યાર બાદ બુધવારે ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતનો દાવ ૧૬૫ રન પર સમેટાઈ ગયો હતો. ■

# બાંદરામાં મુંબઈના રણજી ક્રિકેટરો ફેસ-માસ્ક પહેરીને રમ્યા



મુંબઈઃ દિલ્હીના ક્રિકેટરોને પ્રદૂષણને કારણે ફેસ-માસ્ક પહેરીને રમવાનો અનુભવ હશે જ, પણ ગુરુવારે મુંબઈમાં એવું બન્યું જેમાં તેઓ માસ્ક વગર રમ્યા હતા જ્યારે તેમની હાજરીમાં મુંબઈના રણજી ખેલાડીઓએ ફેસ-માસ્ક પહેરીને રમવું પડ્યું હતું.

વાત એવી છે કે બાંદરા (પૂર્વ)માં મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ)ના એમસીએ-બીકેસી ગ્રાઉન્ડ પર ગુરુવારે સવારે મુંબઈ અને દિલ્હી વચ્ચે ચાર દિવસની રણજી ટ્રોફી મૅચ શરૂ થઈ હતી. આ મેદાનની નજીક એક ઇમારતનું બાંધકામ ચાલી રહ્યું હોવાને કારણે ફેલાતા રજકણોથી બચવા લગભગ અડધો કલાક સુધી મુંબઈના ત્રણ ખેલાડી ફીલ્ડિંગ દરમ્યાન ફેસ-માસ્ક પહેરીને રમ્યા હતા.

સરફરાઝ ખાન, તેનો નાના ભાઈ મુશીર ખાન અને સ્પિનર હિમાંશુ સિંહ માસ્ક પહેરીને રમ્યા હતા. ગુરુવારે બાંદરાના આ વિસ્તારમાં એક્યૂઆઇ (ઍર ક્વૉલિટી ઇન્ડેક્સ) ૧૬૦ની આસપાસ હતો. આ સ્થિતિમાં ખેલાડીઓને માસ્ક વિના રમવું ઠીક ન લાગ્યું હોવાથી ત્રણ પ્લેયર માસ્ક પહેરીને રમ્યા હતા.

મુંબઈમાં પ્રદૂષણનું સ્તર ઘણું ઊંચું છે, પણ ખેલાડીઓ માસ્ક પહેરીને રમે એ જવલ્લે જ બનતું હોય છે. મુંબઈના ત્રણ ખેલાડીને શ્વાસ લેવામાં થોડી તકલીફ થઈ હોવાથી તેઓ માસ્ક પહેરીને રમ્યા હતા. જોકે લગભગ ૩૦ મિનિટ પછી તેમણે માસ્ક કાઢી નાખ્યા હતા. ■

### રણજી ટ્રોફી મુકાબલા

# જયદેવ અને સિરાજનો ચાર-ચાર વિકેટનો તરખાટ

ચંડીગઢ/હૈદરાબાદઃ સૌરાષ્ટ્રના કૅપ્ટન અને હાલાઈ લોહાણા સમાજના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર જયદેવ ઉનડકટે ગુરુવારે ચાર દિવસની રણજી ટ્રોફી મૅચના પહેલા દિવસે ચંડીગઢની ૪૪ રનમાં ચાર વિકેટ લઈને આ યજમાન ટીમને પહેલા દાવમાં માત્ર ૧૩૬ રનમાં તંબુ ભેગી કરાવી દીધી હતી. બીજા બે પેસ બોલર ચેતન સાકરિયા તથા ચિરાગ જાનીએ બે-બે વિકેટ લીધી હતી.

ચંડીગઢને ૧૩૬ રન સુધી સીમિત રખાવ્યા બાદ સૌરાષ્ટ્રએ એક વિકેટે ૧૬૭ રન કર્યા હતા. ઓપનર હાર્વિક દેસાઈ ૮૦ રને અને જય ગોહિલ ૬૧ રને રમી રહ્યો હતો.

## હૈદરાબાદ વિના વિકેટે ૫૬

હૈદરાબાદમાં મોહમ્મદ સિરાજે તરખાટ મચાવ્યો હતો. હૈદરાબાદના આ મુખ્ય બોલરે ૫૬ રનમાં ચાર વિકેટ મેળવી હતી. જોકે છત્તીસગઢની ટીમનો દાવ ૨૮૩ રન સુધી લંબાયો હતો અને એમાં પ્રતીક યાદવનું ૧૦૬ રનનું તથા વિકલ્પ તિવારીનું ૯૪ રનનું યોગદાન હતું. રમતના અંત સુધીમાં હૈદરાબાદે વિના વિકેટે ૫૬ રન કર્યા હતા.

## ગુજરાતના સાત વિકેટે ૨૬૭

અગરતલામાં ત્રિપુરા સામે ગુજરાતે કૅપ્ટન મનન હિંગરાજિયાના અણનમ ૯૮ રન, જયમીત પટેલના ૬૯ રન અને પ્રિયેશ પટેલના બાવન રનની મદદથી સાત વિકેટે ૨૬૭ રન કર્યા હતા. ત્રિપુરાના પેસ બોલર મણિશંકર મુરાસિંહે ૩૭ રનમાં ત્રણ વિકેટ લીધી હતી.

## અન્ય ચાર રણજી મૅચમાં શું બન્યું?

સાલેમમાં તમિળનાડુ સામે બરોડાએ પ્રથમ દાવમાં પાંચ વિકેટે ૨૪૭ રન કર્યા હતા અને નિનાદ રાઠવાના ૬૬ રન બાદ સુકીર્ત પાન્ડે ૭૩ રને તથા અતિત શેઠ ૪૫ રને નૉટઆઉટ હતા. મોહાલીમાં કર્ણાટક સામે પંજાબે નવ વિકેટે ૩૦૩ રન, રોહતકમાં હરિયાણા સામે બેન્ગાલે પાંચ વિકેટે ૧૬૮ રન અને નાગપુરમાં ઉત્તર પ્રદેશના ૨૩૭ રન બાદ વિદર્ભએ વિના વિકેટે ૩૩ રન કર્યા હતા. ■

# કિશનને ઈજા હતી તો પછી ગંભીરનો સંદેશ લઈને કેમ મેદાન પર ઝડપથી દોડી આવ્યો?: ક્રિકેટપ્રેમીઓએ ઉઠાવ્યા સવાલ

### ▸ આવતી કાલે સાંજે ૭.૦૦ વાગ્યાથી કિવીઓ સામે સિરીઝની છેલ્લી મૅચ



વિશાખાપટનમઃ બુધવારે અહીં ન્યૂ ઝીલૅન્ડ સામેની ચોથી ટી-૨૦ જીતીને સિરીઝમાં સરસાઈ ૪-૦ની કરવાનો ભારતને સારો મોકો હતો અને ઇન્ફૉર્મ બૅટ્સમૅન ઇશાન કિશન ઈજાને કારણે ન રમ્યો એની ભારતીય ટીમના પર્ફોર્મન્સ પર વિપરીત અસર થઈ હતી, પરંતુ કિશનની ઈજાને લઈને ક્રિકેટચાહકોએ એક સવાલ ઉઠાવ્યો છે.

આવતી કાલે તિરુવનંતપુરમમાં ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝની પાંચમી અને અંતિમ ટી-૨૦ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) રમાશે. ભારત સિરીઝમાં ૩-૧થી આગળ છે.

ન્યૂ ઝીલૅન્ડે બુધવારે સાત વિકેટે ૨૧૫ રન કર્યા બાદ ભારતીય ટીમ માત્ર ૧૬૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી, જેમાં એકમાત્ર શિવમ દુબે (૬૫ રન, ૨૩ બૉલ, સાત સિક્સર, ત્રણ ફોર)ની હાફ સેન્ચુરી સામેલ હતી. ભારતનો ૫૦ રનથી પરાજય થયો હતો.

આ મૅચ દરમ્યાન એક એવી ઘટના બની જેને લઈને ક્રિકેટ ફૅન્સ એક સવાલ ઉઠાવવા મજબૂર થયા છે. વાત એવી છે કે ભારતીય ટીમ બૅટિંગ દરમ્યાન સંકટમાં હતી અને એકમાત્ર શિવમ દુબે કિવી બોલર્સ સામે લડી રહ્યો હતો ત્યારે હેડ-કોચ ગૌતમ ગંભીરે એક સંદેશ સાથે ઇશાન કિશનને મેદાન પર મોકલ્યો હતો. કિશન પ્લેઇંગ-ઇલેવનમાં હતો જ નહીં અને ઈજાગ્રસ્ત હતો. જોકે કિશન જે સ્ફૂર્તિથી અને ઝડપથી મેદાન પર દોડી આવ્યો અને પાછો મેદાનની બહાર આવી ગયો એ જોઈને સોશ્યલ મીડિયામાં કેટલાકે સવાલ ઉઠાવ્યા હતા કે 'શું કિશનને ખરેખર ઈજા હતી? તે ઈજાગ્રસ્ત હતો તો પણ આટલો ઝડપથી કેમ મેદાન પર દોડી આવ્યો? કિશનની ઈજા બાબતમાં ટીમ મૅનેજમેન્ટ જુઠ્ઠું બોલ્યું? કિશન ફિટ હતો તો પછી કેમ ઇલેવનની બહાર રાખ્યો? ટીમને બૅટિંગમાં સ્પેશ્યાલિસ્ટની ખાસ જરૂર હતી ત્યારે કેમ આવું કરવામાં આવ્યું?'

એક્સ પર એક ક્રિકેટપ્રેમીએ ટિપ્પણી કરી હતી કે 'અર્શદીપ સિંહને સમાવવા કિશનને બહાર બેસાડવામાં આવ્યો કે જેથી સંજુ સૅમસન કોઈ પણ પ્રકારની હરીફાઈની ચિંતા વગર બૅટિંગ કરી શકે.' બીજા એક ક્રિકેટચાહકે કમેન્ટ કરી, 'બીસીસીઆઇ કદાચ કિશનને કહેતા ભૂલી ગયું હતું કે તેને ઈજા છે અને તેણે મેદાન પર દોડી જવાને બદલે આરામ કરવો જોઈએ.' ■

# પાકિસ્તાન વર્લ્ડ કપનો બહિષ્કાર કરવાના મૂડમાં નથી

### ▸ ખેલાડીઓના કોલંબોપ્રવાસની તૈયારી થઈ ચૂકી છે

લાહોરઃ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ આકરા પ્રતિબંધો મૂકવાની ચેતવણી આપી અને ટીવી બ્રૉડકાસ્ટર્સે પણ કરોડો રૂપિયાના વળતરનો દાવો માંડવાની ધમકી આપી એને પગલે હવે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ની સાન ઠેકાણે આવી રહી હોય એવું લાગે છે, કારણકે પીસીબીની નજીકના સૂત્રોના જણાવ્યા મુજબ પીસીબીએ પાકિસ્તાની ક્રિકેટરોને ટી-૨૦ વર્લ્ડ કપ માટે કોલંબો મોકલવાની લગભગ બધી તૈયારી કરી લીધી છે.

બાંગ્લાદેશના સપોર્ટમાં પાકિસ્તાન વિશ્વ કપનો બહિષ્કાર કરવા વિચારે છે એવા અગાઉ અહેવાલ હતા, પરંતુ આઇસીસીની ચેતવણીને પગલે પીસીબીએ ટીમ જાહેર કરી દીધી અને હવે કહેવાય છે કે પીસીબીએ વર્લ્ડ કપના ખેલાડીઓના કોલંબો પ્રવાસને લગતી બધી તૈયારીઓ પૂરી કરી છે અને આ ખેલાડીઓ સોમવાર, બીજી ફેબ્રુઆરીએ સવારે કોલંબો જવા રવાના પણ થઈ જશે.

આઇસીસી તેમ જ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) અને પીસીબી વચ્ચે કરાર થયા છે જે મુજબ ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી ભારત વિરુદ્ધ પાકિસ્તાનની તમામ મૅચો તટસ્થ સ્થળે રમાશે. એ જોતાં, ૧૫મી ફેબ્રુઆરીની ભારત-પાકિસ્તાનની વર્લ્ડ કપની મૅચ કોલંબોમાં રમાવાની છે. ભારત અને શ્રીલંકા આ વર્લ્ડ કપના સહ-યજમાન છે, પરંતુ પાકિસ્તાનની તમામ મૅચો શ્રીલંકામાં રમાવાની છે. ભારત સરકારે પાકિસ્તાનમાં ક્રિકેટ રમવાની ના પાડી છે, પરંતુ તટસ્થ સ્થળે ભારતીય ટીમને લીલી ઝંડી મળી ચૂકી છે. એ જોતાં હવે પાકિસ્તાન જો ભારત સામે કોલંબોમાં રમવાની પણ ના પાડે તો એ પોતે જ મુસીબતમાં મુકાઈ જાય. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| भुनगा | વટાવવું |
| भुगतना | શેકાવું |
| भुनना | પતંગિયું |
| भुनाना | શણગાર |
| भूषण | સહન કરવું |

### જાણવા જેવું

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી તેમ જ ટીવી સિરિયલોમાં સફળ લેખક અને દિગ્દર્શક તરીકે પંકાયેલા સંજય છેલએ આંતરકોલેજ નાટ્ય સ્પર્ધા માટે 'પત્ર ઉપનિષદ', 'ઊભી આડી ચાવી' અને 'પ્રકરણ ૧૯૫૭' વગેરે નાટકો પણ લખ્યા છે. હિતેન કુમારએ પણ સંજય છેલનાં નાટકોમાં અભિનય કર્યો છે.

### ગુજરાત મોરી મોરી રે

ન્યૂ થિયેટર્સ છોડી મુંબઈ ગયેલા કે. એલ. સાયગલ સાથે હિટ હિન્દી ફિલ્મ 'તાનસેન' બનાવનારા ગુજરાતી દિગ્દર્શકનું નામ કહી શકશો?

અ) ધીરુભાઈ દેસાઈ
બ) જયંત દેસાઈ
ક) બાબુભાઈ મિસ્ત્રી
ડ) ચીનુભાઈ ત્રિવેદી

### નોંધી રાખો

ફિલ્મ ઇન્ડસ્ટ્રીનો ઈતિહાસ જોશો તો ખ્યાલ આવશે કે લોકપ્રિય હીરોની સરખામણીએ લોકપ્રિય ચરિત્ર અભિનેતાની સંખ્યા ઘણી વધારે હોય છે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ■ | ૯ | ૧૦ | ■ | ૧૧ | | |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | | ■ | | ■ | |
| ■ | ■ | ૧૪ | | | ■ | ૧૫ | | ૧૬ | ■ |
| ૧૭ | ૧૮ | | ■ | ■ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ |
| ૨૨ | | ■ | ૨૩ | | ■ | ■ | ૨૪ | | |
| ■ | ૨૫ | ૨૬ | | ■ | ૨૭ | ૨૮ | | ■ | ■ |
| ૨૯ | ■ | | ■ | ૩૦ | ■ | | ■ | ૩૧ | ૩૨ |
| ૩૩ | ૩૪ | | ■ | ૩૫ | | ■ | ૩૬ | | |
| ૩૭ | | | | ■ | ■ | ૩૮ | | | |

### આડી ચાવી

૧. તલ્લીન, તન્મય (૪)
૪. ભૂતકાળનું વૃતાંત, તવારીખ (૪)
૮. કર્તવ્યનિષ્ઠ, કામ કરે તેવું (૩)
૯. --- લેવા જવું ને દોણી સંતાડવી (૨)
૧૧. --- કરવું=વારેવારે યાદ કરવું (૩)
૧૨. ન દેખાય એવી બારીક ફાટ (૨)
૧૪. અભ્યાસ, ભણતર (૩)
૧૫. ઈચ્છા, ખુશી (૩)
૧૭. સમાલોચના, આલોચના (૩)
૧૯. મિજાજી, અહંકારી (૨)
૨૦. મૂંગું, સ્તબ્ધ (૨)
૨૨. પાક (૨)
૨૩. સરખાપણું (૨)
૨૪. મન, હૃદય (૩)
૨૫. નામ વિનાનું, લખનારની સહી વગરનું (૩)
૨૭. કુહાડી (૩)
૩૧. નદીની પહોળાઈ, વિસ્તાર (૨)
૩૩. --- આશ સદા નિરાશ (૩) (જો.છૂ.)
૩૫. તમાશાને --- નહીં (૨)
૩૬. ગર્વ, બડાઈ (૩)
૩૭. નવું (૪)
૩૮. મોટું તળાવ (૪)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | તિ | ૨ બિં | ૩ બ | ■ | ■ | ૪ પ | ૫ ગ | દં | ૬ ડી |
| શં | ■ | ૭ દુ | ખ | ■ | ૮ ક | થિ | ર | ■ | લ |
| ૯ સા | ૧૦ ન | ■ | ૧૧ ડ | ૧૨ ગ | ■ | ક | ■ | ૧૩ વિ | ■ |
| ■ | ૧૪ વ | ૧૫ ર | જાં | ગ | ■ | ■ | ૧૬ પ | ના | ૧૭ હ |
| ૧૮ ત | ■ | ૧૯ જ | ત | ન | ■ | ૨૦ પ | ■ | ૨૧ શ | ઠ |
| ૨૨ રે | ૨૩ ખ | ■ | ક | ■ | ૨૪ ધ | ર | ૨૫ મ | ■ | વું |
| ૨૬ હ | લ | કું | ■ | ■ | ૨૭ ર | મ | જા | ૨૮ ન | ■ |
| ■ | ક | ■ | ૨૯ વ | ■ | ૩૦ વ | પુ | ■ | ૩૧ ત | ૩૨ મા |
| ૩૩ વિ | ■ | ૩૪ લો | ચ | ન | ■ | ૩૫ રુ | ૩૬ ખ | ■ | ગ |
| ૩૭ પ્ર | લો | ભ | ન | ■ | ■ | ૩૮ ષ | ટ | કો | ણ |

### ઊભી ચાવી

૧. ગુંજાશ, તાકાત (૩)
૨. તમોગુણ (૩)
૩. પ્રૌઢ (૨)
૫. તુચ્છકાર, ધિક્કાર (૪)
૬. બજાર, દુકાન (૨)
૭. શૂળ ભોંકાતી હોં એવું દરદ (૩)
૧૦. મીણબત્તી (૨)
૧૩. ધ્યેય (૨)
૧૪. સજા (૨)
૧૫. એક તજાનો (૨)
૧૬. વાદળ (૩)
૧૭. વખત (૨)
૧૮. મેળાપ, સમાગમ (૩)
૨૧. જે --- ઝૂલાવે પારણું તે જગત પર શાસન કરે (૨)
૨૩. રૂબરૂ, સમક્ષ (૨)
૨૪. કિરણ (૨)
૨૬. પ્રખ્યાત, જાણીતું (૪)
૨૮. નકામું (૨)
૨૯. પગથિયું (૩)
૩૦. છેવટે (૨)
૩૧. મુકામ (૩)
૩૨. આંખમાં દેખાતી ઝીણી લાલ રંગ (૩)
૩૪. ધ્વનિ, અવાજ (૨)
૩૬. અહંકાર, ગર્વ, મદ (૨)

### ઓળખાણ પડી?

બાળ કલાકાર તરીકે શરૂઆત કરી રણવીર સિંહની સુપરહિટ ફિલ્મમાં હિરોઈન બની પ્રશંસા મેળવનારી અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) ક્રિસ્ટલ ડિસોઝા
બ) સૌમ્યા ટંડન
ક) સારા અર્જુન
ડ) આયેશા ખાન



### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

અફલાતૂન ગાયકી ઉપરાંત અનેક ફિલ્મોમાં અભિનય કરનારા કિશોર કુમાર કઈ ફિલ્મમાં નજીવા દશ્ય અને વિશેષ તો એક ગીત માટે જોવા મળ્યા હતા એ વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) બાપ રે બાપ બ) બોમ્બે ટુ ગોવા ક) શરારત ડ) મનમૌજી

### માઈન્ડ ગેમ

'એનિમલ'માં ચમકી નેગેટિવ કેરેક્ટરની ભૂમિકા માટે પસંદ કરવામાં આવતા ધરમજીના પુત્ર બોબી દેઓલની હીરો તરીકે પ્રથમ ફિલ્મ કઈ હતી?

અ) કરીબ બ) ગુપ્ત ક) બરસાત ડ) બાદલ

### સુડોકુ-૯૨૦૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૬ | | ૭ | | | ૮ |
| ૯ | | | ૩ | | ૪ | | | ૬ |
| | ૪ | | | | | | ૧ | |
| ૪ | ૩ | ૬ | | | | ૯ | ૨ | ૧ |
| | | | | | | | | |
| ૮ | ૧ | ૨ | | | | ૫ | ૬ | ૭ |
| | ૬ | | | | | | ૭ | |
| ૭ | | | ૮ | | ૬ | | | ૪ |
| ૧ | | | ૭ | | ૩ | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૭ | ૧ | ૯ | ૬ | ૫ | ૨ | ૮ |
| ૬ | ૯ | ૮ | ૨ | ૭ | ૫ | ૩ | ૧ | ૪ |
| ૫ | ૨ | ૧ | ૮ | ૪ | ૩ | ૬ | ૯ | ૭ |
| ૮ | ૬ | ૫ | ૭ | ૨ | ૯ | ૪ | ૩ | ૧ |
| ૪ | ૩ | ૨ | ૬ | ૧ | ૮ | ૯ | ૭ | ૫ |
| ૧ | ૭ | ૯ | ૫ | ૩ | ૪ | ૨ | ૮ | ૬ |
| ૭ | ૧ | ૪ | ૯ | ૬ | ૨ | ૮ | ૫ | ૩ |
| ૨ | ૮ | ૬ | ૩ | ૫ | ૧ | ૭ | ૪ | ૯ |
| ૯ | ૫ | ૩ | ૪ | ૮ | ૭ | ૧ | ૬ | ૨ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| भोंदू | મૂર્ખ |
| भोर | પ્રભાત |
| भोंपू | એન્જીનની સીટી |
| भोंकना | ખોસવું |
| भोंचाल | ભૂકંપ |

**ગુજરાત મોરી મોરી રે:** ઉપર ગગન વિશાળ

**ઓળખાણ પડી?** નયનતારા

**માઈન્ડ ગેમ :** દિલ આશના હૈ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** કાલા બાઝાર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી બુચ (૨) સુભાષ મોમાય (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) હર્ષા મહેતા (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજિતા ખોના (૧૩) કિરીટ છેડા (૧૪) ચેતના છેડા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) ભાવના કર્વે (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) મુલરાજ કપૂર (૨૬) ભરત કજરિયા (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) અંજુ ટોલિયા (૩૪) કમલ માતલિયા (૩૫) ડાયના સંતોકે (૩૬) અરવિંદ કામદાર (૩૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) વિજય આસર (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) પ્રવીણ વોરા (૪૩) દીપિકા દોશી (૪૪) નિતીન જયંતિલાલ બજરિયા (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) પ્રતિમા પમાણી (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) મહેશ દોશી (૫૦) અલકા વાણી (૫૧) જ્યોત્સના ગાંધી (૫૨) રમેશભાઈ દલાલ ઈનાક્ષીબેન દલાલ (૫૪) હિનાબેન દલાલ (૫૫) હિંમત ખોલીયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) ઘર હો તો ઐસા ૨) રિશ્તા હો તો ઐસા ૩) ચોર હો તો ઐસા ૪) બેટા હો તો ઐસા ૫) ભાઈ હો તો ઐસા ૬) બીવી હો તો ઐસી ૭) વાહ લાઈફ હો તો ઐસી

ક્વિઝ (બ) ૧) ઉપકાર ૨) નયા દૌર ૩) સ્વદેશ ૪) દિલજલે ૫) ભુજ: ધ પ્રાઈડ ઓફ ઇન્ડિયા ૬) ધ લેજેન્ડ ઓફ ભગત સિંહ ૭) જીગરી દોસ્ત



**અંતિમ વિદાયઃ** મહારાષ્ટ્રના નેતા અજિત પવારના ગુરુવારે રાજકીય સન્માન સાથે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા ત્યારે પત્ની સુનેત્રા પવાર, પુત્રો પાર્થ–જય પવાર, બહેન સુપ્રિયા સુળે, કાકા શરદ પવારે અજિતદાદાને અશ્રુભીની વિદાય આપી હતી. (પીટીઆઈ)

# મહારાષ્ટ્રે અજિત પવારને અશ્રુભીની વિદાય આપી

બારામતીઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારને ગુરુવારે 'અજિતદાદા અમર રહે' (અજિત દાદા અમર રહે)ના નારા સાથે અશ્રુભરી વિદાય આપવામાં આવી હતી. બારામતીમાં 'દાદા' (મોટા ભાઈ) તરીકે જાણીતા ૬૬ વર્ષના એનસીપી વડાના અહીં વિદ્યા પ્રતિષ્ઠાન કોલેજ ગ્રાઇન્ડ ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા. આ કોલેજની સ્થાપના પવાર પરિવાર દ્વારા કરવામાં આવી હતી.

હજારો લોકો અંતિમ શ્રદ્ધાંજલિ આપવા માટે ભેગા થયા ત્યારે, પવારના પુત્રો, પાર્થ અને જય, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપના પ્રમુખ નીતિન નવીન અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા.

અજિત પવારના અંતિમ સંસ્કાર માટે હજારો શોકગ્રસ્તોએ 'અજિત દાદા અમર રહે'ના નારા લગાવ્યા, જ્યારે તેમના પાર્થિવ શરીરને રાષ્ટ્રધ્વજમાં લપેટીને તેમના ગામ કાટેવાડીથી પુણેથી ૧૦૦ કિમી

(જુઓ પાનું ૪) ▶▶

## પગે લાગી, આલિંગન કરી પાર્થ-જયે આપી પિતાને વિદાય

પુણેઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અણધાર્યા અવસાન પછી પ્રિય નેતાને વિદાય આપવા માટે આખું મહારાષ્ટ્ર બારામતીમાં એકત્ર થયું. રાજ્ય અને દેશના અગ્રણી નેતાઓ બારામતી પહોંચી ગયા અને સમગ્ર વાતાવરણ ખૂબ જ શોકાતુર બની ગયું હતું. વિદ્યા પ્રતિષ્ઠાન મેદાનમાં અજિત દાદાને અંતિમ વિદાય આપવામાં આવી હતી. દાદાના પુત્રો પાર્થ અને જયએ અંતિમ સંસ્કાર કર્યા ત્યારે વાતાવરણ લાગણીશીલ બની ગયું હતું.

ગુરુવારે સવારે અજિતદાદાના પાર્થિવ શરીરને કાટેવાડી ગામમાં તેમના નિવાસસ્થાને લાવવામાં આવ્યું હતું. અજિતદાદાને અંતિમ શ્રદ્ધાંજલિ આપવા માટે બારામતીના રહેવાસીઓ હજારોની સંખ્યામાં એકઠા થયા હતા. ત્યારબાદ અજિતદાદાની અંતિમયાત્રા ટ્રકમાં વિદ્યા પ્રતિષ્ઠાન મેદાન તરફ રવાના થઈ ત્યારે રસ્તાની બંને

(જુઓ પાનું ૪) ▶▶

## અજિત પવાર વિમાન દુર્ઘટનાની તપાસ માટે ત્રણ સભ્યની ટીમની રચના

મુંબઈઃ બારામતીમાં વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય ચાર લોકોનાં થયેલા મોતની તપાસ માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય (MoCA) દ્વારા ત્રણ સભ્યોની ટીમની રચના કરવામાં આવી છે.

એક નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું હતું કે AAIB ટીમ, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA), મુંબઈ પ્રાદેશિક કાર્યાલયની અન્ય ત્રણ સભ્યોની ટીમ સાથે અકસ્માતના દિવસે જ દુર્ઘટના સ્થળે પહોંચી હતી. AAIBના ડાયરેક્ટર જનરલે તપાસનું નિરીક્ષણ કરવા માટે ઘટના સ્થળની પણ મુલાકાત લીધી હતી.

તપાસ ઝડપથી આગળ વધી રહી છે, અને દુર્ઘટનાગ્રસ્ત વિમાનનું બ્લેક બોક્સ મળી આવ્યું છે, એમ જણાવતા મંત્રાલયે X પરની એક પોસ્ટમાં ભાર મૂક્યો હતો કે સંપૂર્ણ, પારદર્શક અને ઝડપી તપાસ

(જુઓ પાનું ૪) ▶▶

## અજિતદાદા પરના ૭૦ હજાર કરોડના આરોપ પાછા ખેંચોઃ સંજય રાઉત

મુંબઈઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય ચાર વ્યક્તિનું ૨૮ જાન્યુઆરીએ વિમાન દુર્ઘટનામાં અવસાન થયું. અજિત પવારના અંતિમ સંસ્કાર વખતે રાજ્યભરમાંથી હજારો લોકો બારામતીમાં એકઠા થયા હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, વિધાન સભ્યો, સંસદસભ્યો, પ્રધાનો અને અન્ય મહાનુભાવો હાજર હતા. અજિત પવારના અંતિમ સંસ્કાર પછી તેમના ચાહકો પોતપોતાના ગામમાં પાછા ફરી રહ્યા છે. દરમિયાન ઠાકરે જૂથના નેતા અને સાંસદ સભ્ય સંજય રાઉતે સોશ્યલ મીડિયા પર એક ચર્ચાસ્પદ પોસ્ટ મૂકી છે. ભાજપની આકરી ટીકા કરી તેમણે અજિત પવાર પરના આરોપ હટાવવાની માંગણી કરી છે.

સંજય રાઉતે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં તેમણે ભાજપ સામે નિશાન સાધ્યું છે. અજિત પવારના અવસાન પછી ભાજપે ૨૯ જાન્યુઆરીએ મોટાભાગના મરાઠી અખબારોમાં જાહેરાતો આપીને અજિતદાદાને શ્રદ્ધાંજલિ આપી છે. આ જાહેરાતોનો ઉલ્લેખ કરીને રાઉતે ભાજપની ટીકા કરી છે. 'ભાજપે ખૂબ સારું કામ કર્યું છે. ભાજપે દાદાને શ્રદ્ધાંજલિ આપવા માટે આખા પાનાની જાહેરાતો આપી છે. પણ એનાથી શું નિષ્પન્ન થશે?' એવો સવાલ તેમણે કર્યો છે.

તેમણે એવો પણ અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે ભાજપ, એટલે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા મુકવામાં આવેલા ૭૦ હજાર કરોડ રૂપિયાના આરોપ પાછા ખેંચવામાં આવે એ અજીત દાદાને સાચી શ્રદ્ધાંજલિ એ હશે. અજિત પવાર પર મુકવામાં આવેલા ૭૦ હજાર કરોડ રૂપિયાના નાણાકીય ગેરરીતિના આરોપ પાછા ખેંચવામાં આવે એવી માંગણી રાઉતે કરી છે.

**શું એકનાથ શિંદેનું કદ વધશે?**

## અજિત પવાર વિના મહાયુતિ દેવેન્દ્ર ફડણવીસ માટે પડકાર

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાંથી અજિત પવારની અચાનક વિદાય એ ફક્ત એક વ્યક્તિનું મૃત્યુ નથી, પરંતુ શાસક મહાયુતિના સંતુલનમાં મોટો ફેરફાર છે. વિમાન દુર્ઘટનામાં નાયબ મુખ્યપ્રધાન અજિત પવારના મૃત્યુ બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે વ્યક્તિગત રીતે મેં એક મજબૂત અને ઉદાર દિલનો મિત્ર ગુમાવ્યો છે. ફડણવીસના શબ્દો મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પ્રત્યેના તેમના આદર અને મહત્વને દર્શાવે છે, પરંતુ આ દુઃખદ ઘટના પછી, બધાની નજર હવે દાદા વિના મહાયુતિ (ભાજપ-શિવસેના-એનસીપી) નું ભવિષ્ય શું હશે તેના પર છે. અજિત પવાર ફક્ત નાયબ મુખ્ય પ્રધાન જ નહોતા, પરંતુ તેઓ મહાયુતિમાં 'બેલેન્સિંગ ફેક્ટર' હતા, જે દેવેન્દ્ર ફડણવીસ માટે ઢાલ તરીકે કામ કરતા. ૨૦૧૯ માં વહેલી સવારે શપથ ગ્રહણ સમારોહથી જ ફડણવીસ અને અજિત પવાર વચ્ચે ગાઢ સંબંધ બંધાઈ ગયો હતો. જ્યારે અજિત પવારે બળવો કર્યો અને ૨૦૨૩ માં સરકારમાં જોડાયા, ત્યારે ફડણવીસને એક એવો વ્યૂહરચનાકાર મળ્યો જે એકનાથ શિંદે જેવા કઠોર નેતાને કાબૂમાં રાખી શકે.

દાદા તરીકે જાણીતા અજિત પવારની સૌથી મોટી ખાસિયત એ હતી કે તેઓ એક વ્યવહારુ નેતા હતા

(જુઓ પાનું ૪) ▶▶

## હવે રાજ્યનું બજેટ કોણ રજૂ કરશે?: સરકાર સામે મોટો સવાલ

મુંબઈઃ મહત્ત્વપૂર્ણ નાણાં મંત્રાલય સંભાળતા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અચાનક અવસાનથી, મહારાષ્ટ્ર સરકાર હવે ૨૩ ફેબ્રુઆરીથી શરૂ થનારા રાજ્ય વિધાનસભાના બજેટ સત્ર પહેલા એક મોટા પડકારનો સામનો કરી રહી છે.

ટૂંકા ગાળામાં નાણાં વિભાગને સંભાળવું એ એક જટિલ કાર્ય માનવામાં આવે છે, ખાસ કરીને બજેટ પ્રક્રિયા પહેલાથી જ ચાલી રહી છે. વરિષ્ઠ અધિકારીઓ અને રાજકીય નિરીક્ષકો કહે છે કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કામચલાઉ ધોરણે નાણાં વિભાગનો હવાલો સંભાળી શકે છે, અને રાજ્યનું બજેટ પણ પોતે રજૂ કરી શકે છે.

મહારાષ્ટ્ર બજેટ સત્ર ૨૩ ફેબ્રુઆરીથી શરૂ થશે. મહારાષ્ટ્ર આર્થિક રીતે દેશમાં અગ્રણી રાજ્ય છે. તેથી મહારાષ્ટ્ર બજેટ રજૂ કરવું એ સૌથી મહત્વપૂર્ણ બાબત છે. ગયા વર્ષે અજિત પવારે મહાયુતિ સરકારનું બજેટ રજૂ કર્યું હતું, જે તેમનું ૧૧ મું રાજ્ય બજેટ હતું, જે મહારાષ્ટ્રના ઇતિહાસમાં કોઈપણ નાણા પ્રધાન

(જુઓ પાનું ૪) ▶▶

**બારામતીમાં વિમાન દુર્ઘટના**

## એક્સિડેન્ટલ ડેથ રિપોર્ટ દાખલ કરાયો

પુણેઃ પુણે જિલ્લાના બારામતીમાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય ચારના ભોગ લેનારી વિમાન દુર્ઘટના પ્રકરણે પોલીસે એક્સિડેન્ટર ડેથ રિપોર્ટ (એડીઆર) દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.બારામતી એરપોર્ટ પર બુધવારે સવારે ટેબલટોપ રનવેના ખૂણાથી ૨૦૦ મીટર દૂર ચાર્ટર્ડ એરક્રાફ્ટ ક્રેશ થયું હતું, જેમાં અજિત પવાર (૬૬) અને અન્ય ચારનાં મોત થયાં હતાં.

પુણે ગ્રામીણ પોલીસના સિનિયર પોલીસ અધિકારીએ પુષ્ટિ આપી હતી કે અમે બારામતી તાલુકા પોલીસ સ્ટેશનમાં એડીઆર દાખલ કર્યો છે.પ્રક્રિયા અનુસાર એડીઆર મહારાષ્ટ્ર ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઇડી)ને સોંપવામાં આવશે, જે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઇબી)ની તપાસના તારણોને આધારે તપાસ કરશે.

નાગરી ઉડ્ડયન મંત્રાલય હેઠળ કાર્યરત એએઆઇબીએ પહેલેથી જ વિમાન દુર્ઘટનાની તપાસ પોતાના હસ્તક લઇ લીધી છે.

સીઆઇડીના અધિકારીએ જણાવ્યું હતું કે અકસ્માતમાં પ્રભાવશાળી જનપ્રતિનિધિનું મૃત્યુ થાય તો તપાસ સીઆઇડી દ્વારા કરવામાં આવે છે.

અમને હજી સુધી કોઇ આદેશ મળ્યો નથી. જોકે સીઆઈડી આદેશો પ્રાપ્ત કરશે અને સ્થાનિક પોલીસમાં નોંધાયેલા એડીઆરની તપાસ કરશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)



**મુંબાદેવીની પાલખીઃ** મુંબઈના મુંબાદેવી મંદિરના વર્ધાપન દિન નિમિત્તે માતાજીની પાલખી કાઢવામાં આવી હતી જેમાં હજારો ભાવિકો જોડાયા હતા. (અમય ખરાડે)

## મુંબઈ મેટ્રો-૪ માટે ગર્ડર બેસાડવાનું કામઃ આ માર્ગો પર રહેશે બ્લોક

મુંબઈઃ મુંબઈ મેટ્રો-૪ પ્રોજેક્ટ માટે ભાંડુપ સ્ટેશન રોડ ચોક પર સ્ટીલ ગર્ડર બેસાડવાનું કામ હાથ ધરવાનું હોવાથી લાલબહાદુર શાસ્ત્રી માર્ગ પર ગાંધીનગર ચોકથી ભાંડુપ સોનાપુર ચોક સુધી જતા વાહનો અને ભાંડુપ સોનાપુર ચોકથી ગાંધીનગર ચોક તરફ આવનારાં વાહનો માટે આ રસ્તો ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬થી ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન રાતના ૧૦ વાગ્યાથી સવારના આઠ વાગ્યા સુધી (ચાર દિવસ) બંધ કરવામાં આવશે.

આ રૂટ પર અવરજવર કરનારાં વાહનોને એલબીએસ માર્ગના ગાંધીનગર ચોકથી પુરોલી ચોક થઇને ભાંડુપ સોનાપુર ચોક જવા માટે વૈકલ્પિક રૂટ આપવામાં આવ્યો છે.

આવી જ રીતે મંગતરામ ઇંધણ પંપ ચોકથી લઇને ક્વારી રોડ, મીનાતાઇ ઠાકરે ચોક, ટેન્ક રોડ, રતનસિંહ રાયસિંહ કાનાવર ચોક થઇને એલબીએસ માર્ગ પર જવાનો વૈકલ્પિક રૂટ આપવામાં આવ્યો છે.

ઉપરાંત જંગલ મંગલ રોડ, મધુબન ગાર્ડન થઇ એલબીએસ માર્ગ પણ જવાશે. મુંબઈ ટ્રાફિક પોલીસ દ્વારા નાગરિકોને સહકાર આપીને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાનું જણાવવામાં આવ્યું છે. ■

## 'પોલીસ સુરક્ષાનો ખર્ચ ઉઠાવો, નહીંતર વતન ન જાઓ' અબુ સાલેમના ઇમરજન્સી પેરોલ પર હાઇ કોર્ટનું વલણ

મુંબઈઃ હાઈ કોર્ટે બુધવારે કુખ્યાત ગેંગસ્ટર અબુ સાલેમની માગણી અંગે સ્પષ્ટતા કરી હતી કે, જો તેને તેના ભાઈના નિધન સંબંધિત ધાર્મિક વિધિઓ માટે ઉત્તર પ્રદેશના આઝમગઢ સ્થિત વતનમાં જવા માટે ઈમરજન્સી પેરોલ જોઈએ છે, તો તેણે મુસાફરી દરમિયાન પૂરી પાડવામાં આવતી પોલીસ સુરક્ષાનો ખર્ચ પોતે ઉઠાવવો પડશે. સાથે જ કોર્ટે તેને આ બાબતે પોતાનું વલણ સ્પષ્ટ કરવા માટે સોમવાર સુધીનો સમય આપ્યો હતો.

સાલેમના ભાઈ અબુ હકીમ અન્સારીનું ૧૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ અવસાન થયું હતું. સાલેમે એડવોકેટ ફરહાના શાહ દ્વારા હાઇ કોર્ટમાં અરજી દાખલ કરીને મૃત્યુ પછીની ધાર્મિક વિધિઓ કરવા અને તેના પરિવારને મળવા માટે ૧૪ દિવસના ઇમરજન્સી પેરોલની માગ કરી હતી.

સાલેમ એક આંતરરાષ્ટ્રીય ગુનેગાર છે અને જો તેને ૧૪ દિવસના પેરોલ મંજૂર કરવામાં આવે, તો તે ભાગી જશે એવી ભીતિ વ્યક્ત કરીને સરકારી વકીલ મનકુંવર દેશમુખે તેની અરજીનો અગાઉથી જ વિરોધ કર્યો હતો.

સરકારના વિરોધને ધ્યાનમાં રાખીને, કોર્ટે અગાઉ સાલેમને બે દિવસના પેરોલ મંજૂર કરવાની તૈયારી દર્શાવી હતી.

જોકે બુધવારે થયેલી સુનાવણી દરમિયાન કોર્ટે જણાવ્યું હતું કે, આઝમગઢ જવા માટે લાગનારા મુસાફરીના કલાકોને ધ્યાનમાં લેતા તેઓ સાલેમને બેને બદલે ચાર દિવસના પેરોલ મંજૂર કરવા તૈયાર છે. પરંતુ, સરકાર અને સીબીઆઈ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી આશંકાઓને જોતા સાલેમને પોલીસ સુરક્ષા વગર આઝમગઢ મોકલી શકાય નહીં.

તેથી, કોર્ટે કહ્યું કે સાલેમને પોલીસ સુરક્ષાનો ખર્ચ ઉઠાવવો પડશે. તેના પર સાલેમના વકીલોએ કોર્ટને જણાવવાનો પ્રયત્ન કર્યો હતો કે સાલેમ છેલ્લા લગભગ બે દાયકાથી જેલમાં હોવાથી, તેને પોલીસ સુરક્ષા વગર પેરોલ મંજૂર કરી શકાય તેમ છે.

ત્યારે કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે સાલેમ પરના ગુનાઓને જોતા તેને અન્ય આરોપીઓની જેમ ગણી શકાય નહીં. તેથી જો સાલેમ પોલીસ સુરક્ષાનો ખર્ચ ઉઠાવવા તૈયાર હોય, તો જ તેને પેરોલનો લાભ આપવામાં આવશે.

આ શરત મંજૂર ન હોય તો વતનમાં ન જાઓ, તેમ જસ્ટિસ અજય ગડકરી અને જસ્ટિસ શ્યામ ચાંડકની ખંડપીઠે સ્પષ્ટ કર્યું હતું.

## દિલ્હી હાઈ કોર્ટે સમીર વાનખેડેની અરજી ફગાવી

મુંબઈઃ દિલ્હી હાઈ કોર્ટે શાહરૂખ ખાનના પ્રોડક્શન હાઉસ અને સિરીઝ સામે ભારતીય મહેસૂલ સેવા અધિકારી સમીર વાનખેડે દ્વારા દાખલ કરવામાં આવેલી માનહાનિની અરજી ફગાવી દીધી છે. સમીર વાનખેડેએ અભિનેતા શાહરૂખ ખાનના પ્રોડક્શન બેનર રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ અને સ્ટ્રીમિંગ જાયન્ટ નેટફ્લિક્સ સામે માનહાનિનો કેસ કર્યો હતો. વેબ સિરીઝ 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ'માં તેમની ભૂમિકા અંગે આ અરજી દાખલ કરવામાં આવી હતી. સમીર વાનખેડેએ વેબ સિરીઝ ધ બેડ્સ ઓફ બોલિવૂડના કેટલાક દૃશ્યો પર રોક લગાવવા માટે કોર્ટમાં અરજી કરી હતી. તેમનો દાવો હતો કે આ વેબ સિરીઝમાં તેમની મજાક ઉડાવવામાં આવી હતી. આ રીતે બદનક્ષી બદલ તેમણે નિર્માતાઓ સામે બે કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. વાનખેડેએ આરોપ લગાવ્યો હતો કે ધ બેડ્સ ઓફ બોલિવૂડ સિરીઝમાં સમીર વાનખેડે જેવું પાત્ર બતાવવામાં આવ્યું છે. આ સિરીઝ દ્વારા તેમની જાહેર છબીને કલંકિત કરવામાં આવી છે. તેમણે શાહરૂખ ખાન અને ગૌરી ખાનની માલિકીની રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ અને નેટફ્લિક્સ પાસેથી બે કરોડ રૂપિયાનું વળતર અને આ સિરીઝમાંથી વાંધાજનક દૃશ્યો દૂર કરવાનો આદેશ આપવાની માંગ પણ કરી હતી.

**મધ્ય રેલવેમાં મગજમારી**

## વારંવાર ટ્રેનો મોડી પડતા નોકરિયાત વર્ગ હેરાન

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન તરીકે ઓળખાતી મુંબઈ લોકલ ટ્રેન ગુરુવારે બપોર પછી અસ્તવ્યસ્ત હાલતમાં હતી. ગુરુવારે સવારે ટેકનિકલ ખામીને કારણે મુંબઈ મધ્ય રેલવેની લોકલ ટ્રેન વ્યવસ્થા ફરી એકવાર ખોરવાઈ ગઈ હતી. કલ્યાણ અને સીએસએમટી વચ્ચે દોડતી લોકલ ટ્રેનો ૨૦ થી ૨૫ મિનિટ મોડી હોવાથી કામ પર જતા મુસાફરોને ભારે અગવડ પડી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુરુવારે સવારે ધસારાના સમયે મધ્ય રેલવે લોકલ સેવાઓ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ હતી. છેલ્લા એક વર્ષથી કલ્યાણ અને સીએસએમટી વચ્ચે લોકલ ટ્રેનો દરરોજ ૨૦ થી ૪૦ મિનિટ મોડી દોડી રહી છે.

આ ખોરવાયેલા રેલવે સમયપત્રકનો સૌથી મોટો ભોગ શ્રમજીવી વર્ગ બની રહ્યો છે. વારંવાર થતા વિલંબને કારણે ઘણા લોકોની નોકરીઓ જોખમમાં મુકાઈ ગઈ છે.

કલ્યાણ, ડોમ્બિવલી, થાણે અને મુંબ્રા વિસ્તારોમાંથી મુંબઈ તરફ આવતા મુસાફરોની સંખ્યા મોટી છે. જોકે, છેલ્લા એક મહિનાથી

(જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં પ્રેમિકાને પરેશાન કરનારનું કાસળ કાઢ્યું

**ગુજરાતના બે યુવક ઝડપાયા, પ્રેમિકાની પણ કરાઇ ધરપકડ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં પ્રેમિકાને પરેશાન કરનારા શખસની ચાકુના ઘા ઝીંકી હત્યા કર્યા બાદ ફરાર થયેલા ગુજરાતના બે યુવકને ક્રાઇમ બ્રાન્ચના પ્રોપર્ટી સેલે નાયગાંવથી ઝડપી પાડ્યા હતા. બંને યુવકની ઓળખ કાલી ઉર્ફે રઘુ જયંતીભાઇ ચૌહાણ (૨૭) અને શાયર વિનુભાઇ માંગરોલિયા (૨૧) તરીકે થઇ હોઇ કાલી ઉર્ફે રઘુ ચૌહાણની પ્રેમિકા ગીતા મૂકેશ માલીની પણ ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

થાણે નગર પોલીસ સ્ટેશનની હદમાં બુધવારે મહેશ નાખવા નામના શખસની ચાકુના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હતી.

આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીઓની શોધખોળ આદરી હતી. બીજી તરફ કેસની સમાંતર તપાસ કરી રહેલા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે ગુનામાં સંડોવાયેલા બંને આરોપીને મુંબઇ-અમદાવાદ હાઇવે પર નાયગાંવ પૂર્વમાં કચ્છ દરબાર ઢાબા નજીકથી ઝડપી પાડ્યા હતા.

આરોપી કાલી ઉર્ફે રઘુ ચૌહાણ રાજકોટનો અને શાયર માંગરોલિયા જૂનાગઢનો રહેવાસી છે. બંનેની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે કાલી ઉર્ફે રઘુની પ્રેમિકા ગીતા મૂકેશ માલીને મૃતક મહેશ નાખવા પરેશાન કરી રહ્યો હતો. ગીતા માલીએ આની જાણ કાલી ઉર્ફે રઘુને કર્યા બાદ તેણે મહેશ નાખવાનો કાંટો કાંટો કાઢવાનું નક્કી કર્યું હતું અને શાયર માંગરોલિયા સાથે મળીને તેમણે મહેશ પર ચાકુના ઘા ઝીંકી તેની હત્યા કરી હતી.

## આર્થર રોડ જેલમાં કેદીએ કરેલા હુમલામાં પોલીસ કર્મચારી ઘાયલ

મુંબઈઃ મુંબઈની હાઇ-સિક્યુરિટીવાળી આર્થર રોડ જેલમાં કેદીએ કરેલા હુમલામાં પોલીસ કર્મચારી ઘાયલ થયો હોવાની ઘટના સામે આવી હતી. ઘાયલ પોલીસ કર્મચારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોઇ પોલીસે આ પ્રકરણે કેદી વિરુદ્ધ ગુનો દાખલ કરીને વધુ તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. આર્થર રોડ જેલમાં ગુરુવારે આ ઘટના બની હતી, જેમાં કેદીઓ વચ્ચે વિવાદ થયો હતો અને તેમાં મધ્યસ્થી કરવા ગયેલા પોલીસ કર્મચારી વાઘ પર હુમલો કરાયો હતો. હુમલો કરનાર કેદીની ઓળખ લોકેન્દ્ર ઉદયસિંહ રાવત તરીકે થઇ હતી.

જેલમાં કેદીઓ વચ્ચે કોઇ બાબતને લઇ વિવાદ થયો હતો, જેની જાણ થતાં પોલીસ કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કેદીઓને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે લોકેન્દ્ર રાવત આક્રમક થયો હતો અને તેણે પોલીસ કર્મચારી પર હુમલો કર્યો હતો, જ્યાં અન્યો સાથે ધક્કામુક્કી કરી હતી. આ ઘટના બાદ કેદીને તાબામાં લેવામાં આવ્યો હતો અને બાદમાં તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# શૅરબજારમાં સતત ત્રીજા દિવસે આગેકૂચ, સેન્સેક્સ ૨૨૧ પોઈન્ટ ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આર્થિક સર્વેક્ષણની રજૂઆત સાથે શોર્ટ કવરિંગનો સાથ મળતાં સતત ત્રીજા દિવસની આગેકૂચમાં સેન્સેક્સ ૨૨૧.૬૯ પોઇન્ટ અથવા તો ૦.૨૭ ટકાના સુધારા સાથે ૮૨,૫૬૬.૩૭ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. દિવસ દરમિયાન તે ૬૩૬.૭૪ પોઇન્ટ ગબડીને ૮૧,૭૦૭.૯૪ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૧૮૨.૯૫ પોઇન્ટ નીચે જઇને અંતે ૭૬.૧૫ પોઇન્ટ અથવા ૦.૩૦ ટકાના સુધારા સાથે ૨૫,૪૧૮.૯૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. ટાટા સ્ટીલ ૪.૪૧ ટકા ઉછળીને ટોપ ગેઇનર બન્યો હતો. જ્યારે સારા પરિણામ બાદ ૩.૬૬ ટકા ઉછળીને લાર્સન બીજા ક્રમે રહ્યો હતો. અન્ય ટોપ ગેઇનર્સમાં એક્સિસ બેન્ક, ઇટર્નલ, એનટીપીસી, અદાણી પોર્ટ અને આઇસીઆઇસીઆઇ બેન્કનો સમાવેશ હતો. જ્યારે, એશિયન પેઇન્ટ, ઇન્ટરગ્લોબ એવિએશન, મારુતિ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ લુઝર્સની યાદીમાં હતા.

કોર્પોરેટ પરિણામ મિશ્ર રહ્યા છે. ટાટા મોટર્સના નફામાં ૪૮ ટકાનો કડાકો નોંધાયો, અરવિંદ ફેશનનો નફો ૨૨.૪૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૬.૧૧ કરોડ, જ્યારે ટીવીએસ મોટરનો નફો ૪૬.૨૬ ટકા વધીને રૂ. ૮૯૧.૨૬ કરોડ નોંધાયો હતો. એસીસીનો ડિસેમ્બર ક્વાર્ટરનો કોન્સોલિડેટેડ નફો ૬૩ ટકા ઘટીને રૂ. ૪૦૪.૨૫ કરોડ, જ્યારે મારુતિ સુઝુકીનો નફો ચાર ટકા વધીને રૂ. ૩૮૭૯ કરોડ નોંધાયો હતો. એશિયન પેઇન્ટ્સનો નફો ૪.૮૩ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૭૩.૯૨ કરોડ અને ટીસીપીએલનો નફો ૩૬.૪૦ ટકા વધીને રૂ. ૩૮૪.૫૨ કરોડ નોંધાયો છે.

આઇટીસીનો ત્રીજા ક્વાર્ટરનો ચોખ્ખો નફો થોડો વધીને રૂ. ૫,૦૧૮ કરોડ થયો હતો. ક્યુપિડ લિમિટેડે ૪:૧ બોનસ ઇશ્યૂ જાહેર કર્યો છે અને નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ પરિણામમાં ૧૦૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૦૪.૩૮ કરોડની કુલ આવક, ૧૦૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૯૩.૫૦ કરોડની કાર્યકારી આવક, ૨૦૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૪.૪૦ કરોડનો એબિટા અને ૧૯૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૨.૮૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. મેટ્રોપોલિટન સ્ટોક એક્સચેન્જે ૨૭મી જાન્યુઆરીથી તેની સિસ્ટમ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન કામગીરી પૂર્ણ કરી લધી છે અને તેનાથી પર્ફોમન્સ, સેક્લેબિલિટી અને ઓપરેશનલ રેજીલિએન્સની ગુણવત્તામાં ઘણો સુધારો થશે એવો એક્સચેન્જનો દાવો છે.

શેરબજારની શરૂઆત ગુરુવારે નીરસ રહી હતી અને એક તબક્કે રોકાણકારોની સંપત્તિમાં અંદાજે રૂ. ત્રણ લાખ કરોડનું ધોવાણ થઈ ગયું હતું. જોકે, મોડી બપોરના કામકાજ દરમિયાન એક્સપાઇરીને કારણે સોદા સરખા કરવાની પ્રવૃત્તિ, શોર્ટ કવરિંગ અને પ્રોત્સાહક




આર્થિક સર્વેક્ષણને કારણે ખાસ કરીને બ્લુ-ચિપ લાર્સન એન્ડ ટુબ્રો સહિતનાં બ્લુ ચિપ શેરોમાં મોટી તેજી નીકળતા શેરબજાર નીચી સપાટી સામે લગભગ ૯૫૦ પોઇન્ટ ઊછળ્યું હતું. આર્થિક સર્વેક્ષણમાં સુધારાઓની સંચિત અસરને કારણે આગામી નાણાકીય વર્ષ માટે ઋઉડ વૃદ્ધિ ૬.૮-૭.૨ ટકાની રેન્જમાં રહેવાનો અંદાજ જાહેર થતાં બજારને કરંટ મળ્યો હતો. નોંધવું રહ્યું કે ખાણકામ, ઉત્પાદન અને વીજળી ક્ષેત્રની મજબૂત કામગીરીને પરિણામે ડિસેમ્બર ૨૦૨૫માં ભારતનો ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ દર ૭.૮ ટકાના બે વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચ્યો છે.

અર્થતંત્ર સાબૂત હોવાના સાકરના સંકેતની બજારના માણસ પર અસર થઈ હતી. ગુરુવારે આર્થિક સર્વેક્ષણમાં સુધારાઓની સંચિત અસરને કારણે આગામી નાણાકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિ ૬.૮-૭.૨ ટકાની રેન્જમાં રહેવાનો અંદાજ રજૂ કરાયો છે અને કહેવામાં આવ્યું છે કે અર્થતંત્ર સ્થિર છે. જોકે આ અંદાજ ચાલુ નાણાકીય વર્ષમાં ૭.૪ ટકાના અંદાજ કરતાં થોડો ઓછો છે અને રૂપિયાનું અવમૂલ્યન ચિંતાજનક છે.

સરકારે જોકે આ બાબતે અલગ સ્પષ્ટીકરણ કર્યું છે. તાજેતરના મહિનાઓમાં સ્થાનિક ચલણમાં ભારે ઘટાડો થવા વચ્ચે, આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં કહેવામાં આવ્યું છે કે રૂપિયાનું મૂલ્યાંકન ભારતના મજબૂત અર્થતંત્રને સચોટ રીતે પ્રતિબિંબિત કરતું નથી. ભારત અને યુરોપે મંગળવારે મધર ઓફ ઓલ ડીલ તરીકે ઓળખાવવામાં આવેલા મહત્ત્વાકાંક્ષી મુક્ત વેપાર કરાર પર મહોર મારવાની જાહેરાત કરી છે. વોશિંગ્ટનની વિવાદાસ્પદ ટેરિફ નીતિને કારણે વૈશ્વિક વાતાવરણ અને વેપારમાં જે વિક્ષેપો સર્જાયા છે તેની પૃષ્ઠભૂમિમાં આ કરાર કરવામાં આવ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૭ દેશોના બ્લોકના ટોચના નેતાઓ, ઉર્સુલા વોન ડેર લેયન અને એન્ટોનિયો કોસ્ટા સાથે શિખર મંત્રણા કર્યા બાદ જણાવ્યું હતું કે, આજે, ભારતે યુરોપિયન યુનિયન સાથે તેના ઇતિહાસમાં સૌથી મોટો મુક્ત વેપાર કરાર (એફટીએ) પૂર્ણ કર્યો છે. આ કરાર ભારતીય અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડોલર તરફ લઇ જનારું એક મહત્ત્વનું પગલું બનશે.

એક્સચેન્જના ડેટા અનુસાર બુધવારે પાછલા સત્રમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૪૮૦.૨૬ કરોડની અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૩૩૬૦.૫૯ કરોડની લેવાલી નોંધાવી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડના ભાવ ૨.૫૦ ટકાના વધારા સાથે બેરલદીઠ ૭૦.૧૧ ડોલર બોલાયા હતા. એશિયાઇ બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, સિંગાપોરનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ સુધારા સાથે બંધ થયો હતો. જ્યારે યુરોપના બજારો ઊંચા મથાળે ટ્રેડ થઇ રહ્યા હતા. અમેરિકાના બજારો બુધવારે ફ્લેટ રહ્યા હતા.

# ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૯૨ની સપાટી સ્પર્શીને પાછો ફર્યો



મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈતરફી વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવા છતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવમાં ૨.૫૦ ટકા જેટલો ઉછાળો આવ્યો હોવાના નિર્દેશ તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી અને તેલ આયાતકારોની માસાન્તને કારણે ડૉલરમાં લેવાલી રહેતાં ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન જોવા મળેલો ૧૭ પૈસાનો સુધારો ધોવાઈ ગયો હતો અને ગઈકાલના ભાવ ટૂ ભાવ ૯૨ની વિક્રમ સપાટીની નજીક ૯૧.૯૯ના મથાળે બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૧.૯૯ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૧.૯૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૨ અને ઉપરમાં ૯૧.૮૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલની જ ૯૧.૯૯ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત ૨૩મી જાન્યુઆરીના રોજ ડૉલર સામે રૂપિયો ૯૨ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં અમેરિકી બૉન્ડની ઊપજમાં વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો બાહ્ય પ્રવાહ ઊભરતી બજારોના ચલણને દબાણ હેઠળ રાખે છે, જેમાં રૂપિયો પણ બાકાત નથી એમ ચોઈસ વૅલ્થનાં રિસર્ચ ઍન્ડ પ્રોડક્ટ વિભાગના હેડ અક્ષત ગર્ગે જણાવતા ઉમેર્યું હતું કે આ કારણ ઉપરાંત માસાન્તને કારણે તેલ આયાતકારોની લેવાલી અને રિઝર્વ બૅન્ક પણ ગબડતા રૂપિયાને અટકાવવા સક્રિય ન હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૭ ટકા ઘટીને ૯૬.૩૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૫૦ ટકા વધીને બેરલદીઠ ૭૦.૧૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૨૧.૬૯ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૭૬.૧૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ હતા.

# સોનાના વિક્રમજનક ભાવને કારણે વર્ષ ૨૦૨૫માં ભારતની માગ ૧૧ ટકા ઘટીઃ ડબ્લ્યુજીસી

મુંબઈ: વર્ષ ૨૦૨૫ દરમિયાન વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં સોનાના ભાવ વિક્રમજનક ઊંચી સપાટી આસપાસ પ્રવર્તી રહ્યા હોવાથી માગમાં ઘટાડાની સાથે ગ્રાહકોની ખરીદીનાં ચલણમાં પણ બદલાવ આવતા દેશની સોનાની માગમાં ૧૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે અને આ વર્ષે માગ ઘટીને ૭૦૦ ટન આસપાસની સપાટીએ રહે તેવી શક્યતા વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે એક અહેવાલમાં વ્યક્ત કરી છે.



ગત વર્ષ ૨૦૨૫માં ભારતની સોનાની એકંદર માગ ૧૧ ટકા ઘટીને ૭૧૦.૯ ટનના સ્તરે રહી હતી અને આ વર્ષે માગ ઘટીને ૬૦૦થી ૭૦૦ ટન આસપાસના સ્તરે રહે તેવી શક્યતા તાજેતરમાં કાઉન્સિલે જાહેર કરેલા 'ફૂલ યર ૨૦૨૫ ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ્સ' રિપોર્ટમાં જણાવ્યું છે. જોકે, સોનાના ભાવમાં તેજીનો અન્ડરટોન રહ્યો હોવાથી વર્ષ ૨૦૨૫માં મૂલ્યની દૃષ્ટિએ માગ વર્ષ ૨૦૨૪ના ૫,૭૫,૯૩૦ કરોડ સામે ૩૦ ટકા વધીને ૭,૫૧,૪૯૦ કરોડના સ્તરે રહી હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું.

વધુમાં અહેવાલમાં ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૫નાં ચોથા ત્રિમાસિકગાળામાં વિક્રમજનક ઊંચા ભાવ અને ગ્રાહકોના બદલાયેલા વલણની સ્પષ્ટ અસર જોવા મળતાં સોનાની માગ વર્ષ ૨૦૨૪નાં ચોથા ત્રિમાસિકગાળાના ૨૬૫.૮ ટનની સરખામણીમાં નવ ટકા ઘટીને ૨૪૧.૩ ટનના સ્તરે રહી હતી, જ્યારે મૂલ્યની દૃષ્ટિએ માગ ગત સાલના સમાનગાળાના રૂ. ૨,૦૩,૦૭૦ કરોડ સામે ૪૯ ટકાના દરે વૃદ્ધિ પામીને રૂ. ૩,૦૩,૪૭૦ કરોડની સપાટીએ રહી હોવાનું કાઉન્સિલના ભારત ખાતેનાં રિજિનલ ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર સચીન જૈને પીટીઆઈને જણાવ્યું હતું. ગત પહેલી જાન્યુઆરી, ૨૦૨૫નાં રોજ સ્થાનિકમાં સોનાના ભાવ જે પહેલી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦,૭૫૪ હતા તેની સામે ૬૭ ટકા વધીને રૂ. ૧,૦૧,૫૭૨ની સપાટીએ રહ્યા હતા.

કાઉન્સિલની આંકડાકીય માહિતી અનુસાર ગત વર્ષ ૨૦૨૫માં દેશમાં જ્વેલરી માટેની માગ વર્ષ ૨૦૨૪ના ૫૬૩.૪ ટન સામે ૨૪ ટકા ઘટીને ૪૩૦.૫ ટનના સ્તરે રહી હતી, જ્યારે મૂલ્યની દૃષ્ટિએ માગ વર્ષ ૨૦૨૪ના રૂ. ૪,૦૪,૫૧૦ કરોડ સામે ૧૨ ટકા વધીને રૂ. ૪,૫૪,૩૯૦ કરોડની સપાટીએ રહી હતી. એકંદરે વર્ષ ૨૦૨૫ના ચોથા ત્રિમાસિકગાળામાં લગ્નસરાની મોસમ હોવા છતાં ઊંચા ભાવને કારણે ગ્રાહકોની પોસાણક્ષમતા ઘટતાં જ્વેલરી માટેની વપરાશી માગ ૨૩ ટકા ઘટીને ૧૪૫.૩ ટનના સ્તરે રહી હોવાનું જૈને જણાવ્યું હતું.

જોકે, કાળા વાદળોમાં રૂપેરી કોર સમાન વર્ષ ૨૦૨૫ના ચોથા ત્રિમાસિકગાળામાં સોનામાં રોકાણલક્ષી માગ વર્ષાનુવર્ષ ધોરણે ૨૬ ટકા વધીને ૯૬ ટનના સ્તરે રહી હતી, જ્યારે મૂલ્યની દૃષ્ટિએ માગ બમણી અથવા તો ૧૦૮ ટકા વધીને રૂ. ૧,૨૦,૭૦૦ કરોડની સપાટીએ રહી હતી. એકંદરે સોનાના ભાવમાં જોવા મળેલી મજબૂત કામગીરી અને લાંબાગાળા માટેની પોર્ટફોલિયો હેજ માટેની માગનો ટેકો મળ્યો હોવાનું જૈને જણાવતા ઉમેર્યું હતું કે પુરવઠા સંબંધે જોઈએ તો ચોથા ત્રિમાસિકગાળામાં આયાત ગત સાલના સમાનગાળાની તુલનામાં પાંચ ટકા ઘટીને ૨૧૫.૧ ટનની સપાટીએ રહી હતી. સામાન્યપણે સોનાની આયાત માગની આસપાસ રહેતી હોય છે આથી વર્ષ ૨૦૨૫માં સોનાની આયાત ૧૭ ટકા ઘટીને ૬૬૩.૭ ટન (૮૦૧ ટન)ના સ્તરે રહી હતી.

વર્ષ ૨૦૨૫માં રિસાઈકલિંગ પણ ૨૭ ટકા ઘટીને ૨૧.૭ ટનના સ્તરે રહ્યું હતું જે દર્શાવે છે કે વિક્રમજનક ભાવ હોવા છતાં ગ્રાહકો પોતાનું હોલ્ડિંગ જાળવી રાખવા માગે છે, એમ જૈને જણાવતા ઉમેર્યું હતું કે આ વલણ આર્થિક અને બજારની અનિશ્ચિતતાના સંજોગોમાં ગ્રાહકો સોનાના સંગ્રહ મૂલ્ય પર વધુ વિશ્વાસ રાખે છે એવું પણ ફલિત કરે છે.

દરમિયાન કાઉન્સિલે અહેવાલમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫માં રિઝર્વ બૅન્કે સોનાની અનામતમાં વર્ષ ૨૦૨૪નાં ૭૩ ટન સામે ચાર ટનનો વધારો કર્યો છે. વર્ષ ૨૦૨૬માં દેશની સોનાની માગ ૬૦૦થી ૭૦૦ ટન આસપાસના સ્તરે રહેવાનો કાઉન્સિલે અંદાજ મૂક્યો છે. જોકે નીચા વ્યાજદર અને વૈશ્વિક અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતા વર્ષ દરમિયાન એક્સચેન્જ ટ્રેડેડ ફંડ અને ડિજિટલ ગોલ્ડ સહિત રોકાણલક્ષી માગ જળવાઈ રહેવાની શક્યતા અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે.

# વિશ્વ બજાર પાછળ કોપરની વેરાઈટીઓમાં આગઝરતી તેજી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે કોપરની વધી રહેલી વપરાશી માગ સામે પુરવઠા સ્થિતિ તંગ રહેતી હોવાથી આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ૬.૭ ટકાના ઉછાળા સાથે ટનદીઠ ૧૩૯૬૭ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચ્યાના અહેવાલ સાથે સ્થાનિક સ્તરે કોપરના વાયદામાં પણ તેજીનું વલણ રહેવાની સાથે હાજરમાં પણ કોપરની વિવિધ વેરાઈટીઓના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૬થી ૭૬ની આગઝરતી તેજી આવી હતી. તેમ જ કોપરની આગેવાની હેઠળ અન્ય ધાતુઓના ભાવમાં પણ કિલોદીઠ રૂ. ત્રણથી ૨૩ની આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૨૭નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૭૬ વધીને રૂ. ૧૩૬૧, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૫૬ વધીને રૂ. ૧૨૬૪, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. પંચાવન વધીને રૂ. ૧૨૩૯, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બાવન વધીને રૂ. ૧૨૫૦ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૬ વધીને રૂ. ૧૧૩૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે કોપરની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગનો ટેકો મળતાં જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૨૩ વધીને અનુક્રમે રૂ. ૩૫૧ અને રૂ. ૧૭૪૩, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને અનુક્રમે રૂ. ૮૪૫ અને રૂ. ૭૪૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૩૪૭ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૨૪૦ અને રૂ. ૧૯૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૨૭ના ઘટાડા સાથે રૂ. ૫૨૦૬ના મથાળે રહ્યા હતા.

# યુરોપિયન યુનિયન સાથેના કરારથી ચાની નિકાસની તક ખૂલશે, પરંતુ ખર્ચમાં વધારો ચિંતાનો વિષય

## હાલમાં પણ યુરોપ ખાતે કાળી ચા પરની ડ્યૂટી શૂન્ય છે તેમ છતાં કરારમાં અમુક લીલી ચાની ડ્યૂટી દૂર કરવામાં આવતાં નિકાસ વધુ મજબૂત થશે, એમ મહેતાએ જણાવવાની સાથે ટૅરિફ સિવાયના અંતરાયો નિકાસ સામેના પડકારો બાબતે ચિંતા વ્યક્ત કરી હતી

કોલકતા: ભારત-યુરોપિયન વચ્ચેનાં મુક્ત વેપાર કરાર ભારતીય ચા ઉદ્યોગ માટે નિકાસની નવી તકો ખોલે તેવી શક્યતા છે. જોકે, નિયમનકારી પાલન અને વધતા ખર્ચ ચિંતાનો મુખ્ય વિષય હોવાનું ટી એસોસિયેશન ઑફ ઈન્ડિયા (ટીઆઈએ)એ તાજેતરમાં જણાવ્યું હતું.

સત્તાવાર ધોરણે આ કરારને ભારત-યુરોપિયન યુનિયન વેપાર અને રોકાણ કરાર નામ આપવામાં આવ્યું છે. જેનો મુખ્ય ઉદ્દેશ ટૅરિફ ઘટાડીને, વેપારને અવરોધતા ટૅરિફ સિવાયના અંતરાયો દૂર કરવા અને નિયમનકારી સહકાર મજબૂત કરી દ્વીપક્ષીય વેપાર અને રોકાણને સઘન બનાવવાનો છે.

આ કરારથી યુરોપિયન યુનિયનની બજારમાં ભારતની સ્પર્ધાત્મકતા વધશે અને ભારતીય ચાનો વિસ્તારિત ધોરણે પ્રવેશ થતાં ખાસ કરીને લીલી ચાની કેટેગરીમાં ડ્યૂટી દૂર થવાની શક્યતા એસોસિયેશનના પ્રમુખ શૈલજા મહેતાએ જણાવ્યું હતું. ભારત વર્ષે અંદાજે ૧.૯થી ૨.૧ કરોડ કિલોગ્રામ ચાની યુરોપિયન યુનિયન ખાતે નિકાસ કરે છે. જેમાં જર્મની અને પોલેન્ડનો હિસ્સો બહોળો છે. હાલમાં પણ યુરોપ ખાતે કાળી ચા પરની ડ્યૂટી શૂન્ય છે તેમ છતાં કરારમાં અમુક લીલી ચાની ડ્યૂટી દૂર કરવામાં આવતાં નિકાસ વધુ મજબૂત થશે, એમ મહેતાએ જણાવવાની સાથે ટૅરિફ સિવાયના અંતરાયો નિકાસ સામેના પડકારો બાબતે ચિંતા વ્યક્ત કરી હતી.

યુરોપિયન યુનિયનના રેસિડ્યુ (અવશેષ) મર્યાદા, ખાદ્ય સલામતી, ટ્રેસિબિલિટી, પેકેજિંગ અને લેબલિંગ સંબંધિત નિયમો ભારતીય નિકાસકારો માટે મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ઉદ્યોગ નિયમનકારી, પારદર્શકતા અને વિજ્ઞાન આધારિત ધોરણોને સુનિશ્ચિત કરી જોગવાઈઓની અપેક્ષા રાખે છે. તેમ જ નવા નિયમો રજૂ કરવામાં આવે તે પૂર્વે સમયસર ઉદ્યોગ સાથે સરકાર સલાહમસલત કરે તેવો આશાવાદ રાખે છે.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૧૨નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ના સુધારા સાથે રૂ. ૩૬૮૦થી ૩૭૨૦ના મથાળે થયાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં એકંદરે મજબૂત માગ અને અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી તેના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨નો સુધારો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ માત્ર મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

દરમિયાન ગત મંગળવારે ખાદ્યાન્ન અને જાહેર વિતરણ વિભાગે આગામી ફેબ્રુઆરી મહિનાના મુક્ત વેચાણ માટે ૨૨.૫૦ લાખ ટન ખાંડ છૂટી કરી હોવાનું એક યાદીમાં જણાવ્યું હતું. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં અંદાજે ૩૧થી ૩૨ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, એકંદરે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં હાજરમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૨થી ૩૮૫૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેમ જ રિટેલ માગ પ્રબળ રહેતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ના સુધારા સાથે રૂ. ૩૯૦૨થી ૩૯૬૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૦થી ૩૭૭૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૨૦થી ૩૮૮૦માં થયાના અહેવાલ હતા.



# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝુકાવ્યું: પાદુકા પૂજન કર્યું



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી અને રાજ્યના નાગરિકોની સુખ, શાંતિ તથા સમૃદ્ધિ માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી. આ અવસરે તેમણે શાસ્ત્રોક્ત વિધિ મુજબ પાદુકા પૂજન કરી મંદિર પરિસરમાં ઉપસ્થિત દર્શનાર્થીઓનું ''જય દ્વારકાધીશ'' ના નાદ સાથે અભિવાદન ઝીલ્યું હતું, જ્યાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તેમને સ્મૃતિચિહ્ન અને પ્રસાદ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.





**તંત્ર અને રહેવાસીઓ આમને સામને:**

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં તંત્ર દ્વારા આશરે ૧,૩૫૭ પરિવારને સાત દિવસમાં જગ્યા ખાલી કરવાની નોટિસ અપાતા મામલો ગરમાયો હતો. આ નોટિસના વિરોધમાં મોટી સંખ્યામાં સ્થાનિકો જિલ્લા કલેક્ટર કચેરીએ ન્યાયની માગ સાથે ઊમટી પડ્યા હતા. લોકોના ભારે ધસારાને જોતા કલેક્ટર કચેરી પરિસરમાં કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તહેનાત કરી દેવામાં આવ્યો છે. એક તરફ સરકારી જગ્યા પર દબાણ હટાવવા તંત્ર મક્કમ છે, તો બીજી બાજુ પોતાની છત બચાવવા રહેવાસીઓ મથી રહ્યા છે. (પ્રવિણ સેદાની)

# પૂર્વ કચ્છમાં ૬૪૮ જેટલા બાકીદારોના વીજ જોડાણ કપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વીજતંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવેલી 'મેગા વીજ કલેક્શન ડ્રાઈવ' અંતર્ગત પૂર્વ કચ્છના ભચાઉ સામખિયાળી, ગાંધીધામ, આદિપુર, રામબાગ, મેઘપર તથા અંજાર પેટા વિભાગીય કચેરીઓના વિસ્તારમાં, વીજતંત્રની બહારની ૪૨ અને સ્થાનિક ૫૧ સહિત ૯૩ જણની ટૂકડી દ્વારા ૬૪૮ જેટલા બાકીદારોનાં વીજ જોડાણોને કાપવામાં આવ્યાં હોવાની સાથે રૂ. ૨.૨૬ કરોડની વસૂલાત કરવામાં આવી હતી.

હાલ આ મેગા ડ્રાઈવ હેઠળ ઉદ્યોગો તથા કોમર્શિયલ વીજ જોડાણ ઉપર કાર્યવાહી કરવામાં આવી હતી, આગામી સમયમાં ખેતીવાડી અને રહેણાક પ્રકારના વીજ જોડાણો ધરાવતા, લાંબા સમયથી વીજબીલ ભરપાઈ ન કરનાર ગ્રાહકો સામે કાર્યવાહી આદરવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે.

જે ગ્રાહકોના વીજ કનેક્શનો કાપવામાં આવ્યા છે, તેમણે કેવાયસી માટે મિલકત આધાર-પુરાવા તથા ભરવાપાત્ર સિક્યુરિટી ડિપોઝિટ તેમજ રિ-કનેક્શન ચાર્જ ભરવામાં આવશે તે પછી જ પુનઃ વીજજોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત આગામી ૩૦મી જાન્યુઆરીના રોજ ભુજ વર્તુળ કચેરી ખાતે ડ્રાઇવ યોજાવાની છે, જેમાં ભુજ ગ્રામીણ કુકમા તથા ભુજોડી પેટા વિભાગીય કચેરીનો સમાવેશ થઈ રહ્યો છે, જે ગ્રાહકોએ વીજ જોડાણ કાપવાથી બચવા માટે તાત્કાલિક વીજ બિલના લેણા ભરી દેવા વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# અમદાવાદ બાદ હવે ઐતિહાસિક શહેર જૂનાગઢમાં પણ 'હેરિટેજ વોક'નો પ્રારંભ

અમદાવાદ: ગુજરાતના હેરિટેજ સિટી અમદાવાદની જેમ હવે ઐતિહાસિક નગરી જૂનાગઢમાં પણ ભવ્ય સ્થાપત્યોના સંવર્ધન અને જાગૃતિ માટે 'હેરિટેજ વોક'નો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ટ્રાયલરૂપે આયોજિત આ અસ્મિતા યાત્રામાં સવાણી હેરિટેજ અને અતુલ્ય વારસોની ટીમ સહયોગી સંસ્થા તરીકે જોડાઈ હતી. શૈક્ષણિક પ્રવાસનના ભાગરૂપે શરૂ કરાયેલા આ નમ્ર પ્રયાસનો મુખ્ય ઉદ્દેશ્ય તત્કાલીન સમયની ભવ્યતા અને દિવ્યતાને ઉજાગર કરતા સ્મારકોથી વર્તમાન પેઢીને માહિતગાર કરવાનો અને આ ઐતિહાસિક વિરાસત પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. આ નવતર આયોજન અંગે આયોજકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, હેરિટેજ શિક્ષણના હેતુસર કરવામાં આવેલી આ સુવ્યવસ્થિત શરૂઆત આગામી સમયમાં પ્રવાસન ક્ષેત્રે નવા માર્ગો મોકળા કરશે. જૂનાગઢમાં આજે પણ અનેકવિધ પ્રાચીન સ્થાપત્યો મોજૂદ છે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની શકે છે. આ હેરિટેજ વોક થકી શહેરની ઐતિહાસિક અસ્મિતા જળવાઈ રહેશે અને સ્થાનિક પ્રવાસનને પણ નવો વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ગુજરાત હાઈ કોર્ટે પોક્સોની આજીવન કેદની સજા સ્થગિત કરી, આરોપીને જામીન પર મુક્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: બે વર્ષ પહેલાં એક સગીરાનું અપહરણ કર્યા બાદ, દુષ્કર્મ ગુજારવાના પોક્સોના કેસમાં નામદાર સ્પેશ્યલ પોક્સો કોર્ટે આરોપીને આજીવન કેદની સજા મુકરર કરી હતી, જે હુકમ સામે આરોપીએ અપીલ કરતા ગુજરાત હાઈ કોર્ટે આરોપીની સજાને સ્થગિત કરી જામીન ઉપર મુક્ત કરવા હુકમ કર્યો હતો. આ કેસની ટૂંકમાં મળેલી વિગતો મુજબ ફરિયાદીની સગીર પુત્રી આરોપી મજીદ મીઠાખાન હિંગોરજાના છકડામાં હાઈસ્કૂલે જતી હતી. આ દરમ્યાન ગત વર્ષ ૨૦૨૪માં કથિત રીતે સગીરાનું મજીદે અપહરણ કરી, નિર્જન જગ્યાએ લઇ જઈને દુષ્કર્મ ગુજાર્યું હોવા અંગે ફરિયાદ નોંધાવી હતી. માધાપર પોલીસે તત્કાળ આરોપી છકડા ચાલકની ધરપકડ કરી, ચાર્જશીટ રજૂ કરી હતી. ત્યારબાદ સ્પેશિયલ પોક્સો અદાલતે મજીદ મીઠાખાન હિંગોરજાને તકસીરવાન ઠેરવી તેને આજીવન કેદની સજાનો હુકમ કર્યો હતો. આરોપીએ આ હુકમ સામે અપીલ કરતાં ગુજરાત હાઈ કોર્ટે બન્ને પક્ષકારોની દલીલો સાંભળી સજાનો હુકમ સ્થગિત કરી, તેને જામીન ઉપર મુક્ત કરવા આદેશ કર્યો હતો. હાઈ કોર્ટમાં આરોપીના વકીલ તરીકે એ.એ.ઝબુઆવાલા અને સ્થાનિકે એચ.એ.ખોજા, એસ.જી.માંજોઠી, કે.આઈ. સમા,વીકે. સાંધ, આઈ.એ. કુંભાર, ડી.સી. ઠક્કર હાજર રહ્યા હતા.

# ગાંધીધામમાં માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે દુકાનદારની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સીમાવર્તી કચ્છમાં નશાખોરીના વ્યાપક બની ચૂકેલા દૂષણ વચ્ચે ગાંધીધામના આંબેડકર નગર વિસ્તારમાં સ્થિત એક કરિયાણાની દુકાનમાં ગાંજાનું છૂટક વેંચાણ કરતા શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી પાડી, રૂ. ૨૩,૯૦૦ના મૂલ્યનો ૪૭૮ ગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીધામના આંબેડકર નગર પાછળની કાર્ગો ઝૂંપડપટ્ટી વસાહતમાં નામ વગરની કરિયાણાની દુકાનમાં ગાંજો વેંચાતો હોવાની પૂર્વ બાતમીના આધારે પોલીસે રાત્રીના સમયે અહીં દરોડો પાડ્યો હતો અને ગુડ્ડુ વાનાસુર પાસવાન નામના દુકાનદારને અટકમાં લઇ, તપાસ કરવામાં આવી હતી જેમાં લાકડાના ખાનામાં રહેલા પ્લાસ્ટિકના ઝબલાંમાંથી લીલા રંગનો ભીનો-સૂકો,બી, ડાળખાં સાથેનો રૂ.૨૩,૯૦૦નો ૪૭૮ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો.

આ કાર્યવાહી દરમ્યાન માદક પદાર્થ આપવા માટેનો વજન કાંટો, રોકડ રૂપિયા, મોબાઈલ ફોન સમેત કુલ રૂ. ૩૨,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

વીસેક દિવસ અગાઉ મૂળ બિહારના દિલીપ જુગેશ્વર પાસવાન નામના શખ્સ પાસેથી ગુડ્ડુએ આ માદક પદાર્થ વેચાતો લીધો હોવાનું તેણે પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું હતું.

ઝડપાયેલાં આરોપી તેમજ દિલીપ જુગેશ્વર પાસવાન વિરુદ્ધ નાર્કોટીક્સની વિવિધ કલમો તળે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભુજમાં સગીરાના અપહરણ-દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ, ૫૮ હજારનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આજથી -પોણા ચાર વર્ષ અગાઉ એક ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરી, દુષ્કર્મ ગુજારનારા આરોપી અખિલેશ ગુરુચરણ શર્મા (રહે. મૂળ ઉત્તર પ્રદેશ, હાલે નવી દિલ્હી)ને ભુજની નામદાર સ્પેશિયલ પોક્સો અદાલતે ૨૦ વર્ષની સખત કેદ તથા ૫૮ હજારના દંડની સજા ફટકારતો ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, આરોપી અખિલેશ શર્મા બે માસ માટે ભુજમાં આવેલા ફરિયાદીના ઘરે રોકાયો હતો. આ બે માસ દરમ્યાન ફરિયાદીની ૧૪ વર્ષની સગીર બહેન સાથે આરોપીએ રાત્રિના સમયે મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો અને જાનથી મારી નાખવા ધમકી આપી હતી. ત્યારબાદ અખિલેશે ભોગ બનનારને લગ્નની લાલચ આપી દિલ્હી ખાતે પોતાની સાથે રહેવા જણાવતાં તે સહમત થઈ જતાં તેને લલચાવી-ફોસલાવી તા. ૭-૫-૨૦૨૨ના રોજ સહઆરોપીની મદદ વડે સગીરાનું અપહરણ કરાવી દિલ્હી લઈ ગયા હતા. જ્યાં પણ ભોગ બનનારની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધી દુષ્કર્મ ગુજાર્યાની વિગતો સાથેની ફરિયાદ એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ હતી. પૂરતા પુરાવા સાથે અદાલત સમક્ષ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આ કેસ સ્પે.પોક્સો અદાલતના જજ જે.એ.ઠક્કર સમક્ષ ચાલી જતાં ફરિયાદ પક્ષે ૨૩ દસ્તાવેજી પુરાવા તથા ૧૨ સાક્ષીઓની જુબાની તપાસી આરોપી અખિલેશને વિવિધ કલમો તળે તકસીરવાન ઠેરવીને ૨૦ વર્ષની સખત કેદની સજા તથા કુલ દંડ રૂ.૫૮ હજાર જે ભોગ બનનારને વળતર ચૂકવવા હુકમ કર્યો હતો. આ ઉપરાંત ભોગ બનનારને રૂ. ચાર લાખનું વળતર ચૂકવવા માટે ડી.એલ.એસ.એ.ને ભલામણ કરવા હુકમ કરી સી.ડબલ્યુ.સી. તથા ડી.સી.પી.યુ.ને સગીરાનું આગળનું જીવન તથા શિક્ષણ સારી રીતે પુનઃ સ્થાપિત થાય તેની કાળજી લઈ યોગ્ય માર્ગદર્શન આપવા આદેશ કર્યો હતો. ફરિયાદ પક્ષે મુખ્ય જિલ્લા સરકારી વકીલ એચ.બી. જાડેજાએ કોર્ટ રૂમમાં હાજર રહીને દલીલો કરી હતી.

# ભુજ-માધાપર ધોરીમાર્ગ પર સ્કૂટરને ટ્રકે અડફેટમાં લેતાં પત્નીનું મોત, પતિ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ધીરે-ધીરે અકસ્માત ઝોન બની ચૂકેલા ભુજ-માધાપર ધોરીમાર્ગ પર અંજારથી સ્કૂટરમાં આવી રહેલા દંપતીને એક ભારે વાહને પાછળથી ટક્કર મારી દેતાં સર્જાયેલા પ્રાણઘાતક અકસ્માતમાં પત્નીનું ગંભીર ઇજાઓને પગલે મોત નીપજ્યું હતું જયારે પતિને ઈજાઓ પહોંચી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી જાણવા મળેલી વિગતો મુજબ, અંજાર શહેરના નવકાર હોમ્સ ખાતે રહેતા હરદાસભાઇ ચંદાણી તથા તેમના પત્ની જાગૃતિબેન એક્ટિવા પર સવાર થઈને અંજારથી ભુજ આવી રહ્યા હતા. તેઓ માધાપર પોલીસ મથકના સર્કલથી આગળ અને કાસમશા પીર દરગાહ વચ્ચે પહોંચ્યા ત્યારે પાછળથી ધસમસતા આવેલા ટ્રેઇલરે એક્ટીવાને ટક્કર મારતાં પાછળ બેઠેલા જાગૃતિબેન નીચે પટકાયાં હતાં અને પતિની નજર સમક્ષ તોતિંગ ટ્રેઇલર ફરી વળતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

હરદાસભાઈને ભુજની જી.કે જનરલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. પોલીસે ટ્રેઇલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી તરફ, ગાંધીધામ તાલુકાના ચુડવા ગામમાં રહેનાર અખિલેશ જયાહીર કુશવાહા (ઉ.વ.૨૦)એ પત્ની સાથે થયેલી બોલાચાલીના મનદુઃખમાં ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું.

બીજી તરફ, તાલુકાના ચુડવા ગામના સીમ વિસ્તારમાં આવેલા એક ખાનગી પ્લોટમાં રહેનાર પરપ્રાંતીય યુવાન અખિલેશનો ગત તા. ૨૬-૧ના રાત્રે પોતાની પત્ની સાથે કોઈ મુદ્દે ઝઘડો થયો હતો, જેમાં તેને લાગી આવતાં ગળેફાંસો ખાઈ પોતાના જીવનનો અંત આણ્યો હતો.

આ કરુણ બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# ખાડીના દેશોમાં કચ્છની સરહદ ડેરીના દૂધ ઉત્પાદન ઉપલબ્ધ કરાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ૨૬થી ૩૦ જાન્યુઆરી દરમ્યાન દુબઈના દુબઈ વર્લ્ડ ટ્રેડ સેન્ટર અને એક્ઝિબિશન સેન્ટરમાં આયોજિત વિશ્વના સૌથી મોટા 'ગલ્ફ ફૂડ એક્સ્પો' ખાતે કચ્છની સરહદ ડેરીમાં ઉત્પાદન કરવામાં આવતી, આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ કેમલ મિલ્ક સહિતની દૂધની વિવિધ બનાવટોને હવે ખાડીના દેશોમાં ઉપલબ્ધ કરાવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવતાં ગુજરાતના પશુપાલન ક્ષેત્રને વૈશ્વિક બજારમાં એક આગવી ઓળખ મળશે અને પશુપાલકો માટે નવા અવસરના દ્વાર ખૂલશે.

દુબઈમાં આયોજિત ગલ્ફ ફૂડ એક્સ્પોમાં ૧૯૫ દેશમાંથી આવેલા ૮૫૦૦થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે. કચ્છની સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલ તથા ડેરીના પ્લાન્ટ મેનેજર વિશ્વજીત બેનર્જીએ આ એક્સ્પોની મુલાકાત લીધી હતી. અહીં 'નોવેલ આઈસ્ક્રીમ'ના પ્લાન્ટ ચેરમેન ઈસ્માઈલ મરઝુકી, કો-ફાઉન્ડર સાનિજ પી.કેએ વલમજી હુંબલનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું અને આઈસ્ક્રીમ પ્લાન્ટની મુલાકાત દરમિયાન ગુણવત્તા નિયંત્રણ અને આધુનિક ટેકનોલોજી અંગે માહિતી આપી હતી. દુબઈ સ્થિત ન્યુટ્રીડોર ડેરી મેન્યુફેક્ચારિંગ એલ.આઇ.સી ની પણ આ કચ્છીઓએ મુલાકાત લીધી હતી જેમાં હેડ ઓફ ક્વોલિટી, રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ વિભાગના સંજય ભટાચાર્યએ પ્લાન્ટની એ.આઈ આધારિત પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપ્યું હતું તેમજ ઉત્પાદન પ્રક્રિયામાં અપનાવવામાં આવતી અદ્યતન ટેકનોલોજી તેમજ આધુનિક પેકેજીંગ સિસ્ટમ અંગે માહિતી આપી હતી.

આ અંગે સરહદ ડેરીના ચેરમેર વલ્લભજી હુંબલે જણાવ્યું હતું કે, ગલ્ફ ફૂડ એક્સ્પો એ ડેરી ક્ષેત્ર માટે વૈશ્વિક પ્લેટફોર્મ પ્રદાન કરે છે, નવું બજાર તથા નિકાસની તકો તેમજ નેટવર્કિંગ અને નવા ભાગીદારો તેમજ ઉદ્યોગ વિકાસ જેવા અનેક લાભો ડેરી ઉદ્યોગને મળે છે. આવનારા સમયમાં દૂધ તથા દૂધની બનાવટો અને વૈશ્વિક સ્તરે લઈ જઈ શકાય તેમ છે. જુદા જુદા દેશના પ્રતિનિધિઓ સાથે તેમજ તેમના સ્ટોલની મુલાકાત લઈને વિશ્વસ્તરે ફૂડ ડેરી અને કૃષિની ઉપલબ્ધિઓ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. અહીં વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે આયોજિત બેઠકમાં સરહદ ડેરીનું ગુણવત્તા યુક્ત દૂધ હવે ખાડીના દેશોમાં પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવતાં આંતરરાષ્ટ્રીય ભાગીદારી દ્વારા કચ્છ-ગુજરાતના પશુપાલકો માટે નૂતન પણ પડકારજનક અવસરોના દ્વાર ખૂલશે તેમ ઉમેર્યું હતું. આ બેઠકમાં ચેરમેન સાથે મેનેજર ઉપરાંત એફપીઓ પ્રોજેક્ટના સંચાલક અનિલ મહેતા તેમ જ દુબઈ સ્થિત જી આર કે સી-જી આર ઓ પી કંપનીના ભારતીય ડિરેક્ટર અરુણ પિલ્લે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ એઈમ્સમાંથી ગુમ ડૉક્ટર મળી આવ્યો, ગ્રામજનોએ તેને આપઘાત કરતો અટકાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ-જામનગર રોડ પર આવેલી એઈમ્સ હૉસ્પિટલનો એમબીબીએસનો વિદ્યાર્થી રતન મેઘવાલ મંગળવારે મોડી રાતથી ગાયબ હતો. બુધવારે આ બાબત ધ્યાનમાં આવતા હૉસ્પિટલ અને હૉસ્ટેલમાં દોડધામ મચી હતી અને પછી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી.

સીસીટીવી ફૂટેજ જોતા રતન મંગળવારે મોડી રાત્રે હૉસ્ટેલની બહાર નીકળ્યો હતો અને શહેરની બહાર આવેલા પરાપીપળિયા તરફ ગયો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. દરમિયાન આ વિદ્યાર્થીએ વૉટ્સ એપ ગ્રૂપ પર સ્યૂસાઈડ નોટ મૂકી હોવાનું પણ ચર્ચાતું હતું.

યુવક અહીંના રેલવે ફાટક નજીક પહોંચ્યો હતો. યુવકના હાલચાલ જોતા તે શંકાસ્પદ જણાતો હતો. અહીંના સતર્ક ગ્રામજનોએ તેના પર નજર રાખી હતી. દરમિયાન ટ્રેન આવતા યુવક આપઘાત માટે ટ્રેક તરફ દોડ્યો હતો.

ગ્રામજનો પણ તેની પાછળ દોડ્યા હતા અને યુવક લગભગ ૫૦૦ મીટર દોડી ગયો હતો, પરંતુ તેને બચાવી લીધો હતો. ત્યારબાદ પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

મળતી વિગતો અનુસાર પ્રેમપ્રકરણમાં નાસીપાસ થયા બાદ અથવા એકતરફી પ્રેમ પ્રકરણમાં યુવકે આવું પગલું ભરવા ગયો હોવાનું માનવામાં આવે છે. આ અંગે સત્તાવાર માહિતી મળી નથી. પોલીસ વિશેષ તપાસ હાથ ધરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સમાજમાં નફરત ફેલાય તેવા મેસેજ પોસ્ટ કરવા બદલ એકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લાના મૂળ દ્વારકા ગામમાં હિન્દુ અને મુસ્લિમ સમુદાયો વચ્ચે નફરત ફેલાવવાના હેતુથી સોશ્યલ મીડિયા પર ભડકાઉ પોસ્ટ શેર કરવાના આરોપમાં કોડિનાર પોલીસે એક આરોપીની ધરપકડ કરી હતી.

આ વાંધાજનક પોસ્ટ વાયરલ થઈ હતી, જેના કારણે પોલીસે ઝડપી કાર્યવાહી કરી હતી.

પોલીસને પોસ્ટ વિશે જાણ થયા પછી, તપાસમાં જાણવા મળ્યું કે આ પોસ્ટ ફિરોઝ ખારાઈ નામના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી અપલોડ કરવામાં આવી હતી. અધિકારીઓએ પોસ્ટના સ્રોતને શોધવા માટે એકાઉન્ટના કોલ ડિટેલ રેકોર્ડ્સ સહિત ટેક્નિકલ ડેટાની ઊંડાણપૂર્વક તપાસ કરી હતી.

તપાસમાં જાણવા મળ્યું હતું કે અજગર અનવર ખારાઈ આ કૃત્યમાં સામેલ હતો. આરોપીએ કથિત રીતે બીજા વ્યક્તિનું ચોરેલું સિમ કાર્ડ મેળવ્યું હતું અને બીજા કોઈના નામે નકલી ઇન્સ્ટાગ્રામ આઈડી બનાવ્યું હતું. આ એકાઉન્ટનો ઉપયોગ કરીને તેણે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા અને સાંપ્રદાયિક તણાવ પેદા કરવાના કથિત હેતુથી પોસ્ટ મૂકી હતી.

કોડિનાર પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત જોગવાઈઓ અને આઈટી ઍક્ટની કલમ ૬૬ઈ હેઠળ કેસ નોંધ્યો હતો અને તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, પરંતુ જો અન્ય લોકોએ આ ગુનામાં મદદ કરી હોવાનું જણાશે તો વધુ કાર્યવાહી કરવામાં આવશે.

ગીર સોમનાથ પોલીસે જાહેર જનતાને કડક ચેતવણી આપી છે કે, સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ધર્મ, જાતિ સંબંધિત પોસ્ટ્સ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

કોઈપણ વ્યક્તિ વાંધાજનક પોસ્ટ શેર કરશે અથવા આવી પોસ્ટને વાઇરલ કરશે તો તેને કડક કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે.

# ભાવનગરમાં હેડ કોન્સ્ટેબલને આત્મહત્યા માટે મજબૂર કરવા બદલ પીએસઆઈ સામે ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગર જિલ્લાના ઘોઘા પોલીસ મથકમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ગોહિલના આત્મહત્યા કેસમાં આખરે આઠ દિવસ બાદ મોટો વળાંક આવ્યો હતો. આ મામલે ઘોઘા પોલીસ મથકના જ પીએસઆઈ બી.કે. ગોસ્વામી વિરુદ્ધ આત્મહત્યા માટે મજબૂર કરવા બદલ ગુનો નોંધવામાં આવતા પોલીસ આલમમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. મૃતકના પિતા, જેઓ પોતે નિવૃત્ત પોલીસ કર્મચારી છે, તેમણે આ અંગે વિધિવત ફરિયાદ દાખલ કરી હતી. પરિવારનો સ્પષ્ટ આક્ષેપ છે કે પીએસઆઇ દ્વારા કરવામાં આવતા સતત માનસિક ત્રાસ અને હેરાનગતિના કારણે જ દિગ્વિજયસિંહે જીવન ટૂંકાવવાનું અંતિમ પગલું ભર્યું હતું.

ઘટનાની વિગતો મુજબ, ગત ૧૨ જાન્યુઆરીના રોજ હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ગોહિલે ઘોઘા તાલુકાના ભૂતેશ્વર ગામ નજીક પોતાની કારમાં જ ઝેરી દવા પી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને પ્રથમ ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ ભાવનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૧૦ દિવસ સુધી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ ગત ૨૨ જાન્યુઆરીના રોજ તેમનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુ બાદ પરિવારજનોએ ન્યાયની માંગ સાથે આક્ષેપ કર્યો હતો કે પીએસઆઇ ગોસ્વામી દ્વારા કરવામાં આવતું કથિત શોષણ દિગ્વિજયસિંહના મૃત્યુનું મુખ્ય કારણ હતું.

આ કેસમાં પરિવારના સતત વિરોધ અને ન્યાયની માગણી બાદ અંતે આઠ દિવસ પછી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ચાલુ ફરજ દરમિયાન એક પોલીસ કર્મચારીએ પોતાના જ ઉપરી અધિકારીના ત્રાસથી આત્મહત્યા કરી હોવાના આક્ષેપ સાથે નોંધાયેલી આ ફરિયાદના કારણે સમગ્ર જિલ્લા પોલીસ બેડામાં ચર્ચાઓ જાગી હતી. હાલ પોલીસે પીએસઆઈ બી.કે. ગોસ્વામી વિરુદ્ધ ગુનો નોંધી આ ચકચારી આત્મહત્યા કેસની ઊંડી તપાસ શરૂ કરી હતી.